અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૦૮ ઓક્ટોબર ૨૦૨૩, રવિવાર | વર્ષ : ૧૫ | તંત્રી : પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. ૨.૦૦
વિક્રમ સંવત ૨૦૭૯, ભાદરવો વદ નોમ | અંક : ૭૩ | અમદાવાદ | પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

### ઈઝરાયેલમાં આતંકી સંગઠન હમાસ સાથે યુદ્ધ

## ઈઝરાયેલ પર હમાસના હુમલામાં ૪૦થી વધુનાં મોત, ૫૦૦થી વધુ ઘાયલ થયા



### ઈઝરાયલનાનેશનલસિક્યોરિટીમિનિસ્ટરેનેશનલઈમરજન્સીનીજાહેરાતકરી, હમાસેઈઝરાયેલનાજુદાજુદાવિસ્તારોમાં૫૦૦૦થીવધુરોકેટઝિંક્યા

। જેરુસલેમ, તા.૭ ।

ઈઝરાયલ અને ગાઝા પટ્ટીમાં સક્રિય આતંકી સંગઠન હમાસ વચ્ચે યુદ્ધ ભડકી ગયું છે. ઈઝરાયલના વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહૂએ પણ આ મામલે પોતે ટ્વિટ કરીને ઈઝરાયલ યુદ્ધની સ્થિતિમાં છે તેવી જાહેરાત કરી દીધી છે. આ દરમિયાન મોટા અહેવાલ એવા મળી રહ્યા છે કે હમાસ દ્વારા કરાયેલા હુમલામાં અત્યાર સુધીમાં કુલ ૪૦થી વધુ ઈઝરાયલી નાગરિકો મૃત્યુ પામી ચૂક્યા છે જ્યારે ઘાયલોની સંખ્યા ૫૦૦ને વટાવી ગઈ છે. ઉલ્લેખનીય છે કે હમાસ દ્વારા ઈઝરાયલ પર કરાયેલા હુમલા એટલા ભયાનક હતા કે તેના વિવિધ શહેરોમાં જુદા જુદા વિસ્તારોમાં ૫૦૦૦થી વધુ રોકેટ ઝિંકવામાં આવ્યા હતા. આ હુમલાને પગલે જ ઈઝરાયલમાં ચારેકોર હાહાકાર મચી ગયો હતો. ત્યારબાદ ઈઝરાયલી ગુસ્સામાં સીધો બદલો લેતાં ગાઝા પટ્ટીમાં હમાસના ઠેકાણાઓને નિશાન બનાવતાં અંધાધૂંધ એરસ્ટ્રાઈક કરી દીધી હતી. ઈઝરાયલના વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહૂએ આ દરમિયાન એક વીડિયો શેર કરીને દેશમાં યુદ્ધની સ્થિતિ સર્જાઈ ગઈ હોવાની માહિતી આપી હતી. તેમણે ધમકીભર્યા શબ્દોમાં કહ્યું હતું કે ઈઝરાયલ હવે યુદ્ધ આરંભી રહ્યું છે અને હમાસે હવે આ હુમલાની કિંમત ચૂકવવા તૈયાર રહેવું જોઈએ. તેમણે શરૂઆત કરી છે અને અમે ખતમ કરીશું. તેણે વિચાર્યું પણ નહીં હોય તેવું તેને નુકસાન પહોંચાડીશું. ઈઝરાયલના નેશનલ સિક્યોરિટી મિનિસ્ટરે નેશનલ ઈમરજન્સીની જાહેરાત કરી દીધી હતી. બીજી બાજુ વડાપ્રધાન મોદી સહિત, બ્રિટનના વડાપ્રધાન ઋષિ સુનક, ફ્રાન્સના રાષ્ટ્રપતિ ઈમેનુએલ મેક્રોં અને વિવિધ દિગ્ગજ નેતાઓએ ટ્વિટ કરીને ઈઝરાયલ પ્રત્યે સમર્થન જાહેર કર્યું હતું અને હમાસ દ્વારા કરાયેલા હુમલાની આકરી ટીકા કરી હતી. અગાઉ ઈઝરાયલ પેલેસ્ટિનિયન વચ્ચે લાંબા સમયથી તણાવપૂર્ણ સ્થિતિ જોવા મળી રહી હતી, એવામાં આજે વહેલી સવારે પેલેસ્ટિનિયન આતંકવાદીઓ દ્વારા ડઝનેક રોકેટ છોડી ઈઝરાયેલને હચમચાવી નાખ્યું હતું. ગાઝા સ્ટ્રીપ પરથી ઈઝરાયેલ પર હુમલો કરવામાં આવ્યો હોવાની જાણકારી મળી રહી છે. એક અહેવાલ મુજબ, બે શહેરો એશ્કેલોન અને તેલ અવીવ પર ઘણાબધા રોકેટ છોડી હુમલો કરવામાં આવ્યો હતો. ઈઝરાયેલની ગાઝા પટ્ટી પર યુદ્ધની સ્થિતિ સર્જાઇ છે. આ ભાગમાં સતત રોકેટ હુમલાઓ થઈ રહ્યા છે. જેની વચ્ચે હવે ઈઝરાયેલે આ વિસ્તારને 'સ્ટેટ ઓફ વૉર' જાહેર કર્યું છે, અને યુદ્ધની પરિસ્થીતી જન્મી છે. ઈઝરાયેલે નાગરિકોને સુરક્ષા સ્થળો પર ખસી જવા માટે પણ અપીલ કરી છે. રિપોર્ટ અનુસાર, વહેલી સવારે થયેલ આ રોકેટ એટેક લગભગ ૩૦ મિનિટ સુધી ચાલ્યો હતો. ઈઝરાયેલના એક સંરક્ષણ અધિકારીએ જણાવ્યું કે, દક્ષિણ ઈઝરાયેલમાં એક ઈમારત પર રોકેટ પડતાં ૭૦ વર્ષની એક મહિલા ગંભીર રીતે ઘાયલ થઈ છે. આ સિવાય એક ૨૦ વર્ષીય યુવકને પણ થોડી ઈજા થઈ છે. ઉપરાંત એક વ્યક્તિનું મોત થયાના સમાચાર મળી રહ્યા છે. ઈઝરાયેલે આ આંતકી હુમલાને સરપ્રાઈઝ એટેક ગણાવ્યો છે. સોશિયલ મીડિયા પર ઘણા વીડિયો વાયરલ થઈ રહ્યા છે, જેમાં આતંકીઓ રસ્તા પર ફરતા જોવા મળે છે. જોકે, આ વીડિયો અંગે કોઈ પુષ્ટિ થઈ નથી. અશ્કેલોન અને તેલ અવીવમાં સૈનિકોની સંખ્યામાં વધારો કરવામાં આવ્યો છે. આ વિસ્તારમાં ઓછામાં ઓછા ૧૦૦ વર્ષથી આ સંઘર્ષ ચાલી રહ્યો છે. વેસ્ટ બેંક, ગાઝા પટ્ટી અને ગોલાન હાઈટ્સ જેવા વિસ્તારો પર વિવાદ ચાલી રહ્યો છે. પૂર્વ જેરુસલેમ સહિત આ વિસ્તારો પર પેલેસ્ટાઈન દાવો કરે છે.

### ન્યૂઝ બ્રિફ

## સિક્કિમ-પશ્ચિમ બંગાળમાં વરસાદ બાદ તબાહી મચી



। નવી દિલ્હી, તા.૭ ।

દેશના અનેક વિસ્તારોમાં ભારે વરસાદ બાદ સ્થિતિ કાબૂ બહાર છે. હવામાન વિભાગે પૂર્વ, ઉત્તર-પૂર્વ ભારત અને દેશના ઘણા ભાગોમાં ભારે વરસાદની આગાહી કરી છે. જો રાજધાની દિલ્હીની વાત કરીએ તો પાછલા દિવસોની સરખામણીએ હવામાનમાં ફેરફાર જોવા મળ્યો છે, જેના કારણે દિલ્હીમાં તાપમાન ૧૯.૪ ડિગ્રી સેલ્સિયસ પર પહોંચી ગયું છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, દિલ્હીમાં આજે મહત્તમ તાપમાન ૩૫ ડિગ્રી રહેવાની શક્યતા છે, જ્યારે લઘુત્તમ તાપમાન ૨૦ ડિગ્રી રહેવાની શક્યતા છે. આ સાથે રાજધાનીના હવામાનમાં આગામી કેટલાક દિવસો સુધી કોઈ ખાસ ફેરફાર જોવા નહીં મળે. આ ઉપરાંત આજે ઉત્તર પ્રદેશના કેટલાક વિસ્તારોમાં હળવો વરસાદ પણ જોવા મળી શકે છે. આ સિવાય આજે ઝારખંડના ઘણા જિલ્લાઓમાં ભારે વરસાદની ચેતવણી પણ જારી કરવામાં આવી છે.જેના કારણે આજે ઘણા જિલ્લાઓમાં ભારે વરસાદની ચેતવણી જારી કરવામાં આવી છે.

## એશિયન ગેમ્સમાં મહિલા કબડ્ડી ટીમે ગોલ્ડ મેડલ જીત્યો

### બાંગ્લાદેશને હરાવીને ફાઇનલમાં જગ્યા બનાવી હતી, ટીમ ઈન્ડિયાએ તેને ૯ વિકેટે હરાવ્યું હતું, અફઘાનિસ્તાને સેમીફાઈનલમાં પાકિસ્તાનને ૪ વિકેટે હરાવ્યું હતું

। નવી દિલ્હી, તા.૭ ।

એશિયન ગેમ્સ ૨૦૨૩માં ભારતે ૧૦૦મો મેડલ જીત્યો છે. મહિલા કબડ્ડી ટીમે ફાઈનલમાં ચાઈનીઝ તાઈપેને હરાવીને ભારતને તેનો ૧૦૦મો મેડલ અપાવ્યો હતો. ટીમ ઈન્ડિયાનો આ ૨૫મો ગોલ્ડ હતો. ભારતે ફાઈનલમાં ૨૬-૨૪થી જીત મેળવી હતી. આ પહેલા કમ્પાઉન્ડ તીરંદાજીમાં ભારતને બે મેડલ મળ્યા છે. ઓજસ દેવતલે ગોલ્ડ મેડલ અને અભિષેક વર્માએ સિલ્વર મેડલ જીત્યો છે. ફાઈનલમાં બે ભારતીય તીરંદાજો વચ્ચે મુકાબલો હતો. આવી સ્થિતિમાં, દેશને બંને મેડલ મળવાની ખાતરી હતી, પરંતુ બંનેએ વ્યક્તિગત રીતે મેડલનો રંગ નક્કી કરવાનો હતો. ઓજસે ૧૪૯ના સ્કોર સાથે ગોલ્ડ અને અભિષેકે ૧૪૭ના સ્કોર સાથે સિલ્વર મેડલ જીત્યો હતો. આજના દિવસની શરૂઆતમાં જ્યોતિ સુરેખા વેન્નમે મહિલાઓની કમ્પાઉન્ડ તીરંદાજીમાં ગોલ્ડ મેડલ જીત્યો છે. એશિયન ગેમ્સમાં રેકોર્ડ બનાવતા તેણે ફાઈનલ મેચ ૧૪૯-૧૪૫ના માર્જિનથી જીતી હતી. તેણીએ દક્ષિણ કોરિયાની સો સીને હરાવ્યા. ભારતે કમ્પાઉન્ડ તીરંદાજીમાં તમામ સ્પર્ધા જીતી હતી. ભારતે ૧૩ દિવસમાં કુલ ૯૫ મેડલ જીત્યા હતા. એશિયન ગેમ્સમાં ભારતનું આ સર્વશ્રેષ્ઠ પ્રદર્શન છે. ભારતે પહેલા દિવસે પાંચ, બીજા દિવસે છ, ત્રીજા દિવસે ત્રણ, ચોથા દિવસે આઠ, પાંચમા દિવસે ત્રણ, છઠ્ઠા દિવસે આઠ, સાતમા દિવસે પાંચ, આઠમા દિવસે ૧૫, નવમા દિવસે સાત, દસમા દિવસે નવ, ૧૧મા દિવસે ૧૨, ૧૨મા દિવસે વધુ પાંચ. ૧૩મા દિવસે નવ મેડલ જીત્યા હતા. ચીનના હાંગઝોઉમાં એશિયન ગેમ્સ ૨૦૨૩નું આયોજન કરવામાં આવી રહ્યું છે. આજે ૧૪મો દિવસ છે. આજના દિવસની શાનદાર શરૂઆત થઈ છે.તીરંદાજીમાં ભારતને ગોલ્ડ મેડલ મળ્યો છે. જ્યોતિએ શાનદાર પ્રદર્શન કર્યું અને દક્ષિણ કોરિયાની ખેલાડીને પરાજય આપ્યો. જ્યોતિએ કમ્પાઉન્ડ વ્યક્તિગત ઈવેન્ટ જીતી છે. તેના ૧૩મા દિવસ સુધી ભારતીય ખેલાડીઓએ શાનદાર પ્રદર્શન કર્યું હતું. ટીમ ઈન્ડિયાના ૧૦૦ મેડલ કન્ફર્મ થઈ ગયા છે. ભારતે ૯૫ મેડલ જીત્યા છે. જેમાં ૨૨ ગોલ્ડ, ૩૪ સિલ્વર અને ૩૯ બ્રોન્ઝ મેડલ સામેલ છે. એશિયન ગેમ્સ ૨૦૨૩માં પુરૂષ ક્રિકેટની ફાઈનલ ભારત અને અફઘાનિસ્તાન વચ્ચે રમાશે. બાંગ્લાદેશને હરાવીને ફાઈનલમાં જગ્યા બનાવી હતી.






સંતરામપુર જિલ્લા અને તાલુકાઓ દરેક ગ્રામ્ય વિસ્તારોમાં પત્રકારો નિમવાના છે સંપર્ક કરો



સંતોષકુમાર જોષી
મો.63550 761743


## શું હવે ફરી એક્ટિવ થશે વિક્રમ લેન્ડર અને પ્રજ્ઞાન રોવર

। નવી દિલ્હી, તા.૭ ।

ભારતે ૨૩ ઓગસ્ટ ૨૦૨૩ના રોજ ચંદ્રના દક્ષિણ ધ્રુવ પર ચંદ્રયાન-૩ના સફળ લેન્ડિંગ સાથે ઈતિહાસ રચ્યો હતો. હવે ISROના પૂર્વ અધ્યક્ષ એએસ કિરણે ચંદ્ર પર સફળ ઉતરાણ કરનાર લેન્ડર વિક્રમ અને પ્રજ્ઞાન રોવર વિશે મોટી વાત કહી છે. ઈસરોના ભૂતપૂર્વ અધ્યક્ષ એએસ કિરણે ચંદ્રયાન-૩ મિશનના અંતનો સંકેત આપતાં દાવો કર્યો હતો કે વિક્રમ લેન્ડર અને રોવર પ્રજ્ઞાન ફરીથી સક્રિય થવાની કોઈ આશા નથી. તાજેતરમાં, ઈસરોએ ચંદ્ર પર મોકલેલા તેના લેન્ડર અને રોવર સાથે સંપર્ક સ્થાપિત કરવાનો પ્રયાસ કર્યો હતો. ચંદ્રયાન-૩ મિશન સાથે સંકળાયેલા પૂર્વ ઈસરોના વડાએ કહ્યું, પ્રજ્ઞાન રોવર અને લેન્ડર વિક્રમના ફરીથી સક્રિય થવાની કોઈ આશા નથી, કારણ કે જો તેને સક્રિય થવાનું હોત તો તે અત્યાર સુધીમાં થઈ ગયું હોત. ૨૨ સપ્ટેમ્બરે, ચંદ્ર પર સફળ ઉતરાણના એક મહિના પછી, ચંદ્રયાન-૩ ના લેન્ડર અને રોવરનો સંપર્ક કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો, પરંતુ તેમને હજુ સુધી કોઈ સંકેત મળ્યા નથી. પૂર્વ ISRO ચીફ એ.એસ. કિરણે વધુમાં કહ્યું, આ મિશનમાં અમે જે હાંસલ કર્યું છે તે એ છે કે અમે એવા વિસ્તાર (દક્ષિણ ધ્રુવ) સુધી પહોંચી ગયા છીએ જ્યાં કોઈ પહોંચી શક્યું નથી. આ ખરેખર ખૂબ જ ઉપયોગી માહિતી છે. ચંદ્રયાન-૨ની સફળતા પછી તે ભવિષ્યના મિશનના આયોજનમાં ખૂબ મદદરૂપ થશે. ઈસરોના ભૂતપૂર્વ વડાએ ચંદ્ર પરથી સેમ્પલ લાવવાનું મિશન શરૂ કરવાની વાત કરી હતી, પરંતુ તેના માટે કોઈ સમય મર્યાદા આપી નહોતી. ISROના ભૂતપૂર્વ વડાએ વધુમાં કહ્યું કે, ISROએ ચંદ્રયાન-૩નું સોફ્ટ લેન્ડિંગ હાંસલ કર્યું છે. હવે ભવિષ્યમાં ચોક્કસ મિશન હશે જ્યારે ત્યાંથી સામાન ઉપાડવામાં આવશે અને પાછો લાવવામાં આવશે.




આણંદ જિલ્લાના તમામ તાલુકાઓમાં માનદ પત્રકાર નિમવાના છે સંપર્ક કરો



મનિષ પ્રજાપતિ
મો.88493 69594



### વિવેકાનંદ નગરમાં ગુજરાતી શાળા નં.૧ની ઘટના

# અમદાવાદમાં મધ્યાહન ભોજનનાં મહિલા કર્મચારીનું મોત થયું

### તબીબ દ્વારા તપાસ કરતા મહિલાને મૃત જાહેર કરાયા

। અમદાવાદ, તા.૭ ।

અમદાવાદમાં આવેલ વિવેકાનંદ નગરમાં ગુજરાતી શાળા નં.૧ માં મધ્યાહન ભોજન પીરસવાનું કામ કરતી મહિલા અચાનક ભોજન પીરસતી વખતે ઢળી પડ્યા હતા. અચાનક મહિલા ઢળી પડતા સ્કૂલનાં સ્ટાફ દ્વારા તાત્કાલિકા ૧૦૮ ઈમજરન્સીને જાણ કરતા ૧૦૮ ની ટીમ તાત્કાલિક દોડી આવી હતી. ત્યારે ડૉક્ટર તેમજ સરકાર પણ હાર્ટ એટેકને લઈ વધુ ચિંતીત છે. તેમજ તેઓ દ્વારા પણ લોકોને સાવચેતી રાખવા માટેનું સૂચન કર્યું છે.



મળતી માહિતી મુજબ મધ્યાહન ભોજન પીરસવાનું કામ કરતા મહિલા કર્મચારી જેઓ વિવેકાનંદ નગર ગુજરાતી શાળામાં હેલ્પર તરીકે નોકરી કરી પોતાનાં પરિવારનું ગુજરાન ચલાવતા હતો. ત્યારે સવારે તેઓ સ્કૂલમાં બાળકોને ભોજન પીરસી રહ્યા હતા. તે દરમ્યાન અચાનક જ તેઓને છાતીમાં દુઃખાવો ઉપડતા તેઓ ઢળી પડ્યા હતા. જે અંગેની જાણ સ્કૂલનાં સ્ટાફને કરતા સ્કૂલનાં સ્ટાફે તાત્કાલિકા ઈમરજન્સી ૧૦૮ ને જાણ કરી હતી. જે બાદ તબીબ દ્વારા સૌ પ્રથમ તો તેઓને પ્રાથમિક સારવા આપી હદય ધબકતું કરવાનો પ્રયત્ન કરવામાં આવ્યો હતો. પરંતુ તેનાથી કંઈ પરિણામ ન આવતા. ૧૦૮ નાં તબીબ દ્વારા તેઓની તપાસ કરતા મહિલાને મૃત જાહેર કરાયા હતા. સમગ્ર મામલે રાજકોટ IMA પ્રેસિડેન્ટ ડૉ. પારસ શાહ જણાવે છે કે ખેલૈયાઓને ગરબા રમવા પહેલા વોર્મઅપ કરવું જોઈએ. તેમજ આયોજકોએ સતત ૨ કલાક ખેલૈયાઓને ન ગરબા રમાડવા ન જોઈએ અને આ ૨ કલાકમાં પણ નાના-નાના રાઉન્ડમાં ગરબાનું આયોજન કરવું જોઈએ. સાથે જ આયોજકોને ડોક્ટરોના સંપર્કમાં રહેવા અપીલ કરવામાં આવી છે અને આયોજકો અને તેમની ટીમને IMAના ડોક્ટરો CPRની ટ્રેનિંગ આપશે તેવી જાહેરાત પણ કરી છે. રાજકોટ જિલ્લા કલેક્ટર પ્રભવ જોશીએ આંકડાકીય માહિતી આપતા કહ્યું હતું કે, દર મહિને રાજકોટ શહેર અને જિલ્લામાં ૪૦૦ થી ૪૫૦ જેટલા હાર્ટ એટેકના કેસ નોંધાઈ રહ્યા છે. ૧૦૮ દ્વારા હાર્ટ એટેકના કેસ હોસ્પિટલ સુધી પહોંચાડવામાં આવે છે. રાજકોટ જિલ્લામાં ૧૦૮ એમ્બ્યુલન્સ ગ્રામ્ય વિસ્તારમાં ૪૨ અને શહેરી વિસ્તારમાં ૨૨ છે. દરરોજ ૧૫ જેટલા કેસ સામે આવી રહ્યા છે.

૧૦૮ એમ્બ્યુલન્સમાં AED મશીન પણ રાખવામાં આવ્યા છે જેથી હ્રદય બંધ પડી ગયું હોય તો શોક આપી શરૂ કરી શકાય. જે વિસ્તારમાં અર્વાચીન રાસોત્સવમાં થતા હશે તેને હોટ સ્પોટ પણ જાહેર કરવામાં આવશે. જ્યાં એમ્બ્યુલન્સ સતત આંટાફેરા કરતી રહેશે. ટ્રાફિક સમસ્યા ન થાય તે માટે આયોજકોને પણ એમ્બ્યુલન્સ માટે ઈમરજન્સી ગેટ આપવા સૂચના આપવામાં આવી છે.

# રખડતા ઢોરના ત્રાસને ડામવા સરકારે ૧૩ મુદ્દાનો એક્શન પ્લાન રજૂ કર્યો

### શહેરી વિકાસ વિભાગના પ્રિન્સિપાલ સેક્રેટરીએ રજૂ કર્યું કોર્ટમાં સોગંદનામુ, પશુ નિયંત્રણ નીતિની ચુસ્ત અમલવારીની સરકારે ગુજરાત હાઈકોર્ટમાં ખાતરી આપી હતી

। અમદાવાદ, તા.૭ ।

રાજ્યમાં રખડતા પશુઓને લઈ ઘણા નિર્દોષ લોકો મોતને ભેટ્યા હતા તેમજ ઘણા લોકોને ગંભીર ઈજાઓ પહોંચી હતી. જે બાદ એકાએક સરકાર દ્વારા ઢોર નિયંત્રણ પોલીસી અમલમાં મુકી હતી. જેને લઈ મહાનગર પાલિકા તેમજ નગર પાલિકા એક્શન મોડમાં આવી રખડતા ઢોર પકડવાની તજવીજ હાથ ધરી છે. રખડતા પશુના ત્રાસને ડામવા રાજ્ય સરાકેર હાઈકોર્ટ સમક્ષ પોતાનો એક્શન પ્લાન રજૂ કર્યો હતો. તેમજ પશુ નિયંત્રણ નીતિની ચુસ્ત અમલવારીની સરકારે ગુજરાત હાઈકોર્ટમાં ખાતરી આપી હતી. શહેરી વિકાસ વિભાગનાં પ્રિન્સિપાલ સેક્રેટરીએ કોર્ટમાં સોગંદનામું રજૂ કર્યું હતું. અશ્વિની સુમારે હાઈકોર્ટમાં સોગંદનામું રજૂ કર્યું હતું. જેમાં રાજ્ય સરકાર દ્વારા એએમસીને નિર્દેશ આપવામાં આવ્યા છે. જેમાં જાહેર માર્ગો પર ઘાસચારો વેચવા પર પ્રતિબંધ મૂકવા નિર્દેશ. તેમજ રખડતા પશુને પકડીને ગૌશાળા-પાંજરાપોળમાં મૂકવા નિર્દેશ. પશુને લાવવા-લઈ જવા પૂરતા માણસો અને વાહનોની વ્યવસ્થા કરવા નિર્દેશ. અને કોર્પોરેશનનાં ૨ અધિકારીઓની રખડતા પશુ મુદ્દે સંપૂર્ણ જવાબદારી રહેશે. અત્યાર



સુધીમાં ૧.૪૦ લાખથી વધુ રખડતા પશુને પકડવામાં આવ્યા છે. રાજ્યમાં રખડતા ઢોરને લઈ સરકાર દ્વારા એક્શન પ્લાન બનાવ્યો છે. જેમાં (૧) રખડતા પશુ પકડવાની કામગીરી દરરોજ ચાલુ રહેશે. (૨) તમામ કોર્પોરેશન અને નગરપ ાલિકા વિસ્તારમાં પ્રાણીઓના RFID ટેગ લગાવાશે. (૩) તમામ નગરપાલિકા અને કોર્પોરેશન વિસ્તારમાં ઢોરવાડા ઉભા કરવામાં આવશે. (૪) ઢોરવાડાઓને સફાઈ અને હાઈજીન પ્રત્યે પૂરતી તકેદારી અપાશે. (૫) ઢોરવાડામાં રાખવામાં આવેલા પશુને કોઈપણ બીમારી અથવા રોગ ન થાય તેની તકેદારી રખાશે. (૬) જે પશુ માલિકો પાસે પોતાના પશુને સાચવવા પૂરતી સુવિધા નહી હોય તો સ્થાનિક કોર્પોરેશન કે નગર પાલિકા વિનામૂલ્યે આવા પશુનું નિર્વહણ કરશે. મહાનગરપાલિકાઓના હેલ્પલાઈન નંબર પણ કરાયા જાહેરઃ સરકાર

(૭) નગર પાલિકાઓમાં રખડતા પશુના ત્રાસને ડામવા માટે ચાલુ વર્ષે ૧૦ કરોડ રૂપિયાની ફાળવણી કરવામાં આવી છે. (૮) વર્ષ ૨૦૨૩-૨૪ માટે ૩૦ કરોડ રૂપિયાની ફાળવણી કરાઈ છે. (૯) મહાનગર પાલિકા દ્વારા હેલ્પલાઈન નંબર પણ જાહેર કરાયા છે. (૧૦) પશુઓને રખડતા મુકનારની સામે ભારતીય દંડ સહિતની જુદી-જુદી કલમો અંતર્ગત કામગીરી કરશે. (૧૧) ભારતીય દંડ સંહિતાની કલમ ૩૩૨, ૩૩૮, ૧૮૮, ૧૮૯ હેઠળ ગુનો નોંધાશે. (૧૨) વારંવાર પશુને રખડતા મૂકનાર પશુ માલિક અને માથાભારે તત્વો સામે PASA હેઠળ ગુનો નોંધી કાર્યવાહી કરાશે. (૧૩) રખડતા પશુને પકડવાની કામગીરી કરનાર CNCD વિભાગને પૂરતું પોલીસ રક્ષણ આપવામાં આવશે.

### ૧૪ વર્ષની બાળકી સાથે જબરદસ્તી બાંધ્યો સંબંધ

# સુરતમાં હવસખોર બુઢ્ઢાએ શ્રમિકની દીકરી સાથે ગંદી કરતૂત કરી

### ગણતરીની કલાકોમાં જ આ હવસખોરને દબોચી લીધો હતો અને કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી

। સુરત, તા.૭ ।

ઓલપાડ તાલુકાના કીમ ગામે એક હવસખોર આધેડે ધોરણ ૮માં અભ્યાસ કરતી ૧૪ વર્ષીય સગીરા સાથે મરજી વિરૂદ્ધ અવાર નવાર શાસબંધ બાંધી સગીરાને ગર્ભવતી બનાવી દીધી. સગીરાને પેટમાં દુખાવો ઉપડતા તેને હોસ્પિટલ લઈ જવામાં આવી અને ત્યાં આધેડની કરતૂતનો ભાંડો ફૂટ્યો હતો. બાળકી ગર્ભવતી છે તેવી માહિતી મળતાં પરિવારને આગાત લાગ્યો હતો. સુરત જિલ્લાનાં કીમ ગામે એક શ્રમજીવી પરિવારની ધોરણ ૮માં અભ્યાસ કરતી ૧૪ સગીરા આજથી સાત મહિના અગાઉ એક ભંગારના ગોડાઉન પર પોતાના જૂના પુસ્તકો જમાં કરવામાં ગઈ હતી. તે દરમિયાન ભંગારના ગોડાઉન પર હાજર હવસના ભૂખ્યા ભંગારીએ સગીરાને ૧૦ રૂપિયા આપ્યા અને બીજા ૧૦ રૂપિયા આપવાનું કહી ગોડાઉનની અંદર લઈ ગયો. ગોડાઉનની અંદર ગયેલી સગીરાનો હવસખોર આધેડે હાથ ખેંચ્યો અને બળજબરી પૂર્વક શારીરિક સંબંધ બાંધ્યો.સગીરાએ બુમાં બૂમ કરતા કરતા હવસખોર આધેડે સગીરાનું મો દબાવી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. ધમકીથી ડરી ગયેલી બાળકીએ આ ઘટના અંગે ઘરે કોઈને પણ ન જણાવ્યું. પછી આ હવસખોર આધેડ અવાર નવાર સગીરાને ધમકીઓ આપી શારીરિક સંબંધ બાંધતો રહ્યો. થોડા મહિના વીત્યા બાદ સગીરાને પેટમાં દુખાવો ઉપડતા શ્રમજીવી પરિવાર સગીરાને હોસ્પિટલમાં લઈ ગયો.

### નરેન્દ્ર મોદીને જાનથી મારી નાખવાની ધમકી આપવામાં આવી

। અમદાવાદ, તા.૭ ।

વડાપ્રધાન નરેન્દ્ર મોદીને જાનથી મારી નાખવાની ધમકી આપવામાં આવી છે. NIAએ PM સુરક્ષા અને અન્ય રાજ્યોની પોલીસ સાથે માહિતી શેર કરી છે. મેલ મળ્યા બાદ મુંબઈ પોલીસે પણ સુરક્ષા વધારી દીધી છે કારણ કે વાનખેડે સ્ટેડિયમમાં પાંચ વર્લ્ડ કપ ક્રિકેટ મેચો રમાવાની છે.નેશનલ ઈન્વેસ્ટિગેશન એજન્સી (NIA)ને ધમકીભર્યો ઈમેલ મળ્યો છે. આ ઈમેલમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીને જાનથી મારી નાખવાની ધમકી આપવામાં આવી છે. આ ઉપરાંત અમદાવાદના નરેન્દ્ર મોદી ક્રિકેટ સ્ટેડિયમને પણ ઉડાવી દેવાની ધમકી મળી છે. ઈમેલ મોકલનાર વ્યક્તિએ ૫૦૦ કરોડ રૂપિયા અને જેલમાં બંધ ડોન લોરેન્સ બિશ્નોઈની મુક્તિની માંગણી કરી છે. NIAએ PM સુરક્ષા અને અન્ય રાજ્યોની પોલીસ સાથે માહિતી શેર કરી છે.



ગરિમા કુમાર, ૧૦, જમણે, તેની નાની બહેન અરિમા, ૭, જ્યારે તે નવી દિલ્હીમાં યમુના નદીના પૂરના મેદાનમાં તેમની શાંતિની અંદર શાળાની તૈયારી કરી રહી છે ત્યારે તેના વાળમાં કાંસકો કરે છે. ભારતની રાજધાનીની યમુના નદીમાં તાજેતરના પૂરથી વિસ્થાપિત થયેલા લોકોમાં તેમનો પરિવાર પણ હતો.

## વિશેષ લેખ

### મહિલાઓના ઉત્પીડન વિરુધ અવાજ ઉઠાવનાર

# ઈરાનની મહિલા એકવીસ્ટ નરગીસ મોહમ્મદીને ૨૦૨૩નો નોબેલ શાંતિ પુરસ્કાર



સાંપ્રત પ્રવાહો

લેખક : દીપક જગતાપ

મહિલાઓની સ્વતંત્રતા અને અધિકારો માટે અવાજ ઉઠાવ્યો, ઈરાનમાં નરગિસની ૧૩ વાર ધરપકડ થઈ, જુદા જુદા ૫ કેસોમાં જેલની સજા અને કુલ ૩૧ વર્ષની જેલની સજા થઈ છે.

એક કેસમાં મહિલા હોવા છતાં ૧૫૪ કોડા મારવાની સજાનો તેને સામનો કરવો પડયો હતો.

આ વખતે ૨૦૨૩નો નોબેલ શાંતિ પુરસ્કાર ઈરાનના મહિલા એકવીસ્ટ નરગીસ મોહમ્મદીને મળ્યો છે



જેલમાં બંધ ઈરાનની માનવાધિકાર માટે સતત લડાઈ લડનાર નરગિસ મોહમ્મદીએ દેશમાં મહિલાઓ ના ઉત્પીડન વિરુધ અવાજ ઉઠાવીને માનવ અધિકારો માટે તેમને ઈરાનમાં રહીને ખૂબ લાંબો સંઘર્ષ કર્યો છે. ઈરાનમાં નરગિસની ૧૩ વાર ધરપકડ થઈ, જુદા જુદા ૫ કેસોમાં જેલની સજા અને કુલ ૩૧ વર્ષની જેલની સજા થઈ છે. આજે પણ એ જેલમાં છે.એક કેસમાં મહિલા હોવા છતાં ૧૫૪ કોડા મારવાની સજાનો તેને સામનો કરવો પડયો હતો.

જોકે મહિલાઓ માટે તેમની આ લડાઈની નોંધ વિશ્વભરમાં લેવામાં આવી છે જેને પગલે ૨૦૨૩ નો નોબેલ શાંતિ પુરસ્કાર માટે નરગીસ મોહમ્મદીની પસંદગી કરવામાં આવી છે.

માનવ અધિકાર માટે કામ કરતી મહિલાઓને નવું જ બળ મળ્યું છે. ઈરાનની નરગિસ ડિફેન્ડર ઓફ હ્યુમન રાઈટસ સેન્ટરની ઉપ પ્રમુખ છે. નરગિસને આ પુરસ્કાર ઈરાનમાં મહિલાઓના હકક અને માનવાધિકારની સુરક્ષાના પ્રયાસો બદલ મળ્યો છે. ઉલ્લખનિય છે કે નરગિસ ડિફેંડર ઓફ હ્યુમન રાઈટસ સેન્ટર સાથે સંકળાયેલી છે તેની સ્થાપના કરનાર શિરીન એબાદીને પણ નોબેલ પુરસ્કાર મળી ચુકયો છે.

મહિલાઓના અધિકારો માટેની લડતનેકારણે ૧૩ થી વધુ વખત ધરપકડ થવા છતાં પણ સહનશીલ મહિલાએ હાર માની ન હતી.સહનશીલતાની પરાકાષ્ઠા કહી શકાય તે સ્થિતિમાં પણ મહિલા સતત ઈરાનનીમહિલાઓની સ્વતંત્રતા માટે લડતી રહી.

મોહમ્મદીનો જન્મ ૨૧ એપ્રિલ ૧૯૭૨ના રોજ ઝાંજાન, ઈરાનમાં થયો હતો. તેણીનીએ ઈમામ ખોમેની ઈન્ટરનેશનલ યુનિવર્સિટીમાં ભૌતિકશાસ્ત્રમાં ડિગ્રી મેળવી હતી. યુનિવર્સિટી કારકિર્દી દરમિયાન, તેણીએ વિદ્યાર્થી અખબારમાં મહિલાઓના અધિકારોને સમર્થન આપતા લેખો લખ્યા હતા.મોહમ્મદીએ ઘણા સુધારાવાદી અખબારો માટે પત્રકાર તરીકે કામ કરવાનું ચાલુ રાખ્યું અને ધ રિફોર્મ્સ, ધ સ્ટ્રેટેજી એન્ડ ધ ટેક્ટિક્સ નામના રાજકીય નિબંધોનું પુસ્તક પ્રકાશિત કર્યું હતું.

૧૯૯૯માં, તેણીએ સાથી સુધારા તરફી પત્રકાર તાગી રહેમાની સાથે લગ્ન કર્યા હતા. જે થોડા સમય પછી પ્રથમ વખત ધરપકડ કરવામાં આવી હતી. કુલ ૧૪ વર્ષની જેલની સજા ભોગવ્યા બાદ રહેમાની ૨૦૧૨માં ફ્રાન્સ ગયા, પરંતુ મોહમ્મદીએ તેના માનવાધિકારનું કાર્ય ચાલુ રાખ્યું હતું. મોહમ્મદી અને રહેમાની બે જોડિયા બાળકોની માતા છે.

નરગીસે કહ્યું હતું કે તેમણે ૮ વર્ષથી તેમના બાળકોને જોયા નથી. તેમણે છેલ્લે એક વર્ષ પહેલા તેમની ટ્વિન્સ દીકરીઓ અલી અને કિયાનાનો અવાજ સાંભળ્યો હતો. નરગીસની બે પુત્રીઓ તેમના પતિ તાગી રહેમાની સાથે ફ્રાન્સમાં રહે છે. હકીકતમાં, તાગી એક રાજકીય કાર્યકર પણ છે. જેમને ઈરાન સરકારે ૧૪ વર્ષની જેલની સજા ફટકારી હતી. તેમણે એન્જિનિયર તરીકે કામ કર્યું. તેઓ કટારલેખક પણ હતા. ઘણા અખબારો માટે તેમણે લેખ પણ લખ્યા છે. નરગીસ ૧૯૯૦ના દાયકાથી મહિલાઓના અધિકારો માટે પોતાનો અવાજ ઉઠાવી રહી હતી.

નરગીસે વ્હાઈટ ટોર્ચર નામનું પુસ્તક પણ લખ્યું છે. ઈરાનના શાસનના તમામ પ્રયાસો છતાં મોહમ્મદીનો અવાજ દબાવી શકાયો ન હતો. જેલમાં રહીને તેમણે પોતાના સાથી કેદીઓની દુર્દશા નોંધવાનું શરૂ કર્યું. આખરે, તેમણે કેદીઓ સાથેની તેમની વાતચીતની સંપૂર્ણ વિગતો વ્હાઈટ ટોર્ચર પુસ્તકમાં રેકોર્ડ કરી. તેમને ૨૦૨૨ માં રિપોર્ટર્સ વિધાઉટ બોર્ડર્સ (ઈજીહ્વ) નો હિંમત પુરસ્કાર પણ એનાયત કરવામાં આવ્યો હતો.

૨૦૦૩માં તેમણે તેહરાનમાં ડિફેન્ડર્સ ઑફ હ્યુમન રાઈટ્સ સેન્ટરમાં કામ કરવાનું શરૂ કર્યું. નોબેલ પ્રાઈઝ વેબસાઈટ અનુસાર, નરગીસ મોહમ્મદીને જેલમાં બંધ કાર્યકરો અને તેમના પરિવારોને મદદ કરવાનો પ્રયાસ કરવા બદલ ૨૦૧૧માં પહેલીવાર જેલમાં ધકેલી દેવામાં આવ્યા હતા. ૨ વર્ષ બાદ જામીન મળ્યા હતા. ૨૦૧૫માં તેમને ફરીથી જેલમાં મોકલવામાં આવ્યા હતા.

નવેમ્બરમાં ઈરાની સત્તાવાળાઓએ ૨૦૧૯ના હિંસક વિરોધનો ભોગ બનેલી મહિલાના સ્મારકમાં હાજરી આપ્યા બાદ નરગિસ મોહમ્મદીની ધરપકડ કરી લીધી હતી. નરગિસ મોહમ્મદીનો કેદ, કઠોર સજાઓ અને તેના કેસની સમીક્ષા માટે આંતરરાષ્ટ્રીય કોલ વગેરેને લઈને એક લાંબો ઈતિહાસ છે.

તેને જેલમાં ધકેલી દેવાયાં પહેલાં નરગિસ મોહમ્મદી ઈરાનમાં પ્રતિબંધિત માનવ અધિકાર કેન્દ્રના ડિફેન્ડર્સ ઓફ હ્યુમન રાઈટ્સ સેન્ટરના ઉપપ્રમુખ હતાં. મોહમ્મદી ઈરાની નોબેલ શાંતિ પુરસ્કાર વિજેતા શિરીન એબાદીના નજદીકી રહ્યાં છે, જેમણે કેન્દ્રની સ્થાપના કરી હતી. તત્કાલીન રાષ્ટ્રપતિ મહમૂદ અહમદીનેજાદની વિવાદિત પુનઃચૂંટણી બાદ ૨૦૦૯માં એબાદીએ ઈરાન છોડી દીધું હતું. જેના પછી અભૂતપૂર્વ વિરોધ અને સત્તાવાળાઓ દ્વારા કડક કાર્યવાહી કરવામાં આવી હતી. આ પહેલાં ૨૦૧૮માં એન્જિનિયર મોહમ્મદીને ૨૦૧૮ આન્દ્રેઈ સખારોવ પુરસ્કાર એનાયત કરવામાં આવ્યો હતો.

આ વર્ષે, નોબેલ શાંતિ પુરસ્કાર માટેના ૩૫૧ ઉમેદવારોના નામો ચકાસવામાં આવ્યા હતાં. જેમાં ૨૫૯ વ્યક્તિઓ અને ૯૨ સંસ્થાઓનો સમાવેશ થાય છે. અત્યાર સુધીના ઉમેદવારોની આ બીજી સૌથી વધુ સંખ્યા છે.

આ વર્ષે નામાંકિત વ્યક્તિના નામ ગુપ્ત રાખવામાં આવ્યા હતા, પરંતુ કહેવામાં આવ્યું છેક એ ૩૫૦ થી વધુ લોકો આ દોડમાં હતા. ગત વર્ષે આ પુરસ્કાર રશિયાના યુક્રેન પર ચાલી રહેલા આક્રમણ પૃષ્ઠભૂમિ પર 'શાંતિને પ્રોત્સાહન આપવા' માટે રશિયા માનવાધિકારો સમૂહ મેમોરિયલ, યૂક્રેનના સેન્ટર ફોર સિવિલ લિબર્ટીઝ અને જેલમાં બેલારૂસીના અધિકાર અધિવક્તા બિયાલિયાત્સકીને સંયુક્ત રૂપથી પ્રદાન કરવામાં આવ્યું હતું.

નોબેલ મળ્યા બાદ મહિલા પત્રકાર નરગીસને ૮.૩૩ કરોડ રૂપિયાનું ઈનામ તેમજ ગોલ્ડ મેડલઆપવામાં આવશે.

## તું કેમ રોંગ સાઇડમાં તારુ વાહન ચલાવે છે તેમ કહી શખ્સ દાગીના લઈ ફરાર

| અમદાવાદ, તા.૭ |

દિવાળીનો પર્વ નજીક આવતા જ ગઠિયાઓની ગેંગ સક્રિય થઈ ગઈ હોય તેમ લાગી રહ્યું છે. શહેરના નવરંગપુરા વિસ્તારમાં રોંગસાઈડ જઈ રહેલા યુવક પાસેથી બે ગઠિયાઓએ પોલીસની ઓળખ આપીને રૂપિયા ૧ લાખ ૭૩ હજારના દાગીના ભરેલ ડબ્બો સેરવી લીધો છે. ગઠિયાઓએ યુવકને રોકીને તેની બેગ ચેક કરી હતી. શહેરના અસારવા વિસ્તારમાં રહેતો અને નવરંગપુરા સીજી રોડ પર આવેલ જવેલર્સમાં ડીલીવરી બોય તરીકે કામ કરતો સુનિલ નામનો યુવક ૩જી ઓક્ટોમ્બરના દિવસે સાંજના સમયે વાઘબકરી ચાર રસ્તા થઈ ત્યાંથી ડાબી બાજુ વળી સી.એ. સર્કલ ખાતે ગયેલ અને ત્યાંથી રોંગ સાઈડમાં સીજી રોડ તરફ જવાના રોડ પર આઈડીબીઆઈ બેંકના દરવાજા પાસે પાછળથી એક મોટર સાયકલ પર બે અજાણ્યા શખ્સો આવ્યા હતાં. જેમાં પાછળ બેઠેલા શખ્સએ સુનિલને કહ્યું હતું કે તું કેમ રોંગ સાઈડમાં તારુ વાહન ચલાવે છે, તેમ કહીને તેને ઉભો રાખીને બંન્ને શખ્સો તેની પાસે આવ્યા હતાં. એક શખ્સએ તેની પાસે રહેલ બેગ ચકાસીને બેગમાં રહેલ ડબ્બામાં શું છે? તેમ પુછ્યું હતું. જ્યારે થોડીવાર બાદ બંન્ને શખ્સો ત્યાંથી સી.એ સર્કલ તરફ જતા રહ્યાં હતાં. ફરીયાદી યુવક દુકાનએ પહોંચીને બેગ ચેક કરતાં તેમાં રૂપિયા ૧ લાખ ૭૩ હજારની કિંમતના સોનાના દાગીના ભરેલ ડબ્બો ગાયબ હતો. જે બાબતની જાણ તેના શેઠને કરતાં સમગ્ર ઘટનાની જાણ પોલીસને કરવામાં આવી હતી. પોલીસે હાલમાં આ મામલે ફરિયાદ દાખલ કરીને વધુ તપાસ શરૂ કરી છે. જોકે, દિવાળીનો પર્વ આવતા જ શહેરના સી જી રોડ પર ગઠિયાઓ અને લુંટારૂઓની ગેંગ સક્રિય થઈ જાય છે અને આ પ્રકારના બનાવોને અંજામ આપે છે. જ્યારે પોલીસ પણ જવેલર્સના વેપારી અને આંગડિયા પેઢીના કર્મચારીઓને સાવચેત રહેવા માટે જરૂરી સૂચનો કરે છે.

## બે જ વર્ષમાં ઉખાડી ફેંકીશું લેફ્ટ ઉગ્રવાદ અને નક્સલવાદ : શાહ

| નવી દિલ્હી, તા.૭ |

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે ડાબેરી ઉગ્રવાદ વિશે મોટી વાત કહી છે.અમિત શાહે શુક્રવારે કહ્યું હતું કે બે વર્ષમાં દેશમાંથી ડાબેરી ઉગ્રવાદનો સંપૂર્ણ નાશ થઈ જશે. ડાબેરી ઉગ્રવાદથી પ્રભાવિત રાજ્યોમાં સુરક્ષાની સ્થિતિની સમીક્ષા કરવા માટે એક બેઠકની અધ્યક્ષતા કરી રહ્યા હતા. અમિત શાહે એમ પણ કહ્યું કે વર્ષ ૨૦૨૨માં છેલ્લા ચાર દાયકામાં નક્સલ પ્રભાવિત વિસ્તારોમાં હિંસા અને મૃત્યુની સૌથી ઓછી ઘટનાઓ બની છે. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે કહ્યું કે બે વર્ષમાં દેશમાંથી ડાબેરી ઉગ્રવાદનો સંપૂર્ણ નાશ થઈ જશે. તેમણે કહ્યું, નક્સલવાદ માનવતા માટે અભિશાપ છે અને અમે તેને તેના તમામ સ્વરૂપ ોમાં જડમૂળથી ઉખેડી નાખવા માટે પ્રતિબદ્ધ છીએ. અધિકારીઓએ જણાવ્યું કે ૨૦૧૦ની સરખામણીમાં ૨૦૨૨માં નક્સલ પ્રભાવિત રાજ્યોમાં હિંસક ઘટનાઓમાં ૭૭ ટકાનો ઘટાડો થયો છે. મહારાષ્ટ્ર, આંધ્રપ્રદેશ અને ઝારખંડના મુખ્યમંત્રીઓએ સમીક્ષા બેઠકમાં ભાગ લીધો હતો. આ બેઠકમાં મહારાષ્ટ્રના નાયબ મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસે પણ ભાગ લીધો હતો. આ સિવાય ઓડિશા, બિહાર, મધ્યપ્રદેશ અને છત્તીસગઢના રાજ્ય મંત્રીઓ દ્વારા પ્રતિનિધિત્વ કરવામાં આવ્યું હતું. અધિકારીઓએ જણાવ્યું કે છેલ્લા પાંચ વર્ષમાં દેશમાં લેફ્ટ વિંગ એક્સ્ટ્રીમિઝમ સંબંધિત સુરક્ષા સ્થિતિમાં નોંધપાત્ર સુધારો થયો છે. કેન્દ્ર સરકારે ૨૦૧૫માં 'LWEનો સામનો કરવા માટે રાષ્ટ્રીય નીતિ અને કાર્ય યોજના'ને મંજૂરી આપી હતી. અધિકારીઓએ જણાવ્યું હતું કે નીતિ એક બહુ-પક્ષીય વ્યૂહરચનાની કલ્પના કરે છે જેમાં સુરક્ષા પગલાં, વિકાસ કાર્ય, સ્થાનિક સમુદાયોના અધિકારો અને હકની ખાતરી વગેરેનો સમાવેશ થાય છે. તેમણે કહ્યું કે આ નીતિના સતત અમલીકરણને પરિણામે દેશભરમાં ડાબેરી ઉગ્રવાદ હિંસામાં સતત ઘટાડો થયો છે. તેમણે કહ્યું કે ૨૦૧૦ના ઉચ્ચ સ્તરની સરખામણીએ ૨૦૨૨માં ડાબેરી ઉગ્રવાદ સાથે સંબંધિત હિંસક ઘટનાઓની સંખ્યામાં ૭૭ ટકાનો ઘટાડો થયો છે.



ભારતના હૈદરાબાદમાં નેધરલેન્ડ સામેની ICC મેન્સ ક્રિકેટ વર્લ્ડ કપ મેચમાં પાકિસ્તાન જીત્યા પછી નેધરલેન્ડના પોલ વાન મીકેરેન, પાકિસ્તાનના મોહમ્મદ રિઝવાનને શુભેચ્છા પાઠવે છે.

### માણસના પેટમાં હોય છે આ ખતરનાક વસ્તુ

## માણસના પેટમાં ખતરનાક વસ્તુ લોખંડને પણ ઓગાળી દે છે

| નવી દિલ્હી, તા.૭ |

આપણા પેટમાં ઘણી જટિલ પ્રક્રિયાઓ હોય છે. આ પ્રક્રિયાઓને કારણે, તમે જે કંઈ પણ ખાવ છો તેના અલગ-અલગ પોષક તત્વો નીકળે છે. તમારા પેટને એક રીતેના યોજનાબદ્ધ મશીનના રુપમાં વિચારી શકાય છે. જે તમારા ખાવાની પ્રોસેસ કરીને તેમાં હાજર પ્રોટીન, ચરબી, કાર્બોહાઈડ્રેટ, પાણી અને અન્ય પોષક તત્વોને અલગ કરે છે. જે તમને જીવિત રહેવા અને કામ કરવા માટેની એનર્જી આપે છે. પેટમાં પેદા થનારા એસિડમાં એટલી ક્ષમતા હોય છે કે તે એક રેઝરને પણ ઓગાળી શકે છે. આખરે એવું તો શું હોય છે પેટમાં જે આપણને તેનાથી સુરક્ષિત રાખે છે. ખોરાકને પચાવવા માટે, આપણા પેટમાં જઠર હોય છે. જેમાં હાઈડ્રોક્લોરિક એસિડ હાજર હોય છે. તે હાઈડ્રોક્લોરિક એસિડનું pH મૂલ્ય લગભગ ૨ હોય છે. જે કોઈપણ વસ્તુને ઓગાળવાની ક્ષમતા રાખે છે. pH મૂલ્ય ૦ થી ૧૪ની વચ્ચે હોય છે અને જેટલું ઓછું pH તેટલું એસિડ વધારે તાકાતવર હોય છે. પાણીનું pH મૂલ્ય સાત હોય છે. કેટલાક સંશોધનમાં જાણવા મળ્યું છે કે બ્લેડના ટુકડા ૧૫ કલાકમાં પેટની અંદર પચી શકે છે. એક પ્રયોગમાં ૨૪ કલાક બ્લેડનું વજન માપવામાં આવ્યુ હતું અને તે પહેલાની તુલનામાં ૬૩ ટકા જ રહી ગયુ હતું.

### ભારત ૧૪ ઓક્ટોબરે પાકિસ્તાન સામે ટકરાશે

# IND vs PAK મુકાબલાને લઈ રેલવે દોડાવશે સ્પેશિયલ વંદે ભારત ટ્રેન

| નવી દિલ્હી, તા.૭ |

ICC વર્લ્ડ કપ ૨૦૨૩ ભારતમાં ૫ ઓક્ટોબરથી શરૂ થયો છે. જો કે ભારતની પ્રથમ મેચ ૮ ઓક્ટોબરથી રમાશે. ભારત ૧૪ ઓક્ટોબરે પાકિસ્તાન સામે ટકરાશે. આ મેચ અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં રમાશે. સમગ્ર દેશ આ હાઈવોલ્ટેજ મેચની આતુરતાથી રાહ જોઈ રહ્યો છે. આ મેચની ટિકિટની કિંમત પણ વધારે છે. એર ટિકિટ અને



હોટેલ રૂમના ભાડા આસમાને પહોંચયા છે. એક ચેનલના અહેવાલ મુજબ, ભારતીય રેલ્વે



ક્રિકેટ ચાહકોને રાહત આપવા અને તેમના માટે મુસાફરીને સરળ બનાવવા માટે અમદાવાદ માટે ખાસ વંદે ભારત ટ્રેન ચલાવવા માટે તૈયાર છે. તેનાથી મુસાફરોને મોંઘી એર ટિકિટમાંથી પણ રાહત મળશે. આ સ્પેશિયલ ટ્રેનો મધ્યપ્રદેશ, રાજસ્થાન અને મહારાષ્ટ્રથી દોડશે અને નરેન્દ્ર મોદી સ્ટેડિયમની નજીક આવેલા સાબરમતી અને અમદાવાદમાં થોભશે. વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું કે ટ્રેન રમત શરૂ થવાના થોડા કલાકો પહેલા જ શહેરમાં પહોંચી જશે. મોંઘા રહેઠાણ અને મોંઘા હોટલના રૂમ ભાડાથી લોકોને બચાવવા માટે આવું કરવામાં આવ્યું છે. રેલ્વે અધિકારીએ જણાવ્યું હતું કે શિડ્યુલિંગ એવી રીતે કરવામાં આવ્યું છે કે મેચ શરૂ થવાના થોડા કલાકો પહેલા ટ્રેન અમદાવાદ પહોંચી જશે, જેથી યાત્રીઓ સ્પર્ધા પૂરી થયા બાદ સરળતાથી પોતાના ઘરે પરત ફરી શકે. ઉલ્લેખનીય છે કે ICC વર્લ્ડ કપ ૨૦૨૩ના કારણે દેશના ઘણા શહેરોમાં હોટેલ અને એર ટિકિટના ભાડામાં નોંધપાત્ર વધારો થયો છે.

### મીઠાઈ વહેંચી કહ્યું, ઓફિસર બનાવીશુ

## ત્રણ ફૂટના દંપતીના ઘરે દીકરીનો જન્મ થયો હતો

| સીતામઢી, તા.૭ |

બિહારમાં ત્રણ ફૂટના કપલ ચર્ચામાં છે. સીતામઢીમાં રહેતા આ અનોખા કપલમાં પતિ-પત્ની બંનેની ઊંચાઈ માત્ર ત્રણ ફૂટ જ છે, તમને જણાવી દઈએ કે, આ કપલના ઘરે ખુશીનો માહોલ છવાયો છે આ કપલના ઘરે પુત્રીનો જન્મ થયો છે. ગઈકાલ સુધી લોકો ત્રણ ફૂટ ઊંચા યોગેન્દ્રને ટોણા મારતા હતા કે, તે ક્યારેય લગ્ન નહીં કરે, પરંતુ તેઓ કહે છે કે, ભગવાન જ જોડીઓ બનાવે છે. ભગવાન યોગેન્દ્ર અને પૂજાને સાથે લાવ્યા, તેમના લગ્ન કરાવ્યા અને બંનેને લક્ષ્મીના રૂપમાં પુત્રી તરીકે ભેટમાં આપી. યોગેન્દ્ર કહે છે કે, વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ 'બેટી પઢાવો બેટી બચાવો'નું સૂત્ર આપ્યું છે, તેઓ એ સૂત્રને અમલમાં મૂકશે અને પોતાની દીકરીને ભણાવીને અધિકારીની દીકરી બનાવશે. એ વાત જાણીતી છે કે, સીતામઢીનું આ અનોખું કપલ સોશિયલ મીડિયા પર સતત હેડલાઈન્સમાં રહે છે. જ્યારે બંનેના લગ્ન થયા ત્યારે તેમના લગ્ને સોશિયલ મીડિયા પર ઘણી હેડલાઈન્સ બનાવી હતી. કુદરતે બેશક યોગેન્દ્ર અને પૂજાને કુદરતી અન્યાય કર્યો છે, પરંતુ કુદરતનો આ અન્યાય આ કેસમાં યોગેન્દ્ર અને પૂજા માટે વરદાન સાબિત થઈ રહ્યો છે. યોગેન્દ્ર અને પૂજાના સોશિયલ મીડિયા પર હજારો ફોલોઅર્સ છે.

### અહીં આવેલું છે ભારતનું સ્વિત્ઝર્લેન્ડ

## ચાર રાજ્યોની સીમાને સ્પર્શે છે સોનભદ્ર જિલ્લો

| નવી દિલ્હી, તા.૭ |

ભારતના દરેક રાજ્યમાં ઘણા જિલ્લાઓ છે, પરંતુ જ્યારે ભૌગોલિક વિશેષતાની વાત આવે છે, તો ઉત્તર પ્રદેશના એક વિશેષ જિલ્લાનો ઉલ્લેખ ચોક્કસપણે થાય છે. જી હા, અમે વાત કરી રહ્યા છીએ યુપીના ખાસ જિલ્લા સોનભદ્ર જિલ્લાની. સોનભદ્ર વિસ્તારની દ્રષ્ટિએ ઉત્તર પ્રદેશનો બીજો સૌથી મોટો જિલ્લો છે પરંતુ, સામાન્ય જ્ઞાનના પ્રશ્નોમાં તેનો ઉલ્લેખ ચોક્કસપણે થાય છે. હકીકતમાં, સોનભદ્ર એ ભારતનો એક અનોખો જિલ્લો છે જે એક સાથે ચાર રાજ્યોની સરહદોને સ્પર્શે છે. આ વિશેષતાને લીધે જ સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં સોનભદ્રને લઈને સવાલ પુછવામાં આવે છે. સોનભદ્ર આમ તો ઉત્તર પ્રદેશમાં આવે છે પરંતુ, સીમા મધ્ય પ્રદેશ,



બિહાર, ઝારખંડ અને છત્તીસગઢને પણ મળે છે. સોનભદ્ર ખાણકામની બાબતમાં પણ ખૂબ પ્રખ્યાત છે કારણ કે અહીં કૈમુરની પહાડીઓમાં ખનીજોનું ખોદકામ કરવામાં આવે છે અને ખનીજોનું મોટા પ્રમાણમાં ખનન થાય છે.

સોનભદ્ર વિસ્તારમાં બોક્સાઈટ, લાઈમસ્ટોન, કોલસો અને સોનાનું પણ મોટા પ્રમાણમાં ખાણકામ કરવામાં આવે છે. ૧૯૮૯ પહેલા સોનભદ્રનો સમાવેશ માત્ર મિર્ઝાપુર જિલ્લામાં જ હતો. પરંતુ, ૧૯૯૮માં તેને અલગ કરીને સોનભદ્ર નામ આપવામાં આવ્યું. સોનભદ્રનું નામ તેના કાંઠે વહેતી નદી પરથી પડ્યું. અહીં, સોન નદી જિલ્લાના કાંઠે વહે છે અને તે પછી, જિલ્લાને સોનભદ્ર કહેવામાં આવે છે. આ જિલ્લામાં માત્ર સોન નદી જ નહીં, પરંતુ કન્હાર અને પંગનની સાથે રિહંદ નદી પણ વહે છે. એવું કહેવાય છે કે સોનભદ્ર વિંધ્ય અને કૈમુર પહાડીઓની વચ્ચે આવેલું છે અને આ જ કારણ છે કે તેની સુંદરતા જોવા લાયક છે. પંડિત નેહરુ જ્યારે અહીં આવ્યા ત્યારે આ જિલ્લાની સુંદરતા જોઈને તેમણે તેને ભારતનું સ્વિત્ઝર્લેન્ડ નામ આપ્યું. સોનભદ્રમાં હરિયાળી અને પર્વતોની સુંદરતા છે અને નદીઓના વહેતા પ્રવાહને પણ જોઈ શકાય છે. અહીં એટલા બધા પાવર પ્લાન્ટ છે કે તેને પાવર કેપિટલ કહેવામાં આવે છે.

## અમદાવાદમાં ફરી એક વાર સ્પાની આડમાં દેહવ્યાપારનો ધંધો ઝડપાયો

| અમદાવાદ, તા.૭ |

અમદાવાદમાં ફરી એક વાર સ્પાની આડમાં દેહવ્યાપારનો ધંધો ઝડપાયો છે. આનંદનગર વિસ્તારમાં હાલો સ્પા એન્ડ મોરમાં પોલીસે દરોડા પાડતાં સ્પામાંથી ૩ યુવતીઓ અને ૩ મહિલાઓ મળી આવી હતી. ડમી ગ્રાહક મોકલી પોલીસે દેહવ્યાપારનો પર્દાફાશ કર્યો છે. મહિલા સંચાલક અને મેનેજરની ધરપકડ કરવામાં આવી છે. અમદાવાદમાં ફરી એક વાર સ્પાની આડમાં દેહવ્યાપારનો ધંધો ઝડપાયો છે. આનંદનગર વિસ્તારમાં હાલો સ્પા એન્ડ મોરમાં પોલીસે દરોડા પાડતાં સ્પામાંથી ૩ યુવતીઓ અને ૩ મહિલાઓ મળી આવી હતી. ડમી ગ્રાહક મોકલી પોલીસે દેહવ્યાપારનો પર્દાફાશ કર્યો છે. મહિલા સંચાલક અને મેનેજરની ધરપકડ કરવામાં આવી છે.



ચીનના હાંગઝોઉમાં ૧૯મી એશિયન ગેમ્સમાં મહિલા સોકર માટે મેડલ સમારોહ દરમિયાન બ્રોન્ઝ મેડલ વિજેતા ચાઇના પોડિયમ પર ઉભા છે.

### હીરા દલાલ સિટીલાઈટ વિસ્તારનો રહેવાસી છે

## હીરાદલાલે ઓફિસમાં એસિડ ગટગટાવી કર્યો હતો આપઘાત

| સુરત, તા.૭ |


હીરા દલાલ સિટીલાઈટ વિસ્તારનો રહેવાસી છે. મહિધરપુરા હીરાબજારમાં આવેલી ઓફિસમાં એસિડ ગટગટાવ્યું હતું. પ્રદીપ ભાટિયાના આપઘાતથી પરિવાર શોકમાં ગરકાવ થઈ ગયો હતો. મહિધરપુરા પોલીસે બનાવ અંગે વધુ તપાસ હાથ ધરી હતી. વેપારીએ મિત્રોને ફોન કરીને પોતે ઝેર પી લીધું હોવાની જાણ કરતાં મિત્રો દોડીને ઓફિસે આવ્યા હતા અને વેપારીને સારવાર માટે હોસ્પિટલ ખસેડ્યો હતો. પરંતુ સારવાર દરમિયાન મોત નિપજ્યું હતું. મૂળ રાજસ્થાનના બિકાનેરના વતની પ્રદીપ કેવલચંદ ભાટિયા (ઉ.વ. ૩૪) સિટીલાઈટ વિસ્તારમાં સમૃદ્ધિ એપાર્ટમેન્ટમાં પત્ની તેમજ ૫ સંતાનો સાથે રહેતા હતા. પ્રદીપ મહિધરપુરા વિસ્તારમાં આવેલા અમૃતશાંતિ કોમ્પલેક્સમાં ઓફિસ ધરાવીને ત્યાં વેપાર કરતાં હતા. તેને માથે દેવું વધી ગયું હતું અને હાલ બજારમાં મંદીનો માહોલ છે. જેથી તણાવમાં આવી તેણે ઓફિસમાં ઝેર અને એસિડ પીધા બાદ મિત્રોને ફોન કરી જાણ કરી હતી.

### ગ્રામ્ય વિસ્તાર કરતા શહેરીજનોનું સ્ટ્રેસ લેવલ તેમજ તેમની લાઈફ સ્ટાઈલ પણ જવાબદાર હોવાનું સામે આવ્યું છે

# રાજકોટમાં ત્રણ મહિનામાં હૃદય રોગના હુમલામાં ૧૩૧૦ લોકોને અપાઇ સારવાર

| રાજકોટ, તા.૭ |

છેલ્લા કેટલાય સમયથી હૃદય રોગના હુમલાના કારણે વ્યક્તિઓના મૃત્યુ નીપજવાના બનાવો સામે આવી રહ્યા છે. ત્યારે રાજકોટ શહેર અને જિલ્લાના છેલ્લા ત્રણ મહિનાના આંકડા તરફ નજર કરીએ તો, ૧૦૮ મારફતે ૧૩૧૦ જેટલા વ્યક્તિઓને હૃદય રોગનો હુમલો આવતા સારવાર અર્થે હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા છે. ૧૦૮ મારફતે હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવેલા વ્યક્તિઓના આંકડા તરફ નજર કરીએ તો ગ્રામ્યમા વસવાટ કરતા લોકોની સરખામણીએ શહેરી વિસ્તારમાં વસવાટ કરતા લોકોની સંખ્યા બમણા કરતા પણ વધુ જોવા મળી રહી છે. ત્યારે ક્યાંક ને ક્યાંક ગ્રામ્ય વિસ્તાર કરતા શહેરીજનોનું સ્ટ્રેસ લેવલ તેમજ તેમની લાઈફ સ્ટાઈલ પણ જવાબદાર હોવાનું સામે આવ્યું છે. રાજકોટ જિલ્લા કલેકટર પ્રભવ જોશીના જણાવ્યા પ્રમાણે, રાજકોટ શહેર અને જિલ્લા ખાતે કુલ ૪૨ જેટલી ૧૦૮ ઈમરજન્સી એમ્બ્યુલન્સ કાર્યરત છે. જે પૈકી ૨૨ જેટલી એમ્બ્યુલન્સ રાજકોટ શહેર ખાતે કાર્યરત છે. જ્યારે કે ૪૨ પૈકી ૨૦ જેટલી એમ્બ્યુલન્સ જિલ્લા ખાતે કાર્યરત છે. ૧૦૮ મારફતે જુલાઈ મહિનામાં હૃદય રોગનો હુમલો



આવ્યો હોય તેવા ૩૦૦ જેટલા વ્યક્તિઓને સારવાર અર્થે હોસ્પિટલે ખસેડવામાં આવ્યા હતા. જ્યારે કે ૧૦૮ મારફતે જુલાઈ મહિનામાં હૃદય રોગના હુમલો આવ્યો હોય તેવા ૧૩૫ જેટલા વ્યક્તિઓને ખસેડવામાં આવ્યા હતા. જ્યારે કે, ઓગસ્ટ મહિનામાં રાજકોટ શહેરમાંથી ૨૯૮ વ્યક્તિ જ્યારે કે, રાજકોટ જિલ્લામાંથી ૧૨૬ વ્યક્તિ આમ, કુલ મળીને ઓગસ્ટ મહિનામાં ૪૨૪ જેટલા વ્યક્તિઓને હૃદય રોગનો હુમલો આવવાના કારણે હોસ્પિટલે ખસેડવામાં આવ્યા હતા. સપ્ટેમ્બર મહિનામાં છેલ્લા ત્રણ મહિનાની સરખામણીએ કુલ ૪૫૨ જેટલા વ્યક્તિઓને હૃદય રોગનો હુમલો આવવાના કારણે હોસ્પિટલે ખસેડવામાં આવ્યા છે. ૪૫૨ પૈકી ૩૨૪ વ્યક્તિઓ રાજકોટ શહેરની હોવાનું સામે આવ્યું છે. જ્યારે કે ૧૨૭ જેટલી વ્યક્તિ રાજકોટ જિલ્લાની હોવાનું સામે આવ્યું છે. તેમજ ૨૦ સપ્ટેમ્બરથી ૪ ઓક્ટોબર સુધીમાં પ્રતિ દિવસ ન્યૂનતમ ૧૦ જેટલા વ્યક્તિ જ્યારે કે મહત્તમ ૨૨ જેટલા વ્યક્તિઓને હૃદય રોગનો હુમલો આવવાના કારણે હોસ્પિટલે ખસેડવામાં આવ્યા હોવાનું પણ સામે આવ્યું છે. હાલ હૃદય રોગના હુમલા ના બનાવ સામે આવતા ૧૦૮ માં ઓટોમેટેડ

## તંત્રી લેખ...

# વધુ ઉંઘ અયોગ્ય છે

રાત અને દિનમાં પુરતી ઉંઘ મળી હોવા છતાં પણ જો કોઈ વ્યક્તિ દિવસભર ઉંઘ લેતી નજરે પડે છે તો તે આળસ નહી બલ્કે બિમારીના સંકેતો છે અને સાવધાન થઈ જવાની જરૂર છે. પુરતા પ્રમાણમાં ઉંઘ લીધા બાદ પણ હમેંશા જો ઉંઘ આવતી રહે છે તો ડિપ્રેશન, ઈન્સોમેનિયા, ડાયાબિટીસ, હાર્ટ ડિસિઝ અથવા તો અન્ય બિમારીના લક્ષણ હોઈ શકે છે. વય અને શારરિક સ્થિતી મુજબ તમામની ઉંઘ અથવા નિંદની અવધિ જુદી જુદી હોય છે. પરંતુ જરૂર કરતા વધારે પ્રમાણમાં ઉંઘ અને વધુ ઉંઘ છતાં પણ કમજોરી લાગે છે તો ખતરનાક સંકેતો છે. ઉંઘ પુરતા પ્રમાણમાં આવી હોવા છતાં સતત ઉંઘ ફિટ નહીં હોવાના સંકેતો આપે છે. કેટલીક બિમારી હોવાના સંકેત આપે છે જેને લઈને અમે વાત કરવા જઈ રહ્યા છીએ. હમેંશા ઉંઘ આવવી અને શરીરમાં કમજોરીનો અનુભવ થવાની બ-ાબત ડિપ્રેશનનો સંકેત આપે છે. આવી સ્થિતીમાં વ્યક્તિનુ કોઈ પણ પ્રકારના કામમાં મન લાગતુ નથી. તેને દિવસભર ઉંઘતા રહેવાની ઈચ્છા થાય છે. ઓબ્સટક્ટિવ સ્લીપ એપ્રિયાનો સીધો સંબંધ ઉંઘ અને શ્વાસ લેવા સાથે સંબંધિત છે. આમાં ઉંઘી જવાની સ્થિતીમાં નાક અને મોના ઉપરના હિસ્સામાં હવા ભરાઈ જાય છે. જેના કારણે મોથી વ્યક્તિ શ્વાસ લેવાની શરૂઆત કરે છે. જ્યારે હવાના દબાણના કારણે નાકથી અવાજ આવવા લાગી જાય છે. આ બિમારીની સ્થિતીમાં ફેફસાને હવા બહાર નિકાળવા માટે ભારે મહેનત કરવી પડે છે. આ બિમારીના મુખ્ય લક્ષણમાં નીંદમાં બેચેની, અનુભવ કરવાની બાબત સામેલ છે. દિવસમાં વધારે ઉંઘી જવાની બાબત અને હમેંશા સુસ્ત રહેવાની બાબત પણ જોવા મળે છે. હમેંશા થાકનો અનુભવ થાય છે. કોઈ ચીજ પર મન લાગી શકતુ નથી. ઉંઘતી વેળા શ્વાસમાં અડચણો પણ ઉભી થાય છે. આ તમામ બાબતો સ્લીપ અપ્રિયામાં જોવા મળે છે. આવી જ રતે ફાઈબ્રોમાએલ્જિયા નામની તકલીફ પણ થઈ શકે છે. આ રોગનુ મુખ્ય કારણ ચોક્કસ છે. માંસપેશીમાં પીડાની સાથે સાથે થાક લાગે છે. આ બિમારીની યોગ્ય ઓળખ અને સમજ ન હોવાની સ્થિતીમાં આની સારવારમાં ખુબ સમય લાગે છે. ફાઈબ્રોમાયલ્જિયા મસ્કુલોસ્લેટલના કામને પ્રભાવિત કરે છે. જેના કારણે તંત્રિકા તંત્ર પણ યોગ્ય દિશામાં કામ કરી શકતા નથી. આવી સ્થિતીમાં એકાગ્રતાની કમી રહે છે. થાક પણ લાગે છે. ઈડિયોપૈથિક હાઈપરસોમનિયા પણ જોવા મળે છે. કેટલાક કેસમાં આ તકલીફ રહે છે . જેમાં રાતના ગાળા દરમિયાન પુરતી ઉંઘ લેવામાં આવી હોવા છતાં દિનમાં લાંબા સમય સુધી ઉંઘ આવે છે. આ બિમારીમાં વ્યક્તિ ૧૦ કલાકથી પણ વધારે સમય સુધી ઉંઘી જાય છે. વધારે પ્રમાણમાં ઉંઘ છતાં તેને રિલેક્સનો અનુભવ થતો નથી. તેને ફરી ઉંઘી જવાની ઈચ્છા હોય છે. આવી રી રિકરેન્ટ હાઈપરસોમનિયામાં વધારે ઉંઘ આવે છે. આમાં ૧૮ કલાક સુધી વ્યક્તિ ઉંઘે છે. જાણકાર નિષ્ણાંતા કહે છે કે ઈડિયોપૈથિક હાઈપરસોમનિયામાં ૧૦ કલાક કરતા પણ વધારે ઉંઘ વ્યક્તિને આવે છે. વધારે ઉંઘ થાક નહી પરંતુ બિમારીના સંકેત તરીકે છે.

## જ્યાંથી ખતમ ત્યાંથી નવી શરૂઆત

તલાકને લઈને સમાજમાં હમેંશા ચર્ચા રહે છે. તલાકના સંબંધમાં જાણકાર લોકો કહે છે કે તલાક એક ખરાબ સપના સમાન છે જ્યારે લગ્ન એક સારા સપના સમાન છે. તલાકની પિડા કોઈ વ્યક્તિ સહન કરવા માટે તૈયાર નથી પરંતુ કેટલાક લોકોની પરિણિત લાઈફ એટલી હદ સુધી વણસી જાય છે કે ઈચ્છા ન હોવા છતાં વ્યક્તિને આ પિડામાંથી પસાર થવાની ફરજ પડે છે. જાણકાર લોકો તો અહીં સુધી કહે છે કે જ્યાંથી તમામ બાબતો ખતમ થઈ ત્યાંથી નવેસરથી શરૂઆત કરવાની જરૂર હોય છે. શક્ય હોય ત્યાં સુધી મતભેદોને દુર કરવા માટે તમામે પ્રયાસ કરવા જોઈએ. જો કે આ બાબત મોટા ભાગના કેસમાં કરવામાં આવે છે પરંતુ આખરે તલાક થાય છે. તલાક વ્યક્તિને ઉદાસ, એકલાપણામાં ધકેલી નાંખે છે. સાથે સાથે તલાક આપને આર્થિક તંગી વચ્ચે છોડી દે છે. લાખ પ્રયાસ કરવામાં આવ્યા બાદ પણ આ જરૂરી નથી કે અસંતુષ્ટ અને નાખુસ લાઈફને આગળ વધારી દેવામાં આવે. લાઈફ ખુબ લાંબી અને કિંમતી છે આની કિંમત સમજી લેવામાં આવે તે જરૂરી છે. સકારાત્મક વિચારધારા સાથે આગળ વધવામાં આવે તે જરૂરી છે. ટેકનિક બદલાઈ રહી છે. યુગ બદલાઈ રહ્યા છે. પરંતુ તલાકશુદા સ્ત્રી પ્રત્યે સમાજની ધારણા બદલવાનુ નામ લેતી નથી. જેથી આજે પણ તલાક લીધેલી મહિલા એકલામાં રહેવાનુ પસંદ કરે છે. કારણ કે તલાક બાદ જ્યારે કોઈ મહિલા ફરી વાર ઘર બનાવવા માટે પ્રયાસ કરે છે ત્યારે તેને ખરી ખોટી સાંભળવાની ફરજ પડે છે. કદાચ આજ કારણ છે કે કેટલાક લોકો જ આ મોડ પર જીવનની નવી શરૂઆત શાન સાથે કરી શકે છે. મોટા ભાગના લોકો એકલાપણામાં જ જીવન ગાળવાનુ નક્કી કરે છે. તલાક બાદ એક નવા સંબંધની શરૂઆત કરનારા લોકો કહે છે કે લાઈફને શાન સાથે જીવવામાં આવે તે જરૂરી છે. કેટલાક રૂઢીવાદી લોકો કહે છે કે ભારતમાં મહિલાઓના બીજા વખત લગ્ન યોગ્ય નથી. કેટલાક વિષય અને પરિસ્થિતી એવી છે જેની સામે મહિલાઓને લડવાની ફરજ પડે છે. સામાજિક જાણકાર લોકો અને બુદ્ધિજીવી લોકો નક્કરપણે માને છે કે એક સંબંધ ખતમ થઈ ગયા બાદ બીજા સંબંધની શરૂઆત કરી શકાય છે. દરેક વ્યક્તિની પોતાની લાઈફ છે. તે કોઈ પણ રીતે જીવી શકે છે. વ્યક્તિએ પોતાની રીતે લાઈફ ગાળવી જોઈએ. તલાકની સાથે જીવન ખતમ થવાની ભાવના અથવા તો સમાજના ભયની સાથે લગ્ન નહીં કરવાની બાબત પણ યોગ્ય નથી. જો લાદેલી લાઈફ કોઈ વ્યક્તિ તલાક બાદ જીવે છે તો તે દિશામાં ફરી વિચારણા કરવાની જરૂર છે., લોકો શુ કહેશે તેને લઈને કોઈ ચિંતા કરવી જોઈએ નહીં. દુનિયાવાળા લોકોના ભયથી કોઈ વ્યક્તિ જીવાનુ છોડી શકે નહીં. કોઈ લગ્ન કરે, કોઈ વિલંબથી કરે, સાયકોલોજિસ્ટ નિષ્ણાંતોનુ કહેવુ છે કે સમાજની ભૂમિકા આજકલ સોશિયલ મિડિયા દ્વારા પણ અદા કરવામાં આવે છે. જેના કારણે લોકો બીજાના ફોટોને ખરાબ રીતે રજૂ કરવાના પ્રયાસ કરે છે. ખરાબ ટિપ્પણી કરવામાં આવે છે. મુશ્કેલમાં રહેતા લોકોને વધારે મુશ્કેલમાં મુકવાના પ્રયાસ સોશિયલ મિડિયામાં ચોક્કસ લોકો દ્વારા કરવામાં આવે છે. પોતે આ બાબતમાં આગળ રહે છે. આવા લોકોના કારણે એકાંતવાસમાં રહેવાની બાબત શુ યોગ્ય છે ? તે પ્રશ્ન પણ થાય છે. આનો જવાબ એ છે કે આ પ્રકારના લોકોની ચિંતા કર્યા બાદ લાઈફને સરળ બનાવીને આગળ વધવાની જરૂર હોય છે. પરિવારની મદદથી ખુબ પોતે નિર્ણય લઈને લાઈફમાં આગળ વધી જવાની જરૂર હોય છે. જે આપના ભવિષ્ય માટે યોગ્ય છે તે નિર્ણય કરવા જોઈએ. કોઈ પણ કામ ઉતાવળમાં કરવા જોઈએ નહીં. જે ખોટા કામ થઈ ગયા છે તેનાથી પણ શિખવાની જરૂર હોય છે. તલાક એક પરીક્ષાની જેમ છે.

# મનોરંજનનો દરેકને અધિકાર છે, ઘણીવાર એવું લાગે કે રમત એટલે શું માત્ર ક્રિકેટ જ છે, લોકો એ હદે એની પાછળ પાગલ થતાં જાય છે



**સદગુરુ વચનામૃત**
સંકલન ફાલ્ગુની વસાવડા (ભાવનગર)



હે ઈશ્વર.

આજે સમાચારમાં પહેલાં પાને જ એક સમાચાર વાંચ્યા કે વર્લ્ડ કપના પ્રારંભની મેચ એટલે કે અમદાવાદ નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં રમાયેલી પહેલી ઈંગ્લેન્ડ ન્યુઝીલેન્ડની મેચમાં કુલ ૮૧ લોકો મૂર્છિત થયાં હતાં, એમાં ૫૭ પુરુષ અને ૨૪ મહિલાનો સમાવેશ થતો હતો. આ ઉપરાંત વર્લ્ડ કપ મેચ ને કારણે મેટ્રોમાં કુલ ૯૩૬૯૮૬ મુસાફરો એ મુસાફરી કરી અને એથી મેટ્રો ટ્રેનની એ એક દિવસની આવક ૧૩ .૭૪ લાખની આવક થઈ! આ બધું સાંભળીને એમ થાય કે દેશવાસીઓ માં આ ક્રિકેટ મેનિયા કે ક્રિકેટ ફીવર જરાં વધુ પડતો નથી! નો ડાઉટ! મને પણ ક્રિકેટ ગમે છે, અને હું પણ ટીવી પર બધી જ મેચ જોઉં છું, અને એટલે જ સ્ટેડિયમમાં ક્રિકેટર નાં ફેનનો ધસારો પણ જોઉં છું. ખેલાડીઓ નું જૂનુન પણ જોઉં છું! મેચ ફિક્સિંગ અને મેચ માટે રમાતો સટ્ટો વગેરે જોતાં તો એમ થાય કે આવી મેચમાં જીત એ જ શું દેશપ્રેમ છે! અહીં કોઈને જમીર જેવું કંઈ છે ખરું? બરોબર છે રમત છે એટલે ધાર્યું ન થાય ! પણ કોઈ જવાબદારી જ નહીં! અને એનાં એ જ ખેલાડી આઈપીએલ માં ખૂબ રમે! એનાં પરથી જ એમ થાય છે, કે દેશની યુવાની ક્યાંક ખોટાં રોલ મોડેલ પસંદ કરી લેશે! તો એની જીંદગી ખોટાં માર્ગે જશે.

આમ પણ હાલમાં ન્યુઝ ચેનલો તેમજ સોશિયલ મીડિયામાં ત્રણ-ચાર મુદ્દે જ ચર્ચાઓ થાય છે. એક તો ૨૪ ની ચૂંટણી નાં અનુલક્ષીને હિન્દુત્વ વાદ માટે થઈને ધર્મ સંપ્રદાયોના અંદરો અંદરના બખડ જંતર, અને આપણાં દેવ દેવીઓ વિશે ગમે તેવું નિવેદન આપવું! જાણે કે એને એની સાથે કંઈ લેવાદેવા જ નથી! આ દેશની ધરતી ઉપર ઉભા રહીને મા ભારતીના સંતાન તરીકેની આપણી અમુક ફરજો છે, એ વાત દરેકે યાદ રાખવી જોઈએ. માત્ર અધિકાર મેળવવા એ જ આપણું લક્ષ ક્યારેય ન હોવું જોઈએ!; ખેર છોડો આપણે એ વાતમાં આજે જવું નથી. બીજું છે ભારત કેનેડાના સંબંધો, બોલેલું પાછું ગળી શકાતું નથી, એમ જસ્ટિન ટુડો હવે લાખ પસ્તાય તોય ભારત સરકાર હવે તેની સાથેના સંબંધો સુધારવા માગતી નથી! અને ભારતમાં રહેતા ૪૨ કેનેડિયન રાજદુતોને આપણા દેશમાંથી જવા માટેની તાકીદ કરી દીધી છે, અને અમેરિકા ને પણ આ બાબતે કોઈ સુધારણા શક્ય નથી એવું સ્પષ્ટ કહી દીધું છે. પણ છતાં ભારતીય વિદ્યાર્થીઓ ને હજી વિદેશ અને એમાં પણ કેનેડા જવું છે! આપણાં રૂપિયે એ લોકોનું અર્થ તંત્ર મજબૂત કરવું છે! ભારતીય યુવાધન જો આ રીતે પ્રશ્ચિમ સંસ્કૃતિ તરફ ખેંચાશે તો ભારતનું શું થશે? ખેર એમાં પણ આજે આપણે જવું નથી. પણ હાલ ઉપર જોયું તેમ સ્પોર્ટસને લીધે પણ મિડિયા બહુ ચર્ચિત છે.

એટલે કે હાલમાં જ એશિયા કપની મેચ સમાપ્ત થઈ ભારતે એશિયા કપ જીત્યો, અને પાંચમી ઓક્ટોબરથી વર્લ્ડ કપની મેચ પણ શરૂ થઈ ગઈ છે. ૫ ઓક્ટોબરથી શરૂ કરીને ૧૯ નવેમ્બર સુધી આ વર્લ્ડ કપની મેચ રમાશે! ભારત સહિત પાકિસ્તાન, બાંગ્લાદેશ, શ્રીલંકા, અફઘાનિસ્તાન, સાઉથ આફ્રિકા, ન્યુઝીલેન્ડ, ઈંગ્લેન્ડ, ઓસ્ટ્રેલિયા,નેધરલેન્ડ, એમ ૧૦ દેશ એમાં ભાગ લેવાનાં છે. પહેલી મેચ અમદાવાદનાં નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં શરૂ થઈ, અને ફાઈનલ પણ અમદાવાદનાં નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં પૂરી થશે. આપણે સૌ જાણીએ છીએ કે ક્રિકેટ રમતનું ગુજરાતી ઓમા કેટલું જૂનુન છે! અને એટલે જ ગુજરાતી ઓ ધૂમ રૂપિયા ખર્ચીને પણ મેચ જોવા જશે, અને એ પણ સ્ટાર્ટ થતી અને પૂરી થતી મેચમાં તો લાખો રુપિયાની કમાણી આ રીતે અમદાવાદમાં મેચ રાખીને કરી શકાય ! સારી વાત છે કોઈના શોખ પર આપણે પ્રહાર નથી કરવાં, દરેકને કોઈ ને કોઈ શોખ હોવા જ જોઈએ. મનોરંજનનો દરેકને અધિકાર છે. પરંતુ ઘણીવાર એવું લાગે કે સ્પોર્ટ્સ એટલે કે રમત એ શું માત્ર ક્રિકેટ જ છે! લોકો એ હદે એની પાછળ પાગલ થતાં જાયા છે કે વાત પુછો મા! અને ઈન્ટરનેશનલ ખેલાડી ખેલાડી વચ્ચે વૈમનસ્ય પણ આ રમતને કારણે વધુ જોવા મળે છે. શતાબ્દી થાય કે ઉપરા ઉપરી ચોગ્ગા છગ્ગા મારે કે વિકેટો ઝડપે તો રાજી થવું, એ સ્વાભાવિક છે પણ ઘણા તો જાણે મીર માર્યો હોય એમ! આ બધું એટલે કહેવું પડે છે કે ૨૩ સપ્ટેમ્બર થી ૮ ઓક્ટોબર સુધી ચીનના હુંગઝુ શહેર ખાતે ૧૯ મી એશિયન ગેમ્સ પણ શરૂ થઈ છે, અને

ભારતમાંથી ૧૯મી એશિયન ગેમ્સમાં ભાગ લેવા માટે હૉકી, ફૂટબોલ, વોલીબૉલ અને અન્ય રમતો સહિત કુલ ૬૫૫ ખેલાડીઓ ચીન પહોંચ્યા છે. ભારતમાંથી સૌથી મોટી ટુકડી એથ્લેટિક્સમાં ગઈ છે જેમાં કુલ ૬૮ સભ્યોનો સમાવેશ થાય છે. પ્રથમ વખત એશિયન ગેમ્સમાં ભારતની પુરૂષ અને મહિલા ક્રિકેટ ટીમ પણ ભાગ લઈ રહી છે, જેમાં મહિલા ટીમે સેમીફાઈનલ માટે પોતાનું સ્થાન નિશ્ચિત કરી લીધું છે. આ આખી એશિયન ગેમ્સમાં કુલ ૪૫ દેશો એ અને ૧૦,૦૦૦ ખેલાડીઓ એ ભાગ લીધો છે.

આમ જુદી જુદી સ્પર્ધા માટે કેટલાંય ખેલાડીઓ એ પણ એમાં મોટા પાયે ભાગ લીધો છે, અને આ લખાય છે, એ દરમિયાન કેટલાય સુવર્ણ, રજત અને બ્રોન્ઝ મેડલ જીતી લીધા છે. પણ એ સમાચારો છાપાંની હેડલાઈન બની શક્યા નથી, એનું સ્થાન હજી અંદરનાં પાને જ છે,એ બતાવે છે કે એને કેટલું મહત્વ મળે છે! તોય એડવર્ટાઈઝની આ દુનિયામાં હવે એવાં ખેલાડીઓ પણ મોડેલ તરીકે આવ્યાં અને લોકોનું એ રમત તરફ ધ્યાન ગયું! એશિયન ગેમ્સમાં કુલ આ વખતે ભારત એ એશિયન ગેમ્સમાં કુલ ૨૨ ગોલ્ડ મેડલ, ૩૪ સિલ્વર મેડલ અને ૩૯ બ્રોન્ઝ મેડલ જીત્યા છે, અને.

ભારત પોતાની રાષ્ટ્રીય રમત હોકીમાં ગોલ્ડ મેડલ જીત્યો છે, અને ભારત સરકારે આ દરેક ખેલાડીને ૫ લાખ રૂપિયા આપ વાની જાહેરાત કરી હતી. એશિયન ગેમ્સમાં ભારત આ વખતે મેડલ માં સદી કરી અને લેટેસ્ટ ન્યૂઝ પ્રમાણે ભારત એ કબડ્ડીમાં પણ ગોલ્ડ મેડલ જીતીને સદી પૂરી કરી. આ ઉપરાંત ક્રિકેટ ટીમે પણ ફાઈનલમાં પ્રવેશ કર્યો છે. હાલમાં ભારતમાં દુનિયાની એક તૃતિયાશ ગરીબી વસ્તી રહે છે. જે બે ડોલર કરતા પણ ઓછા પર ગુજારો કરે છે. જ્યારે પણ કોઈને જરૂરતથી વધુ મહત્વ આપવામાં આવે અને એવાં ને સફળતા મળે, પછી એ અભિનેતા અભિનેત્રી કે આવા ક્રિકેટરો હોય એને આ જાહેરખબર વાળા રુપિયા કમાવા એને મોડેલ તરીકે પસંદ કરે એટલે એને ત્યાં રુપિયાની ખાણ હોય, એમ રુપિયા આવે, અને જે ખરેખર દેશ માટે ગોલ્ડ, સિલ્વર, કે બ્રોન્ઝ મેડલ જીતવા જીંદગી આખી કેટકેટલી મહેનત કરે છે! અરે દેશ માટે જાન કુરબાન કરનાર જવાનોને ત્યાં ઘણીવાર જાણવા મળે છે કે, ખાવાનાં પણ સાંસા હોય છે. ખેતર અને મકાન પણ ગીરવે હોય છે, અને મા પણ કાળી મજૂરી કરતી જોવા મળે છે. મને લાગે છે કે સમાજ એ આ તરફ પણ વિચારવા જેવું છે! અને સાચો દેશપ્રેમ દેખાડવા માટે આવું કંઈક પણ કરવું જોઈએ. બાકી તો વિજ્ઞાનની રીતે આપણે ગમે તેટલો વિકાસ કરીએ, અને લાખો રૂપિયા કમાઈને પછી આ રીતે વાપરીએ, તો એ આપણું સુખ કહેવાશે. એટલે કે વ્યક્તિગત વિકાસ થશે, પણ સર્વાંગી વિકાસ કરવો હશે, તો બધાં જ પહેલું પર વિચારવું પડશે, અને એ સમય હવે આવી ગયો છે. જય હિન્દ.

# કોઇના આશીર્વાદ ન લો તો કાંઇ નહીં પણ કોઇનો નિઃસાસો લેશો નહીં, કોઇ નિઃસાસો આપે તેવું કૃત્ય કરતા નહોતા



**વિશેષ**
યશપાલસિંહ ટી. વાઘેલા



ભગવાન પૃથ્વીલોક પર મનુષ્યાવતાર ધારણ કરીને આવ્યા પછી જગતના જીવોને જે ઉપદેશ આપ્યો તે ભગવદ્ ગીતામાં જણાવ્યો છે.આ જીવ સર્વ પ્રકારે સુખી થાય એ યોગ્ય નથી. એકાદ દુઃખ તો મનુષ્ય ના હૃદયમાં હોવું જ જોઈએ કારણ કે દુઃખમાં જ ખાતરી થાય છે કે, ભગવાન વિના મારું કોઈ નથી. દરેક મહાન પુરુષ ઉપર દુઃખો આવ્યાં છે. પરમાત્માએ વિચાર્યું કે, પાંડવોને પૃથ્વીનું રાજ્ય મળ્યું છે, સંતતિ છે અને સંપત્તિ પણ પુષ્કળ છે. પાંડવોને આ સુખમાં કદાચ અભિમાન થશે તો તેમનું પતન થશે.આવા શુભ હેતુ માટે ઠાકોર જી કોઈ વખત નિષ્ઠુર બની જાય છે. સુખમાં પાંડવો સાનભાન ન ભૂલે તેથી આ દુઃખ પ્રભુએ આપ્યું. ભગવાન જીવને ગુપ્ત રીતે દુઃખમાં મદદ કરે છે. તમે પણ પ્રભુ પાસે એકાદ દુઃખ તો માગજો. તે પછી અશ્વત્થામા અને અર્જુનનું યુદ્ધ થાય છે.અર્જુને અશ્વત્થામા ને મારવાની પ્રતિજ્ઞા કરેલી છે, પણ મારવાની હિંમત નથી,ગુરુપુત્ર ગુરુ નું સ્વરૂપ છે. અશ્વત્થામાને બાંધી અર્જુન તેને ખેંચીને દ્રૌપદી પાસે લાવ્યો. દ્રૌપદી આંગણામાં બેઠેલાં છે. પુત્રશોકથી રડે છે. અશ્વત્થામાની આ સ્થિતિ જોઈ દ્રૌપદી દોડ્યાં આવે છે,ને અશ્વત્થામાને વંદન કરે છે. કહે છે, મારા આંગણે બ્રાહ્મણનું અપમાન ન કરો. પોતાના પાંચે બાળકોને મારનારને દ્રૌપદી વંદન કરે છે. હું આ સાધારણ વેરી નથી. પાંચ બાળકોને મારનારો વેરી આંગણે આવ્યો છે,છતાં તેને બ્રાહ્મણ માની દ્રોપદી પ્રણામ કરે છે. તમારો વેરી તમારે આંગણે આવ્યો હોય તો તમે જય શ્રીકૃષ્ણ કહેશો? વેર ની શાંતિ નિર્વેરથી થાય છે, પ્રેમથી થાય છે, વંદનથી થાય છે. વૈષ્ણવ એ કે જે વેરનો બદલો પ્રેમથી આપે છે. જય શ્રીકૃષ્ણ કહેવાનો એ અર્થ છે કે, મને જે દેખાય તે શ્રીકૃષ્ણમય છે. અશ્વત્થામા વિચારે છે, ખરેખર દ્રૌપદી વંદનીય છે. હું વંદનીય નથી. અશ્વત્થામા કહે છે,દ્રૌપદી, લોકો જે તારાં વખાણ કરે છે તે ઓછાં છે. તું વેરનો બદલો પ્રેમથી આપે છે, ધન્ય છે તને!જેનો સ્વભાવ અતિ સુંદર તે ભગવાનને વહાલો લાગે છે.શરીર જેનું સુંદર છે તે ઠાકોર જીને સર્વદા ગમતો નથી,પણ જેનો સ્વભાવ સુંદર છે તે ઠાકોર જીને સર્વદા ગમે છે. સ્વભાવ સુંદર ક્યારે બને?અપકારનો બદલો ઉપકારથી આપે ત્યારે દ્રૌપદી બોલી ઊઠે છે, તેને છોડી દ્યો. મારશો નહીં. આ ગુરુપુત્ર છે. જે વિદ્યા દ્રોણાચાર્યે . શુક્ન પોતાના પુત્રને ન આપી તે તમને આપી. ગુરુનું ઋણ કદી ભૂલશો નહીં. બ્રાહ્મણ પરમાત્માનું સ્વરૂપ છે. ગાય લૂલી, લંગડી, વાંઝણી હોય તો પણ ગાયના શુકન માનવામાં આવતા નથી. ગાય અને બ્રાહ્મણ વંદનીય છે. દ્રૌપદી એ દયાનું સ્વરૂપ છે. દયા સાથે જીવ ન પરણે, ત્યાં સુધી શ્રીકૃષ્ણ તેના સારથિ બનતા નથી. અર્જુન જીવાત્મા ગુડાકેશ અને શ્રીકૃષ્ણ હૃષીકેશ છે. એ જોડી આ શરીર રથમાં બેઠી છે. ઈન્દ્રિયોરૂપી ઘોડાઓનો રથ પ્રભુને સોંપશો તો કલ્યાણ થશે. ઈન્દ્રિયોના સ્વામી શ્રીકૃષ્ણ છે. યુધિષ્ઠિર એ ધર્મ છે. ભીમ એ બળ છે. સહદેવ-નકુલ બુદ્ધિ અને જ્ઞાન છે. આ ચાર ગુણવાળો જીવ અર્જુન છે. આ ગુણો ક્યારે શોભે? જ્યારે દ્રૌપદી- દયા તેની પત્ની બને છે ત્યારે.જીવ - દયા દ્રૌપદી સાથે લગ્ન કરે છે ત્યારે. દ્રૌપદી ક્યારે મળે? ધર્મને મોટો માને ત્યારે. પરમાત્મા સારથિ ત્યારે જ થાય કે ધર્મને મોટો માને. આજે તો લોકો ધર્મને મોટો માનતા નથી. ધનને મોટું માને છે, પણ માનવજીવનમાં ધન મુખ્ય નથી, ધર્મ મુખ્ય છે. ધન ધર્મની મર્યાદામાં રહીને મેળવવું જોઈએ. તમારે કોઈ કાર્ય કરવું હોય તો પહેલા ધર્મને પૂછજો. આ કાર્ય કરવાથી પાપ તો નહીં લાગે ને? તમે અર્જુન જેવું પવિત્ર જીવન ગાળશો તો, ભગવાન તમારા સારથિ થશે. પૈસા માટે ધર્મનો ત્યાગ કરે તે ઈશ્વરને ગમતો નથી, પણ ધર્મ માટે પૈસાનો ત્યાગ કરે તે પ્રભુને ગમે છે.

દ્રૌપદીએ અશ્વત્થામાને બચાવ્યો. તેણે અર્જુનને કહ્યું, અશ્વત્થામાને મારશો તો તેની મા ગૌતમીને અતિ દુઃખ થશે. હું હજુ સધવા છું, અશ્વત્થામાની મા વિધવા છે. તે પતિના મર્યા પછી પુત્રના આશ્વાસ ને જીવે છે. કોઈના આશીર્વાદ ન લો તો કાંઈ નહીં પણ કોઈનો નિઃસાસો લેશો નહીં.કોઈ નિઃસાસો આપે તેવું કૃત્ય કરતા નહીં. જગતમાં બીજાને રડાવશો નહીં, જાતે રડજો. રડવાથી પાપ બળે છે. રડવાથી એક દિવસ પરમાત્મા કૃપા કરે છે. ત્યારે ભીમ અર્જુનને કહે છે, આ બાલહત્યારા ઉપર દયા હોતી હશે?અર્જુન વિચારમાં પડ્યા. છેલ્લે શ્રીકૃષ્ણે આજ્ઞા કરી,દ્રૌપદી કહે છે તે બરાબર છે. દ્રૌપદીના દિલમાં દયા છે.ભીમસેને કહ્યું કે, આતતાયીને મારવામાં પાપ નથી. તેને શ્રીકૃષ્ણ જવાબ આપે છે, બ્રાહ્મણનું અપમાન એ મરણ બરાબર છે. માટે અશ્વત્થામાને મારવાની જરૂર નથી. તેનું અપમાન કરી કાઢી મૂકો.અશ્વત્થામાનું મસ્તક કાપ્યું નહીં. તેના માથામાં જન્મસિદ્ધ મણિ હતો તે કાઢી લીધો અશ્વત્થામા તેજહીન બન્યો હવે મરવામાં શું બાકી રહ્યું? અપમાન મરણ કરતાં પણ વિશેષ અશ્વત્થામાએ વિચાર કર્યો કે, આના કરતાં મને મારી નાખ્યો હોત તો સારું થાત!આ અપમાન નો બદલો હું લઈશ.ઉત્તરાના પેટ માં ગર્ભ છે તે પાંડવોનો ઉત્તરાધિ કારી છે. તે ગર્ભનો નાશ થાય તો પાંડવોના વંશનો નાશ થાય, એમ વિચારી ગર્ભ ઉપર તેણે બ્રહ્માસ્ત્ર છોડ્યું. ઉત્તરા વ્યાકુળ થાય છે,હરિ સ્મરણ કરે અને હરિઆશ્રય લે તો ભગવાન માર્ગ બતાવે છે. બ્રહ્માસ્ત્ર ઉત્તરાના શરીરને બાળવા લાગ્યું. ઉત્તરા દોડતાં દોડતાં શ્રીકૃષ્ણ પાસે આવ્યા. શ્રીકૃષ્ણ ઉત્તરાના ગર્ભમાં પરીક્ષિતનું રક્ષણ કરે છે. જીવ માત્ર પરીક્ષિત છે. સર્વનું ગર્ભમાં કોણ રક્ષણ કરે છે? જીવ માત્રનું રક્ષણ ગર્ભમાં ઈશ્વર કરે છે. બહાર આવ્યા પછી પણ જીવનું રક્ષણ ભગવાન કરે છે. ગર્ભમાં તો જીવાત્મા હાથ જોડીને પરમાત્માને સતત નમન કરે છે પણ બહાર આવ્યા પછી બે હાથ છૂટા થતાં તેનું નમન છૂટી જાય છે, પ્રભુને તે ભૂલી જાય છે. ગર્ભાવસ્થામાં જીવનું રક્ષણ પરમાત્મા કરે છે,તે બાલ્યાવસ્થા માં પણ જીવનું પરમાત્મા જ રક્ષણ કરે છે. પણ જવાનીમાં માનવી ભાન ભૂલે છે. અક્કડાઈમાં ચાલે છે અને કહે છે કે હું ધર્મમાં માનતો નથી, ઈશ્વરમાં માનતો નથી.

દ્રૌપદીએ ઉત્તરાને સારી શિખામણ આપેલી કે જીવનમાં દુઃખનો પ્રસંગ આવે ત્યારે શ્રીકૃષ્ણને શરણે જજે. તે તને જરૂર મદદ કરશે. તારા દુઃખની કથા દ્વારિકાનાથ સિવાય કોઈને કહેતી નહીં. તેથી ઉત્તરા રક્ષણ માટે પાંડવો પાસે ગયા નથી પણ પરમાત્મા પાસે ગયા છે. ભગવાન કોઈના ગર્ભમાં જતા નથી.પરમાત્માની લીલા અપ્રાકૃત છે. દેવકીના પેટમાં ભગવાન ગયા નથી. દેવકીને ભ્રાંતિ કરાવી છે કે, મારા પેટમાં ભગવાન છે. પરંતુ આજે એવી જરૂર પડી હતી. આજે ભક્તનું રક્ષણ કરવું હતું એટલે પરમાત્માએ ગર્ભમાં જઈ રક્ષણ કર્યું. પરમ આશ્ચર્ય છે.

શ્રીકૃષ્ણે સુદર્શનચક્રથી બ્રહ્માસ્ત્રનું નિવારણ કર્યું, પરીક્ષિતનું રક્ષણ કર્યું. માતાના પેટમાં જ પરીક્ષિતને પરમાત્માનાં દર્શન થયા છે, તેથી પરીક્ષિત ઉત્તમ શ્રોતા છે. હવે દ્વારિકાનાથ દ્વારિકા જવા તૈયાર થાય છે. કુંતા એ મર્યાદા ભક્તિ છે. સાધનભક્તિ છે. યશોદા એ પુષ્ટિભક્તિ છે. યશોદાનો બધો વ્યવહાર ભક્તિ રૂપ હતો. પ્રેમલક્ષણા ભક્તિમાં વ્યવહાર અને ભક્તિનો ભેદ રહેતો નથી. વૈષ્ણવની દરેક ક્રિયા ભક્તિ બની જાય છે. મર્યાદા ભક્તિ પહેલાં આવે છે, તે પછી પુષ્ટિભક્તિ. મર્યાદાશક્તિ એ સાધન છે તેથી આરંભમાં આવે છે.

## બોલિવૂડ-હોલિવૂડ

BOLLYWOOD NEWS FLASH

## શાહરૂખ ખાન અક્ષય કુમાર સાથે કેમ નથી કરતો કામ?



### અક્ષયે ૧૯૯૭માં આવેલી ફિલ્મ દિલ તો પાગલ હૈમાં શાહરૂખ સાથે સ્ક્રીન શેર કરી હતી

। મુંબઈ, તા.૭ ।

બોલિવૂડ સુપરસ્ટાર શાહરૂખ ખાન અને અક્ષય કુમાર છેલ્લા ૩ દાયકાથી બોલિવૂડમાં સક્રિય છે અને તેમની ફિલ્મોથી સતત દર્શકોના દિલ જીતતા જોવા મળે છે. બંનેએ તેમની ફિલ્મી કારકિર્દી લગભગ એક સાથે શરૂ કરી હતી અને આજે પણ બંને પોતપોતાનું સ્ટારડમ જાળવી રહ્યા છે. એક તરફ અક્ષયે ૧૯૯૧માં આવેલી ફિલ્મ ‘સૌગંધ’થી બોલિવૂડમાં એન્ટ્રી કરી હતી, તો બીજી તરફ શાહરૂખ ખાને ૧૯૯૨માં આવેલી ફિલ્મ ‘દીવાના’થી બોલિવૂડમાં એન્ટ્રી કરી હતી. આ બંને કલાકારોએ પોતાની મહેનત અને દમદાર અભિનયથી દર્શકોના દિલ જીતી લીધા અને થોડા જ સમયમાં બંને સુપરસ્ટાર તરીકે ઉભરી આવ્યા. હવે સવાલ એ ઉઠે છે કે આ બંને સુપરસ્ટાર સાથે કામ કેમ નથી કરતા? શું અક્ષય અને શાહરૂખ સાથે નથી મળતા? શું બંને સુપરસ્ટાર વચ્ચે કોઈ અહંકાર છે? જો તમારા મનમાં આવા સવાલો આવી રહ્યા હોય તો તમે ખોટા છો, કારણ કે એવું કંઈ નથી અને બંને સુપરસ્ટાર વચ્ચે સારું બોન્ડિંગ છે, પરંતુ શાહરૂખ અક્ષય સાથે કામ નથી કરતો તેની પાછળનું કારણ આવું છે.શાહરુખની વાત તો છોડો, ના. એક પાસે ઉકેલ છે.

## સનવર સ્કૂલમાં સંજય દત્ત, સૈફ અલી ખાન ભણ્યા હતા



। મુંબઈ, તા.૭ ।

હિમાચલ પ્રદેશના સોલન જિલ્લામાં સ્થિત વિશ્વની સૌથી જૂની શાળાઓમાંની એક ધ લોરેન્સ સનાવર સ્કૂલમાં ત્રણ દિવસીય સ્થાપના દિવસની શરૂઆત થઈ છે. અહીં ૨જી ઓક્ટોબરથી ત્રણ દિવસ માટે સ્થાપના દિવસની ઉજવણીના કાર્યક્રમો શરૂ થયા છે. સ્થાપના દિવસની શરૂઆતમાં ગાંધી જયંતિ નિમિત્તે એક વિશેષ સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પહેલા સમગ્ર શાળાને રંગબેરંગી રોશનીથી શણગારવામાં આવી હતી. સમગ્ર કેમ્પસનો રાત્રીનો નજારો જોવાલાયક હતો. ૨ ઓક્ટોબરે જ ૧૯૯૮, ૧૯૭૩, ૧૯૬૩ અને ૧૯૫૮ બેચના જૂના વિદ્યાર્થીઓ પણ ભેગા થયા હતા. મળતી માહિતી મુજબ, મુખ્યમંત્રી સુખવિંદર સુખુ બુધવારે કાર્યક્રમની અધ્યક્ષતા કરશે અને પરેડનું નિરીક્ષણ કરશે અને વિદ્યાર્થીઓને પુરસ્કાર પણ આપશે. નોંધનીય છે કે, સર હેનરી અને લેડી હોનોરિયા લોરેન્સે સનાવમાં આ શાળાની સ્થાપના કરી હતી. તે વિશ્વની સૌથી જૂની બોર્ડિંગ શાળાઓમાંની એક છે. હિમાચલ પ્રદેશના સોલન જિલ્લામાં કસૌલીની ખીણોમાં ૧૫ એપ્રિલ ૧૮૪૭ના રોજ ૧૪ બાળકો સાથે આ શાળાની સ્થાપના કરવામાં આવી હતી.



## રાખીએ સોલ્જરમાં સૌને ભાવુક કરી દીધા

। મુંબઈ, તા.૭ ।

એક્શન થ્રિલર ડ્રામા ‘સોલ્જર’ એ લગભગ ૨૫ વર્ષ પહેલા બોક્સ ઓફિસ પર જંગી કમાણી કરીને ઘણી હેડલાઈન્સ બનાવી હતી. આ ફિલ્મ અબ્બાસ-મસ્તાને ડિરેક્ટ કરી હતી. કુમાર તૌરાની અને રમેશ તૌરાનીએ તેનું નિર્માણ કર્યું હતું. ફિલ્મની વાર્તા સચિન ભૌમિક અને શ્યામ ગોયલે લખી હતી. આ ફિલ્મના ગીતો પણ ખૂબ ફેમસ થયા હતા. ફિલ્મમાં બોબી દેઓલ અને પ્રીતિ ઝિન્ટાની કેમેસ્ટ્રી પર લોકોએ ખુલ્લેઆમ પોતાનો પ્રેમ વરસાવ્યો હતો. પરંતુ આ ફિલ્મમાં પોતાના રોલ અને દમદાર અભિનયથી જો કોઈને રડાવ્યા હોય તો તે હતી ૭૦ના દાયકાની સુંદર અભિનેત્રી રાખી ગુલઝાર. રાખી ગુલઝારે બીજી વખત અબ્બાસ-મસ્તાનની ફિલ્મમાં કામ કર્યું હતું.

## રામાયણના રામની દીકરી સોનિકા છે ખૂબ જ ગ્લેમરસ

। મુંબઈ, તા.૭ ।

રામાનંદ સાગરની ઐતિહાસિક ટીવી સિરિયલ ‘રામાયણ’ દરેક ઘરમાં જોવાતી હતી, જેનું દરેક પાત્ર આજે પણ લોકોના માનસપમાં છે. આજે પણ લોકો શોમાં જોવા મળેલા ‘રામ‘, ‘લક્ષ્મણ’ અને ‘સીતા’ને ભગવાન તરીકે પૂજે છે. એક સમય હતો જ્યારે રામાયણ સિરિયલ શરૂ થતી અને લોકો ટીવી સામે હાથ જોડીને બેસી રહેતા. એ વખતે બધા કામ છોડીને ટીવી સામે હાથ જોડીને બેસી જતા. ‘રામ‘નું પાત્ર ભજવનાર અરુણ ગોવિલ આજે પણ લોકો માટે ભગવાન છે. આજે પણ લોકો તેને જોઈને તેના પગ સ્પર્શ કરવા લાગે છે. તમે અરુણ ગોવિલના પરિવાર અને તેમના સંબંધો વિશે ઘણા સમાચાર વાંચ્યા હશે, પરંતુ આજે અમે તમને અરુણ ગોવિલના પ્રેમી વિશે જણાવવા જઈ રહ્યા છીએ, જેનો ફિલ્મી દુનિયા સાથે કોઈ સંબંધ નથી. ૧૨-જાન્યુઆરી ૧૯૬૦ના રોજ મેરઠમાં જન્મેલા ‘રામ‘ એટલે કે, અરુણ ગોવિલે અભિનેત્રી શ્રીલેખા સાથે લગ્ન કર્યા હતા. લગ્ન બાદ બંનેને બે સંતાનો થયા. એક પુત્ર અમલ ગોવિલ અને પુત્રી સોનિકા ગોવિલ. અરુણ ગોવિલ જેટલા લોકપ્રિય છે, તેમની પુત્રી સોનિકા લાઈમલાઈટથી દૂર રહે છે. પરંતુ સુંદરતાના મામલામાં તે બોલિવૂડ અભિનેત્રીઓને માત આપે છે.





## યો યો હની સિંહ, જેને ભારતીય રેપ સંગીતમાં ક્રાંતિ લાવવાનો અને હિપ હોપ સાથે પોપ મ્યુઝિકને મર્જ કરવાનો શ્રેય આપવામાં આવે છે




। મુંબઈ, તા.૭ ।

ભારતમાં રેપિંગ નવી ઊંચાઈએ છે. ઘણા પ્રતિભાશાળી રેપર્સ તેમની પ્રતિભા બતાવી રહ્યા છે. છેલ્લા કેટલાક વર્ષોમાં ભારતીય સંગીતમાં તેમનો પ્રભાવ વધ્યો છે. આલિયા ભટ્ટ અને રણવીર સિંહની ફિલ્મ ‘ગલી બોય’ રેપિંગ પર આધારિત હતી, જેના રેપ ગીત ‘અપના ટાઈમ આયેગા’ અને ‘મેરી ગલી મેં’ ખૂબ ફેમસ થયા હતા. યો યો હની સિંહ, બાદશાહ અને દિવંગત ગાયક સિદ્ધુ મૂસેવાલા પંજાબી ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં ખૂબ પ્રખ્યાત છે. યો યો હની સિંહ, જેને હિપ હોપ સાથે પોપ મ્યુઝિકને મર્જ કરવાનો શ્રેય આપવામાં આવે છે, તેને ભારતીય રેપ સંગીતમાં ક્રાંતિ લાવવાનો શ્રેય પણ આપવામાં આવે છે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, યો યો હની સિંહ પાસે પુષ્કળ સંપત્તિ અને પ્રસિદ્ધિ છે. તેમની કુલ સંપત્તિ લગભગ ઈ૨૫ મિલિયન છે, જે ભારતીય રૂપિયામાં અંદાજે રૂ. ૧૦૮ કરોડ છે. હની સિંહ પંજાબના હોશિયારપુરનો છે. તેનો જન્મ ૧૫ માર્ચ ૧૯૮૩ના રોજ પંજાબી પરિવારમાં થયો હતો. તે ‘બ્રાઉન રંગ‘, ‘બ્લુ આઈઝ’, ‘લવ ડોઝ’, ‘દેશી કલક’ જેવા રેપ ગીતોને કારણે ફેમસ થયો હતો. હની સિંહને થોડા જ સમયમાં લોકપ્રિયતા મળી. તેણે પોતાના કરિયરની શરૂઆત પંજાબી ગીતો ગાઈને કરી હતી. યો યો હની સિંહનું સાચું નામ હૃદેશ સિંહ છે. તેણે યુકે ટ્રિનિટી સ્કૂલમાંથી સંગીતનું શિક્ષણ લીધું. ત્યારબાદ ગાયક તેના પરિવાર સાથે દિલ્હીમાં રહેવા આવ્યો અને તેણે ૨૦૧૧માં તેનું પહેલું આલ્બમ ‘ઈન્ટરનેશનલ વિલેજર’ બહાર પાડ્યું.

## સલમાન ખાન અને અરિજીત સિંહ વચ્ચે થઈ ગયું સમાધાન?

સલમાન ખાન અને અરિજીત સિંહ વચ્ચે વર્ષોથી કોઈ વાતચીત થઈ નથી. એક ઈવેન્ટ દરમિયાન બંને સ્ટાર્સ વચ્ચે અણબનાવ થયો હતો, ત્યારબાદ બંનેએ ક્યારેય સાથે કામ કર્યું નથી. કહેવાય છે કે સલમાન ખાનની ફિલ્મમાં અરિજિત સિંહનું પણ એક ગીત હતું, જે તેણે હટાવી લીધું હતું. પરંતુ હવે એવું લાગી રહ્યું છે કે બંને પોતાના મતભેદો ભૂલી ગયા છે. હાલમાં જ સિંગર મુંબઈમાં બોલિવૂડ સુપરસ્ટારના ગેલેક્સી એપાર્ટમેન્ટમાંથી બહાર નીકળતો જોવા મળ્યો હતો. જેના કારણે ચાહકો હવે અનુમાન લગાવી રહ્યા છે કે બંને વચ્ચેનો જુનો ઝઘડો ખતમ થઈ ગયો છે. એવું પણ માનવામાં આવે છે કે ટૂંક સમયમાં જ આ ગાયક સલમાન ખાનની કોઈપણ ફિલ્મના ગીતમાં પોતાનો અવાજ આપી શકે છે. ગેલેક્સી એપાર્ટમેન્ટમાંથી બહાર આવતા અરિજીત સિંહનો વીડિયો સલમાન ખાનના એક ફેન દ્વારા ઠ પર શેર કરવામાં આવ્યો છે. વીડિયો શેર કરતી વખતે યુઝરે કેપ્શનમાં લખ્યું- અરિજીત સિંહ આજે સલમાન ખાનના ઘરે જોવા મળ્યો હતો. આ શું થઈ રહ્યું છે? #Tiger3, #Tiger3Trailer.’ અન્ય એક ચાહકનું અનુમાન છે કે બંને સ્ટાર્સની આ મુલાકાત સલમાન ખાનની આગામી ફિલ્મ ‘ટાઈગર ૩’ સાથે સંબંધિત હોઈ શકે છે.



## કરીના કપૂર પાસે માત્ર પ્રસિદ્ધિ નહીં પરંતુ અઢળક સંપત્તિ પણ છે



। મુંબઈ, તા.૭ ।

કરીના કપૂરે ફિલ્મ ‘જાને જાન’માં પોતાના રસપ્રદ રોલથી દર્શકોના દિલ જીતી લીધા હતા. તેમની ફિલ્મી લાઈફ ઉપરાંત લોકો તેમના અંગત જીવન વિશે પણ જાણવા ઉત્સુક છે. આજે અમે તમને અભિનેત્રીની ૫ સૌથી મોંઘી વસ્તુઓ વિશે જણાવીશું, જેના વિશે તમે ભાગ્યે જ જાણતા હશો. કરીના કપૂર અને સૈફ અલી ખાનનું મુંબઈમાં ચાર માળનું ઘર છે. રિપોર્ટ્સ અનુસાર આ કપલના ઘરની કિંમત અંદાજે ૨૫ થી ૩૦ કરોડ રૂપિયા છે. કરીના કપૂરનું સ્વિત્ઝરલેન્ડમાં એક આલિશાન ઘર છે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, વિદેશમાં સ્થિત ઘરની કિંમત ૩૩ કરોડ રૂપિયા હોવાનું કહેવાય છે. કરીના કપૂર પાસે હીરાની વીંટી છે, જે તેના દિલની ખૂબ જ નજીક છે. સૈફ અલી ખાને તેને એકવાર હીરાની આ વીંટી ભેટમાં આપી હતી. કરીના કપૂર પાસે ઘણી લક્ઝુરિયસ કાર છે, જેમાં ‘ઓડી ક્યૂ૭’ અને ‘મર્સિડીઝ બેન્ઝ એસ ક્લાસ‘ પણ સામેલ છે. ૪૩ વર્ષની કરીના કપૂર પાસે લક્ઝરી બેગનું વિશાળ કલેક્શન છે. અહેવાલો અનુસાર, અભિનેત્રી પાસે બિર્કિન બેગ છે.

**સની દેઓલે આ બાબતને વધારે મહત્વ આપ્યું ન હતું કારણ કે તે સમજી ગયો હતો કે સેટ પર આવા અકસ્માતો બનવા સામાન્ય છે**

## અભિનેતા સની દેઓલનો અંગૂઠો ભૂલથી કપાયો હતો



। મુંબઈ, તા.૭ ।

૩૯ વર્ષ પહેલા સની દેઓલ અને પૂનમ ધિલ્લોનની સુપરહિટ ફિલ્મ ‘સોહની મહિવાલ’ રિલીઝ થઈ હતી. ફિલ્મના ગીતો સાથે સની દેઓલ અને પૂનમ ધિલ્લોનની કેમેસ્ટ્રીએ ફેન્સના દિલ જીતી લીધા હતા. ફિલ્મના મોટાભાગના દ્રશ્યોની જેમ સની દેઓલનો વિલન સાથેનો ફાઈટ સીન પણ ઘણો હિટ થયો હતો પરંતુ આ સીનને કારણે સની દેઓલ થોડા દિવસો સુધી હોસ્પિટલમાં દાખલ રહ્યો હતો. ફિલ્મ ‘સોહની મહિવાલ’ એ જ નામની ક્લાસિક લવ સ્ટોરી પર આધારિત હતી, જેનું નિર્દેશન ઉમેશ મહેરાએ કર્યું હતું. ફિલ્મનું મોટાભાગનું શૂટિંગ રશિયામાં થયું હતું. આ ફિલ્મમાં ગુલશન ગ્રોવરે વિલન નૂરાની ભૂમિકા ભજવી હતી. સની દેઓલ સાથે ફાઈટ સીનના કારણે ગુલશન ગ્રોવર ખૂબ જ નર્વસ હતો. ખરેખરમાં એક ફાઈટ સીનમાં સની અને ગુલશને ખરેખરમાં તલવારો સાથે ફાઈટ સીન શૂટ કર્યો હતો. જોકે આકસ્મિક રીતે સની પાજીના અંગૂઠા પર ગુલશનની તલવાર વાગી હતી, જેના કારણે તેમાંથી ખૂબ લોહી નીકળવા લાગ્યું હતું.

**આ પહેલા માહિરા ખાને તેના બાળપણના મિત્ર અને લાંબા સમયના બોયફ્રેન્ડ અલી અસ્કરી સાથે વર્ષ ૨૦૦૭માં લગ્ન કર્યા હતા**

## અલી માહિરા ખાનને ગ્લેમરની દુનિયામાં લાવ્યો

। મુંબઈ, તા.૭ ।

માહિરા ખાને પોતે આ વાતનો ઉલ્લેખ કર્યો છે. અલી અસ્કરી એ વ્યક્તિ હતી જેણે માહિરા ખાનને ગ્લેમરની દુનિયામાં લાવ્યો હતો. આ પછી માહિરા ખાન તેના પ્રેમમાં પડી ગઈ અને બંનેએ લગ્ન કરી લીધા. માહિરા અને અલીને એક પુત્ર પણ છે. જો કે, લગ્નના ૮ વર્ષ પછી, તેમનો પ્રેમ પૂરો થઈ ગયો. આ પછી બંનેના છૂટાછેડા થઈ ગયા. માહિરા ખાને પોતાના સ્ટારડમનો શ્રેય પોતે અલી અસ્કરીને આપ્યો હતો. પાકિસ્તાનના સૌથી મોટા મીડિયા હાઉસ ‘ડોન ન્યૂઝ’ને આપ ેલા ઈન્ટરવ્યુમાં તેણે કહ્યું હતું કે, ‘મને ગ્લેમરની દુનિયામાં લાવવાનો શ્રેય અલીને જાય છે, જે હવે મારા પતિ પણ છે. એકવાર ઉનાળાના વેકેશનમાં હું અલીને તેના સ્ટુડિયોમાં મળવા ગયો હતો. મેં અલીને કહ્યું કે હું પણ તારી મદદ કરવા માંગુ છું. આ પછી અલીએ તેને વીજે બનવાની તક આપી. અલી પાકિસ્તાન એમટીવીમાં કામ કરતો હતો. જો કે, અલી અને માહિરા પણ બાળપણના મિત્રો છે. જ્યારે અલીએ માહિરાને સ્ફ઼ પાકિસ્તાનના હિટ શો ‘મોસ્ટ વોન્ટેડ’માં ફ્ત્ત (વીડિયો જોકી) બનવાની તક આપી હતી. બાદમાં આ શો સુપરહિટ બન્યો અને માહિરાની કરિયર પણ ધૂમ મચાવી ગઈ. જ્યારે માહિરા ગ્લેમરની દુનિયામાં પોતાનું સ્થાન તૈયાર કરવામાં વ્યસ્ત હતી ત્યારે તેને અલી અસ્કરી સાથે પ્રેમ થઈ ગયો હતો. આ પછી માહિરાએ ૨૦૦૭માં અલી સાથે લગ્ન કર્યા. આ પછી માહિરા ખાન અને અલી અસ્કરીને એક પુત્ર પણ થયો. જ્યારે માહિરા ખાનનો મોસ્ટ વોન્ટેડ શો હિટ થયો ત્યારે તેને ઘણી ઓફર મળવા લાગી.



### કેમિસ્ટ એસોસીએશન, મિત્ર વર્તુળ, પરિવારજનો અને આદિવાસી સમાજમાં ખુશી છવાઈ ગઈ

# ઝાલોદ નગર અને આદિવાસી સમાજના હિતેશ રાવતને સંયુક્ત કમિશનર તરીકે પ્રમોસન મળતા ખુશીની લહેર

। પંકજ પંડિત ઝાલોદ, તા.૭ ।

હાલ ઝાલોદ નગરના નિવાસી એવા હિતેશ.એલ.રાવત ગાંધીનગરમાં ખોરાક અન ઔષધ નિયમન તંત્ર ખાતે નાયબ કમિશનરના હોદ્દા પર ફરજ બજાવતા હતા. તેઓની આજ રોજ તારીખ ૦૭-૧૦-૨૦૨૩ ના રોજ સંયુક્ત કમિશનર તરીકે પ્રમોસન મળતા નગરમાં રહેતા તેમના પરિવારજનો, મિત્રો અને મેડિકલ એસોસિએશન અને આદિવાસી સમાજમાં ખુશીની લહેર વ્યાપી ગઈ હતી. ઝાલોદ તાલુકાના આદિવાસી પરિવારના હિતેશ રાવત ઉચ્ચ અધિકારી તરીકે પ્રમોસન મળતા તેમના સમાજમાં ખુશીની લહેર વ્યાપી ગઈ હતી. હિતેશ.એલ.રાવત ઝાલોદ ગામમાં બી.એમ. હાઈસ્કૂલમા અભ્યાસ કરી ભણતર ને જીવન બનાવી સંયુકત કમિશનર બનેલ છે જેથી તેમણે મન હોય તો માળવે જવાયની કહેવત ને સાર્થક કરેલ છે ભણવા માટે મોટી મોટી સ્કૂલોની જરૂર હોતી નથી તેના માટે દ્રઢ સંકલ્પ હોવો જોઈએ તે વાત હિતેશ.એલ.રાવતના કિસ્સામાં સાર્થક થતી હોય તેમ લાગે છે. ભણતર સાથે તેઓને ક્રિકેટ રમવાનો પણ રુચિ હતી. તેઓએ પરમ મિત્ર હરીશ કલાલ સાથે ક્રિકેટ ટીમ બનાવી રાજસ્થાન, ગુજરાત, મધ્યપ્રદેશ જેવા રાજ્યોમાં જઈ ઉચ્ચસ્તરે ક્રિકેટ રમી ચુકેલ છે તેઓ ડાબોડી બેટ્સમેન સાથે ખૂબ સરસ વિકેટ કિપર હતા તેથી તેમની સરખામણી તે જમાનાના ઓસ્ટ્રેલિયાના વિકેટ કિપર ડુઝોન તરીકે ઓળખાતા હતા. આજની આ ખુશી વ્યક્ત કરવા તેમના મિત્ર એવા હરીશ કલાલની ક્રિકેટ ટીમ દ્વારા મીઠાઈ વહેંચી તેમજ ફટાકડા ફોડી ખુશી વ્યક્ત કરવામાં આવી હતી. કેપ્ટન હરીશ કલાલ સાથે રમી હિતેશ.એલ.રાવત કેટલાય ક્રિકેટ કપ જીતીને લાવેલ છે.



તેથી તેમની જૂની ક્રિકેટ ટીમના સહુ લોકોને હિતેશ.એલ.રાવત પ્રત્યે માન સન્માન અને પ્રેમ વધુ છે. હિતેશ.એલ.રાવત ઉચ્ચ અધિકારીની સાથે ધાર્મિક પ્રવૃત્તિમાં પણ ખૂબ આસ્થા ધરાવે છે. નગરમાં થતા ધાર્મિક પ્રસંગોમાં તેઓ ઉદાર દિલથી સહકાર કરતા હોય છે. નગરના દરેક સોશિયલ મીડિયાના ગ્રુપોમા તેમને અભિનંદન આપતા મેસેજ ફરતા જોવા મળતા હતા. તેમના નિર્મળ અને સૌમ્ય સ્વભાવને લઈ નગરના સહુ લોકોના દિલમાં તેઓ અલાયદું સ્થાન ધરાવે છે. ઝાલોદ નગરના મેડિકલ એસોસીએશન દ્વારા પણ હિતેશ.એલ.રાવતને સંયુક્ત કમિશનર તરીકે પ્રમોસન મળતા ખુશીની લહેર વ્યાપી ગઈ હતી. નગરના સહુ કેમિસ્ટ એસોસિએશનના સભ્યો સાથે હિતેશ રાવત એક અધિકારી રીતે પ્રમાણિક રીતે સાચી દિશામાં કામગીરી કરતા હોય તેવા સહુ લોકો સાથે તેઓ એક મિત્ર તરીકે સાચી દિશામાં સત્ય હોય તેવું માર્ગદર્શન આપતા રહેતા હોય છે. તેથી નગરના કેમિસ્ટ એસોસિએશના પ્રમુખ ગોરઘન પટેલ, ઉપપ્રમુખ ભુપેન્દ્ર પટેલ, મંત્રી કમલેશ અગ્રવાલ, સહમંત્રી જવાહર અગ્રવાલ દ્વારા હિતેશ.એલ.રાવતને અભિનંદન સાથે હવે જલ્દી કમિશનર તરીકે તેઓ પ્રમોસન મેળવે તેવી શુભકામનાઓ પાઠવવામા આવેલ હતી.

# વાયબ્રન્ટ ગુજરાત વાયબ્રન્ટ મહિસાગર તા. ૧૬-૧૭ ઓક્ટોબર રોજ બેતાલીસ પાટીદાર સમાજઘર લુણાવાડા ખાતે યોજાશે



। માહિતી બ્યુરો મહીસાગર, તા.૭ ।

રાજ્ય સરકાર દ્વારા આગામી વાયબ્રન્ટ ગુજરાત જાન્યુઆરી-૨૦૨૪ યોજાનાર વાયબ્રન્ટ ગુજરાત સમિટના ભાગરૂપે વાયબ્રન્ટ ગુજરાત વાયબ્રન્ટ ડિસ્ટ્રીકટની થીમ હેઠળ જિલ્લામાં વાયબ્રન્ટ ગુજરાત વાયબ્રન્ટ મહિસાગર અંતર્ગત ઉદ્યોગકારો, વેપાર સમુહોનું પ્રતિનિધિત્વ થાય તેવા ઉદ્દેશથી બે દિવસીય કાર્યક્રમ યોજાશે.

મહિસાગર જિલ્લાનો કાર્યક્રમ આગામી સમયમાં તા. ૧૬ અને ૧૭ ઓકટોબર ૨૦૨૩ના રોજ બેતાલીસ પાટીદાર સમાજઘર લુણાવાડા ખાતે યોજાનાર છે. આ કાર્યક્રમ દ્વારા ઉદ્યોગને લગતી કલ્યાણકારી યોજનાની જાણકારી સરળતાથી મળી રહે તે માટે જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર, કુટિર ઉદ્યોગ, વન ડિસ્ટ્રીકટ વન પ્રોડકટ તેમજ જિલ્લાના વિવિધ ઉદ્યોગો દ્વારા સ્ટોલ ઉભા કરવામાં આવશે. આ પ્રદર્શન વિભાગ બે દિવસ માટે જાહેર જનતા માટે ખુલ્લો મુકવામાં આવશે. જિલ્લાના નાગરિકોને ઉદ્યોગક્ષેત્રે લાભ થાય તે પ્રકારના માર્ગદર્શન સેમિનાર તેમજ જિલ્લાના મોટા ઉદ્યોગ સાથે **B2B, 82G, B2C** પ્રકારની મિટિંગો યોજાશે. ઉદ્યોગ જગતના નિષણાતો અને સ્થાનિક ઉદ્યોગકારો દ્વારા ઉદ્યોગને લગતા વિષયો પર બે દિવસીય સેમિનાર પણ યોજાશે...જિલ્લાના નાગરિકોને ઉદ્યોગક્ષેત્રે લાભ થાય તે પ્રકારના માર્ગદર્શન સેમિનાર તેમજ જિલ્લાના મોટા ઉદ્યોગ સાથે **B2B, 82G, B2C** પ્રકારની મિટિંગો યોજાશે. ઉદ્યોગ જગતના નિષણાતો અને સ્થાનિક ઉદ્યોગકારો દ્વારા ઉદ્યોગને લગતા વિષયો પર બે દિવસીય સેમિનાર પણ યોજાશે...

# ABPSSના રાજ્ય ઉપાધ્યક્ષ પુષ્પા રોકડેની છત્તીસગઢ સરકારની મીડિયા ફ્રીડમ પ્રોટેક્શન એન્ડ પ્રમોશન કમિટીમાં પસંદગી

। ભરૂચ, મલેક, જસદાણી તા.૭ ।



રાજ્ય સરકારે છત્તીસગઢ મીડિયા પર્સન્સ સેફ્ટી એક્ટ,૨૦૨૩ના નિયમ ૮ હેઠળ નીચે મુજબ "છત્તીસગઢ મીડિયા ફ્રીડમ, પ્રોટેક્શન એન્ડ પ્રમોશન કમિટી" ની રચના કરી છે, જેમાં અખિલ ભારતીય પત્રકાર સુરક્ષા સમિતિના રાજ્ય ઉપાધ્યક્ષ અને પ્રખાર સમાચારના સંવાદદાતા શ્રીમતિ પુષ્પા રોકડેનો સમાવેશ કરવામાં આવ્યો છે. છત્તીસગઢનાં નક્સલ પ્રભાવિત વિસ્તારોમાં પણ જઈને બેબાક પત્રકારિતા કરનાર પુષ્પા રોકડેનો પત્રકાર સુરક્ષા કાનૂનની અમલવારી કરનાર કમિટી માં સમાવેશ થતાં સમગ્ર દેશમાં અખિલ ભારતીય પત્રકાર સુરક્ષા સમિતિનાં બેનર હેઠળ જોડાયેલા ૨૦ રાજ્યોના ૨૫૦૦૦ થી વધુ પત્રકારો ના વિશાળ પરિવારમાં ખુશીનો માહોલ જોવા મળ્યો હતો. શ્રીમતી પુષ્પા રોકડેની છતિસગઢ રાજ્યની મીડિયા કમિટી માંસ્થાન મળતા સંગઠનનાં રાષ્ટ્રીય અધ્યક્ષ જિજ્ઞેશ કાલાવડિયા એ સીએમ ભૂપેશ બઘેલ નો આભાર વ્યક્ત કર્યો હતો અને શ્રીમતી પુષ્પ ાજીને અભિનંદન પાઠ-વ્યા છે. શ્રીમતી પુષ્પા રોકડેની છતિસગઢ રાજ્યની મીડિયા કમિટી માંસ્થાન મળતા સંગઠનનાં રાષ્ટ્રીય અધ્યક્ષ જિજ્ઞેશ કાલાવડિયા એ સીએમ ભૂપેશ બઘેલ નો આભાર વ્યક્ત કર્યો હતો અને શ્રીમતી પુષ્પાજીને અભિનંદન પાઠવ્યા છે.

# ચાકલીયા પો.સ્ટેશન વિસ્તારના પ્રોહી ગુન્હાના નાસતાં ફરતાં બે આરોપીને ઝડપી પાડતી દાહોદ એલ.સી.બી






। પંકજ પંડિત ઝાલોદ, તા.૭ ।

દાહોદ જિલ્લા પોલીસ અધિક્ષક ડૉ રાજદિપસિંહ ઝાલા દ્વારા ચોરી, લૂંટ, હત્યા જેવા અનેક ગંભીર ગુનાઓ આચરનાર ગુનેગારોને ઝડપી પાડવા માટે દાહોદ એલ.સી.બી ટીમને કામગીરી સોપેલ તે અન્વયે દાહોદ એલ.સી.બી ના પો.ઈ કે.ડી.ડીંડોર દ્વારા એક ટીમ બનાવવામાં આવેલ હતી. ખાનગી બાતમીને આધારે દાહોદ એલ.સી.બી દ્વારા લીમડી પો.ઈ એમ.એફ.ડામોરને સાથે રાખી ચાકલીયા પો.સ્ટેશન વિસ્તારના પ્રોહી. ગુન્હામાં સંડોવાયેલ આરોપીને પકડવા વોચ ગોઠવી હતી. આયોજન બધ્ધ કરેલ કામગીરી દરમ્યાન રાજેશ મીકેલ બારીયા ( રળીયાતીભુરા, તા.ઝાલોદ) અને રમેશ ખાના ડામોર ( પીપલેટ, તા.ઝાલોદ) ને ઝડપી પાડવામાં સફળતા મેળવેલ હતી. આમ દાહોદ એલ.સી.બી ને નાસતા ફરતા બે આરોપીઓને ઝડપી પાડવામાં સફળતા મેળવેલ હતી. ઝડપી પાડેલ બંને આરોપીને ચાકલીયા પોલીસને સોપી વધું તપાસ હાથ ધરવામાં આવેલ છે.

# જાહેર જનતા નોંધ

તમામ જાહેર જનતાને જણાવવાનું કે, કાળુપુર પોલીસ સ્ટેશન તરફથી એક જાહેર અખબાર યાદીમાં જણાવ્યું કે, એક અજાણ્યા શખ્સની લાશ મળી આવેલ છે જે ભિખારી જેવા કપડા એટલે કે, કમરના ઉપરના ભાગે શર્ટ નહી અને ઉ.વ. આશરે ૬૫ તેમજ ઉંચાઈ ૫ ફુટથી વધુ ઘઉ વર્ણ રંગ વાળા વ્યક્તિની લાશ મળી આવેલ છે. જે ઓળખાણ માટે જે તે વ્યક્તિઓ કાળુપુર પોલીસ સ્ટેશનમાં જાણ કરવા વિનંતી... તેમજ છેલ્લા ઘણા સમયથી આ શખ્સ અહિંયા જોવા મળેલ છે કઈ રીતે તેનું મૃત્યુ થયું છે તે શખ્સની ઓળખાણ પછી જ આગળ પોલીસ દ્વારા કાર્યવાહી કરવામાં આવશે.. જેની તમામ જાહેર જનતાએ નોંધ લેવી...

### સરકારનો ઉદ્દેશ્ય દેશના દરેક જિલ્લામાં ઓછામાં ઓછું એક કોમ્યુનિટી રેડિયો સ્ટેશન બનાવવાનો છે.

# એકતાનગર SOU ખાતે બે દિવસીય કોમ્યુનિટી રેડિયો જાગૃતિ સેમિનારનું આયોજન

। દીપક જગતાપ રાજપીપળા, તા.૦૭ ।

એકતા નગર, ગુજરાત. માહિતી અને પ્રસારણ મંત્રાલય, વિશ્વાસ જ્ઞાન પ્રબોધિની અને રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટના સહયોગથી, એકતાનગર ખાતે બે દિવસીય કોમ્યુનિટી રેડિયો જાગૃતિ સેમિનારનું આયોજન કર્યું હતું. આ કાર્યક્રમનું આયોજન ગુજરાતના એકતા નગરમાં સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે કરવામાં આવ્યું, જેનો ઉદ્દેશ્ય કોમ્યુનિટી રેડિયો નીતિ માર્ગદર્શિકાઓની જાગરૂકતાને પ્રોત્સાહન આપવાનો અને સ્થાનિક સમુદાયોને સશક્ત બનાવવા માટે કોમ્યુનિટી રેડિયો સ્ટેશનોની સક્ષમતાની શોધ કરવાનો છે. કોમ્યુનિટી રેડિયો સ્ટેશન એ લો પાવરનું એફએમ સ્ટેશન છે, જેનો કવરેજ વિસ્તાર લગભગ ૧૦-૧૫ કિમી છે. લગભગ ૩૫-૪૦ NGO, કૃષિ વિજ્ઞાન કેન્દ્રો અને શૈક્ષણિક સંસ્થાઓએ બે દિવસની વર્કશોપમાં ભાગ લીધો હતો. માહિતી અને પ્રસારણ મંત્રાલયના અધિક સચિવ સુશ્રી નીરજા શેખરે સેમીનારમાં સંબોધન કરતા જણાવ્યું હતુ કે "કોમ્યુનિટી રેડિયો સ્ટેશનો સ્થાનિક સમુદાયમાં જાગૃતિ લાવવા અને વંચિત સમુદાયના સશક્તિકરણ માટે, ખાસ કરીને એવા વિસ્તારોમાં જ્યાં લોકો પાસે અન્ય સંચાર સાધનોનું માધ્યમ ખૂબ જ ઓછું છે, તેમના માટે ખૂબ જ શક્તિશાળી સાધન છે." તેમણે જણાવ્યું કે આ સ્ટેશનો સમાજમાં સામાજિક અને આર્થિક વિભાજનના અંતરને પણ ઘટાડી રહ્યા છે. રાજસ્થાન, ગોવા, મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર અને ગુજરાત સહિત પાંચ રાજ્યોમાંથી લોકોએ ભાગ લીધો હતો. ભાગ લેનાર તમામ લાભાર્થીઓ ચર્ચા સત્રોમાં જાડાયા હતા. આ દરમિયાન તેમણે પોતાના વિચારો રજૂ કર્યા અને કોમ્યુનિટી રેડિયોની ઉપયોગીતા અંગે ચર્ચા કરી. કોમ્યુનિટી રેડિયો સ્ટેશનો માટે વિગતવાર માર્ગદર્શિકા અને પાત્રતાના ધોરણો સમજાવવામાં આવ્યા હતા, અને ઑનલાઈન અરજી ફોર્મ ભરવા માટે વિગતવાર માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. રેડિયો યુનિટીની મુલાકાત દરમિયાન સહભાગીઓને કોમ્યુનિટી રેડિયો સ્ટેશન કાર્યરત કરવા માટે વિવિધ સાધનો કેવી રીતે ચલાવવા, પ્રોગ્રામ કેવી રીતે બનાવવો અને સ્થાનિક સમુદાયને તેમની રુચિના કાર્યક્રમો બનાવવામાં કેવી રીતે જોડવા તે વિશે માહિતી આપવામાં આવી હતી. કાર્યક્રમમાં માહિતી અને પ્રસારણ મંત્રાલયના મદદનીશ પ્રોજેક્ટ નિયામક અમિત દ્વિવેદી અને SOUADTGAના અધિક કલેક્ટર ગોપાલ બામણિયા પણ ઉપસ્થિત રહ્યા હતા.

### ૧૧ ઓક્ટોબર થી ૨૭ ડિસેમ્બર ૨૦૨૩ સુધી વિસ્તૃત કરવામાં આવી

# અમદાવાદ મંડળની ત્રણ જોડી સાપ્તાહિક સ્પેશિયલ ટ્રેનોના ફેરા વિસ્તૃત કરાઈ



પશ્ચિમ રેલવે દ્વારા યાત્રીઓની સુવિધા તથા તેમની માંગને પૂરી કરવાના ઉદ્દેશથી અમદાવાદ મંડળની ત્રણ જોડી સાપ્તાહિક સ્પેશિયલ ટ્રેનોના ફેરા વિશેષ ભાડા પર આંશિક પરિવર્તિત સમય સાથે વિસ્તૃત કરવામાં આવ્યા છે. મંડળ રેલવે પ્રવક્તા મુજબ આ ટ્રેનોની વિગતો આ પ્રકારે છે:

ટ્રેન નંબર ૦૧૯૦૬/૦૫ અમદાવાદ-કાનપુર સેન્ટ્રલ સુપરફાસ્ટ સ્પેશિયલ ચ૧૨ ફેરા

- ટ્રેન નંબર ૦૧૯૦૬ અમદાવાદ-કાનપુર સેન્ટ્રલ સ્પેશિયલ ટ્રેનનેદરેક મંગળવારે ૧૦ ઓક્ટોબર થી ૨૬ ડિસેમ્બર ૨૦૨૩ સુધી વિસ્તૃત કરવામાં આવી છે. આ ટ્રેન અમદાવાદથી ૧૪.૪૦ કલાકને બદલે ૧૪.૧૦ કલાકે ઉપડશે.
- ટ્રેન નંબર ૦૧૯૦૫ કાનપુર સેન્ટ્રલ-અમદાવાદ સ્પેશિયલ ટ્રેનને દરેક સોમવારે ૦૯ ઓક્ટોબર થી ૨૫ ડિસેમ્બર સુધી વિસ્તૃત કરવામાં આવી છે.

ટ્રેન નંબર ૦૪૧૬૬/૬૫ અમદાવાદ-આગ્રા કેન્ટ સુપરફાસ્ટ સ્પેશિયલ (૧૨ ફેરા)

- ટ્રેન નંબર ૦૪૧૬૬ અમદાવાદ-આગ્રા કેન્ટ સ્પેશિયલ ટ્રેનને દરેક ગુરૂવારે ૧૨ ઓક્ટોબર થી ૨૮ ડિસેમ્બર ૨૦૨૩ સુધી વિસ્તૃત કરવામાં આવી છે. આ ટ્રેન અમદાવાદ થી ૧૪.૪૦ કલાકને બદલે ૧૪.૧૦ કલાકે ઉપડશે.
- ટ્રેન નંબર ૦૪૧૬૫ આગ્રા કેન્ટ-અમદાવાદ સ્પેશિયલ ટ્રેનને દરેક બુધવારે ૧૧ ઓક્ટોબર થી ૨૭ ડિસેમ્બર ૨૦૨૩ સુધી વિસ્તૃત કરવામાં આવી છે.

ટ્રેન નંબર ૦૪૧૬૮/૬૭ અમદાવાદ-આગ્રા કેન્ટ સુપરફાસ્ટ સ્પેશિયલ ચ૧૩ ફેરા

- ટ્રેન નંબર ૦૪૧૬૮ અમદાવાદ-આગ્રા કેન્ટ સ્પેશિયલ ટ્રેનને દરેક સોમવારે ૦૯ ઓક્ટોબર ૨૦૨૩ થી ૧ જાન્યુઆરી ૨૦૨૪ સુધી વિસ્તૃત કરવામાં આવી છે. આ ટ્રેન અમદાવાદથી ૧૪.૪૦ કલાક ને બદલે ૧૪.૧૦ કલાકે ઉપડશે.
- ટ્રેન નંબર ૦૪૧૬૭ આગ્રા કેન્ટ-અમદાવાદ સ્પેશિયલ ટ્રેનને દરેક રવિવારે ૦૮ ઓક્ટોબર થી ૩૧ ડિસેમ્બર ૨૦૨૩ સુધી વિસ્તૃત કરવામાં આવી છે.

ટ્રેન નંબર ૦૧૯૦૬, ૦૪૧૬૬ અને ૦૪૧૬૮ ના વિસ્તૃત ફેરાનું બુકિંગ ૦૮ ઓક્ટોબર થી યાત્રી આરક્ષણ કેન્દ્રો અને આઈઆરસીટીસીની વેબસાઈટ પર શરૂ થશે.

ઉપરોક્ત ટ્રેનો વિશેષ ભાડા પર સ્પેશિયલ ટ્રેનો તરીકે ચાલશે. ટ્રેનોના પરિચાલન સમય, રોકાણ અને સંરચના સંબંધિત વિગતવાર માહિતી માટે યાત્રી **www.enquiry.indianrail.gov.in** પર જઈને આવલોકન કરી શકે છે. ઉપરોક્ત ટ્રેનો વિશેષ ભાડા પર સ્પેશિયલ ટ્રેનો તરીકે ચાલશે. ટ્રેનોના પરિચાલન સમય, રોકાણ અને સંરચના સંબંધિત વિગતવાર માહિતી માટે યાત્રી **www.enquiry.indianrail.gov.in** પર જઈને આવલોકન કરી શકે છે.

# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**
આજના દિવસે સાંજે તમારા જીવનસાથી સાથે સિનેમાઘરમાં ફિલ્મ અથવા ડીનર તમને નિરાંતવા તથા અદભુત મૂડમાં લાવી મુકશે. તામ્ર પૈસા ત્યારેજ તમારા કામ માં આવશે જયારે તમે તેને સંચિત કરો આ વાત તમે જેટલી સારી રીતે સમજી લો તે વધારે સારું નહીંતર પાછળ થી તમે પછતાશો? તમારા પરિવારના સભ્યો તમારા પ્રયાસો તથા સમર્પણની સરાહના કરશે.

**વૃષભ (બ,વ,ઉ) :**
આજના દિવસે ઘરે કામ કરતી વખતે ખાસ કાળજી રાખો. ઘરની કોઈક ચીજ-વસ્તુ સાથે બેદરકારીપૂર્વક કામ લેવાથી તમારી માટે સમસ્યા નિર્માણ થઈ શકે છે. ભાઈ બહેનો ની મદદ થી આજે તમને આર્થિક લાભ મળી શકશે? પોતાના ભાઈ બહેનો ની સલાહ લો. જરૂર પડશે તો તમારા મિત્ર તમારી મદદે આવશે. પ્રેમ જીવન આજે વિવાદાસ્પદ બની શકે છે.

**મિથુન (ક,છ,ઘ) :**
આજના દિવસે તમારા સ્વાસ્થ્ય વિશે વિશેષ સાવચેતી રાખજો ખાસ કરીને બ્લડ પ્રેશરના દરદીઓ. થોડા વધુ નાણાં બનાવવા માટે તમારા નાવિન્યસભર વિચારોનો ઉપયોગ કરો. જીવનસાથી તમને ખુશી આપવાનો પ્રયાસ કરશે તેનાથી તમારો દિવસ આનંદથી ભરપૂર રહેશે. તમારો ખાસ મિત્ર તમારા આંસું લૂંછશે. સમય કરતા મોટું કઈ હોતું નથી.

**કર્ક (ડ,હ) :**
આજના દિવસે તમારો ગુસ્સો રાઈમાંથી પર્વત સર્જી શકે છે-જે તમારા પરિવારના સભ્યોને નારાજ કરશે. એ મહાન આત્માઓ ખરેખર નસીબદાર છે જેમની બુદ્ધિ ગુસ્સાને અંકુશ હેઠળ રાખે છે. ગુસ્સો તમને બાળે તે પહેલા તેને બાળો. પરિવાર ના કોઈ સભ્ય ના માંદા પાડવા થી તમને આર્થિક મુશ્કેલી આવી શકે છે, જોકે આ સમયે તમને ધન કરતા પોતાન સ્વાસ્થ્ય પર વધારે ધ્યાન આપવું જોઈએ?

**સિંહ (મ,ટ) :**
આજના દિવસે તમારી જાતને એક હદ કરતાં વધુ થકવશો નહીં અને યોગ્ય આરામ લેવાનું યાદ રાખજો. કોઈ નજીક ના મિત્રો થી અમુક વેપારીઓ ને સારું ધન લાભ થવા ની શક્યતા છે. આ ધન તમારી ઘણી મુશ્કેલીઓ ને દૂર કરી શકે છે. તમારો ફાજલ સમય ઘરના સુશોભિકરણ પાછળ લગાડો. તમારો પરિવાર ખરેખર આ બાબતની સરાહના કરશે.

**કન્યા (પ,ઠ,ણ) :**
આજના દિવસે તમારૂં સૌથી પ્રિય સપનું સાકાર થશે. પણ તમારો આવેશ કાબૂમાં રાખજો કેમ કે વધુ પડતી ખુશી કેટલીક સમસ્યાઓ સર્જી શકે છે. ધન ના મહત્વ ને તમે ઘણી સારી રીતે સમજો છો તેથી આજ ના દિવસે તમારા વડે બચાવેલું ધન તમારા ઘણું કામ આવી શકે છે અને તમે કોઈ મોટી મુશ્કેલી માં થી બહાર આવી શકો છો? તમારા અનિશ્ચિત વર્તન છતાં જીવનસાથી સહકાર આપશે.

**તુલા (ર,ત) :**
આજના દિવસે વધુ પડતી કૅલૅરી ધરાવતું ભોજન ટાળો અને તમારા વ્યાયામને ભક્તિભાવપૂર્વક વળગી રહો. જે લોકોએ કોઈ સંબંધી જોડે પૈસા ઉધાર લીધેલા તેમને કોઈપણ હાલત માં આજે પૈસા પાછા આપવા પડી શકે છે. તમારા પરિવારના કલ્યાણ માટે સખત મહેનત કરો. તમારૂં કાર્ય પ્રેમ અને હકારાત્મક દષ્ટિકોણથી સંચાલિત હોવું જોઈએ લાલચથી નહીં.

**વૃશ્ચિક (ન,ય) :**
આજના દિવસે તમારો વિપુલ આત્મવિશ્વાસ તથા કામનું સરળ સમયપત્રક તમને આજે હળવા થવાનો પૂરતો સમય આપશે. જે લોકો અત્યાર સુધી પૈસા વગર વિચારે ઉડાડી રહ્યા હતા તેમને પૈસા ની આજે ઘણી જરૂર પડી શકે છે અને તેમને સમજણ આવી શકે છે કે પૈસા નું શું મહત્વ હોય છે. નિકટનું સ્વજન વધુ ધ્યાન માગી શકે છે, જો કે આ બાબત મદદરૂપ અને તમારી દરકાર કરનારૂં પુરવાર થશે.

**ધન (ભ,ધ,ફ) :**
આજના દિવસે ધાર્મિક લાગણી ઊભી થશે અને તેનાથી તમે કોઈક સંતપુરૂષ પાસેથી દૈવી જ્ઞાન મેળવવા કોઈક ધાર્મિક સ્થળની મુલાકાત લેશો. ઉતાવળા નિર્ણય લેતા નહીં- ખાસ કરીને ત્યારે તમે મહત્વના આર્થિક સોદા પાર પાડવાના હો. પારિવારિક વાતાવરણ જાળવવા તથા તેને કલુષિત ન કરવા તમારે તમારા ગુસ્સા પર કાબૂ મેળવવાની જરૂર છે.

**મકર (ખ,જ) :**
આજના દિવસે આશાવાદી બનો અને ઉજળી બાજુ જોવાનો પ્રયાસ કરો. આત્મવિશ્વાસસભર અપેક્ષાઓ તમારી આશાઓ અને ઈચ્છાઓની પૂર્તિના દ્વાર ખોલશે. આર્થિક સંકળામણથી બચવા માટે તમારા બજેટને વળગી રહો. તમારા નવા પ્રૉજેક્ટ્સ તથા યોજનાઓ વિશે તમારા ભાગીદારને વિશ્વાસમાં લેવા માટે પણ આ સમયગાળો સારો છે.

**કુંભ (ગ,શ,સ) :**
આજના દિવસે તમારા ઉત્સાહને વધારવા માટે તમારા મગજમાં ઉજ્જ્વળ તથા ગરિમાયુક્ત ચિત્ર ઊભું કરો. આજે તમારા ઓફિસે માં તમારો કોઈ સહકર્મી તમારી વસ્તુ ચોરી કરી શકે છે તેથી આજે તમારે પોતાના સમાન નું ધ્યાન રાખવું જરૂરી છે. તમારી પાસેના ફાજલ સમયનો લાભ તમારા પરિવારના સભ્યોની મદદ કરવા માટે લો.

**મીન (દ,ચ,ઝ,થ) :**
આજના દિવસે ઑફિસમાંથી વહેલા નીકળવાનો પ્રયાસ કરજો અને તમને ખરેખર આનંદ આપતી પ્રવૃત્તિઓ કરો. મનોરંજન અથવા કૉસ્મૅટિક્સ સુધારા પાછળ વધુ પડતો ખર્ચ કરતા નહીં. તમારા પરિવારના સભ્યની લાગણી દુભાવવાનો ભય હોવાથી તમારા ગુસ્સા પર અંકુશ રાખો. આજે તમને સમજાશે કે તમારા જીવનસાથી તમને કેટલો પ્રેમ કરે છે.

### રિઝર્વ બેંકે ક્રેડિટ અને ડેબિટ કાર્ડ સંબંધિત નિયમોમાં ફેરફાર કર્યો છે

# ગ્રાહકો એટલે ભગવાન તો પછી ક્રેડિટ-ડેબિટ કાર્ડ પર મરજી તેમની જ ચાલશે

### જૂના ગ્રાહકોને પણ રિઝર્વ બેંકના નવા નિયમોનો લાભ મળશે, જ્યારે જૂના ગ્રાહકો તેમના ડેબિટ અથવા ક્રેડિટ કાર્ડને રિન્યૂ કરશે

। નવી દિલ્હી, તા.૭ ।

રિઝર્વ બેંકએ ૧ ઓક્ટોબરથી ક્રેડિટ અને ડેબિટ કાર્ડ સંબંધિત નિયમોમાં ફેરફાર કર્યો છે. જો તમે પણ નવું ક્રેડિટ કે ડેબિટ કાર્ડ લેવા ઈચ્છો છો તો આ નિયમનું ધ્યાન રાખવું જરૂરી છે. આરબીઆઈએ આ અંગે તમામ બેંકોને સૂચનાઓ પણ મોકલી છે. નવા નિયમ મુજબ હવે કોઈ પણ બેંક પોતાની ઈચ્છા ગ્રાહકો પર લાદી શકશે નહીં અને ગ્રાહકો તેમની ઈચ્છા મુજબ કાર્ડ મેળવી શકશે. આરબીઆઈએ કહ્યું છે કે, ૧ ઓક્ટોબર, ૨૦૨૩ થી ગ્રાહકો ડેબિટ, ક્રેડિટ અથવા પ્રીપેડ કાર્ડ બનાવતી વખતે પોતાના સર્વિસ પ્રોવાઈડરની પસંદ પોતાની મરજી મુજબ કરી શકશે. બેંકોએ ગ્રાહકની સૂચના મુજબ સર્વિસ પ્રોવાઈડરનો



ઓપ્શન આપવો પડશે. બેંકો તેમની ઈચ્છા મુજબ કોઈપણ સર્વિસ પ્રોવાઈડર પાસેથી બનાવેલ કાર્ડ મેળવી શકતી નથી અને તેને ગ્રાહકને આપી શકતી નથી. આ માટે તમારે પહેલા ગ્રાહકને પૂછવું પડશે અને તેમની સલાહ મુજબ સર્વિસ પ્રોવાઈડર કંપની પસંદ કરવી પડશે. હાલમાં, ક્રેડિટ અથવા ડેબિટ કાર્ડ બનાવતી વખતે બેંકો પોતાની પસંદગી મુજબ સર્વિસ પ્રોવાઈડર પસંદગી કરે છે. ગ્રાહકોને તેમના સર્વિસ પ્રોવાઈડર પસંદ કરવાની સ્વતંત્રતા નથી.

### તહેવારો વચ્ચે પણ વ્યાજ દરોમાં કોઈ રાહત નહીં

# આરબીઆઈએ ૬.૫ ટકા પર યથાવત રાખ્યો રેપો રેટ

### સેન્ટ્રલ બેંક આરબીઆઈએ મે ૨૦૨૨થી ફેબ્રુઆરી ૨૦૨૩ વચ્ચે રેપો રેટમાં સતત ૬ વખત વધારો કર્યો હતો

। નવી દિલ્હી, તા.૭ ।

ભારતીય રિઝર્વ બેંકની ત્રણ દિવસીય મોનેટરી પોલિસી કમિટી મીટિંગ ૪ ઓક્ટોબરના રોજ શરૂ થઈ હતી.આજે સતત ચોથી વખત કેન્દ્રીય બેંક RBIએ રેપો રેટમાં કોઈ ફેરફાર કર્યો નથી. આ પહેલા, તે છેલ્લે ફેબ્રુઆરી ૨૦૨૩ માં બદલાયું હતું અને ત્યારથી તે ૬.૫૦ ટકા પર રહ્યું છે. RBI ગવર્નર શક્તિકાંત દાસના આ નિર્ણયથી હોમ લોન EMI પર કોઈ ફરક પડ્યો નથી. બજારને પણ એવી જ અપેક્ષા હતી કે RBI આ વખતે પણ દરો યથાવત રાખશે. સેન્ટ્રલ બેંક આરબીઆઈએ મે ૨૦૨૨ થી ફેબ્રુઆરી ૨૦૨૩ વચ્ચે રેપો રેટમાં સતત ૬ વખત વધારો કર્યો હતો. મે ૨૦૨૨ માં, તે ૪ ટકાથી વધારીને ૪.૯૦ ટકા કરવામાં આવ્યું હતું અને હવે તે ૬.૫૦ ટકા છે. છેલ્લી વખત ફેબ્રુઆરી ૨૦૨૩માં તેને ૬.૨૫ ટકાથી વધારીને ૬.૫૦ ટકા કરવામાં આવ્યો હતો. ત્યારપછી સતત ચોથી વખત તેમાં કોઈ ફેરફાર થયો નથી. મે ૨૦૨૨ પહેલાની




વાત કરીએ તો મે ૨૦૨૦માં રેપો રેટ ૪.૪૦ ટકાથી ઘટાડીને ૪ ટકા કરવામાં આવ્યો હતો અને ત્યારથી કોવિડ અને વધેલા મોંઘવારી દરને કારણે લાંબા સમય સુધી તેમાં કોઈ ફેરફાર થયો નથી.

હાલમાં રેપો રેટ ૬.૫૦ ટકા છે, SDF દર ૬.૨૫ ટકા છે, MSF દર અને બેંક દર ૬.૭૫ ટકા છે, રિવર્સ રેપો રેટ ૩.૩૫ ટકા છે. અને CRR અને SLR અનુક્રમે ૪.૫૦ ટકા અને ૧૮ ટકા છે. સેન્ટ્રલ બેંકના ગવર્નરે કહ્યું છે કે નાણાકીય વર્ષ ૨૦૨૪ માટે દેશનો જીડીપી ૬.૫ ટકાના દરે વૃદ્ધિ પામી શકે છે. નાણાકીય વર્ષ ૨૦૨૪ માટે જીડીપી વૃદ્ધિના અનુમાનમાં કોઈ ફેરફાર થયો નથી.

# ચેપોક પર શ્રેયષ ઐયરની બેટિંગ એવરેજ સૌથી વધુ ૭૦ની છે

### ઓલરાઉન્ડર હાર્દિક પંડ્યા બેટિંગ એવરેજમાં ૬૧.૫૦ સાથે બીજા ક્રમે છે, અન્ય તમામ બેટરન એવરેજ ૫૦થી નીચે

। ચેન્નાઈ, તા.૭ ।

ભારત વર્લ્ડ કપ ૨૦૨૩માં આવતીકાલે ઓસ્ટ્રેલિયા સામે પોતાના અભિયાનની શરૂઆત કરશે. ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચેની મેચ ચેન્નઈના એમ. એ ચિદમ્બરમ સ્ટેડિયમમાં રમાનાર છે, જેને ચેપોકના નામે પણ ઓળખવામાં આવે છે. આ મેદાન પર ભારતીય ખેલાડીઓનું પ્રદર્શન સારું રહ્યું છે. ચેપોક પર પ્રદર્શનના મામલે શ્રેયસ અય્યર લિસ્ટમાં ટોપ પર છે.

ચેપોકમાં શ્રેયસ અય્યરની વનડે એવરેજ ૭૦.૦૦ છે. અય્યર પાસેથી ભારતીય ક્રિકેટ ચાહકોને ઓસ્ટ્રેલિયા સામે આ મેદાન સારા પ્રદર્શનની આશા રહેશે. અય્યર પછી સ્ટાર ઓલરાઉન્ડર હાર્દિક પંડ્યા છે. આ મેદાન પર પંડ્યાની એવરેજ ૬૧.૫૦ છે. આ બંને બેટ્સમેનને છોડીને ભારતીય બેટ્સમેનોની




એવરેજ ૫૦થી નીચે છે. ભારતીય ટીમના સ્ટાર બેટ્સમેન વિરાટ કોહલી ૪૨.૧૨ની એવરેજ સાથે ત્રીજા નંબરે છે. શુભમન ગિલ ૩૭.૦૦ની એવરેજ સાથે ચોથા નંબરે છે. જયારે ભારતીય ટીમના કેપ્ટન રોહિત શર્માની એવરેજ ૨૩.૩૩ છે. ત્યારબાદ રવિન્દ્ર જાડેજા ૧૯.૫૦ અને કે.એલ રાહુલની એવરેજ ૧૯.૦૦ છે.

ભારત અને ઓસ્ટ્રેલિયાની ટીમો અત્યાર સુધી ૧૪૯ વખત સામસામે આવી ચુકી છે. આ દરમિયાન ભારતે ૫૬ જયારે ઓસ્ટ્રેલિયાએ ૮૯ મેચ જીતી છે. ૧૦ મેચોનું પરિણામ આવી શક્યું ન હતું. જો કે ભારતનો પોતાના ઘરમાં રેકોર્ડ સારો છે. ભારતે ઓસ્ટ્રેલિયા વિરુદ્ધ પોતાના ઘરમાં ૭૦ વનડે મેચ રમી છે, જેમાંથી ૩૨માં જીત જયારે ૩૩માં હારનો સામનો કરવો પડ્યો છે અને ૫ મેચોનું પરિણામ આવી શક્યું ન હતું. વનડે વર્લ્ડ કપમાં બંને ટીમો વચ્ચે ૧૨ વખત ટક્કર થઈ છે જેમાં ઓસ્ટ્રેલિયાને ૮ વખત જયારે ભારતને ૪ વખત જીત મળી છે. ભારતીય ટીમના સ્ટાર બેટ્સમેન વિરાટ કોહલી ૪૨.૧૨ની એવરેજ સાથે ત્રીજા નંબરે છે. શુભમન ગિલ ૩૭.૦૦ની એવરેજ સાથે ચોથા નંબરે છે. જયારે ભારતીય ટીમના કેપ્ટન રોહિત શર્માની એવરેજ ૨૩.૩૩ છે. ત્યારબાદ રવિન્દ્ર જાડેજા ૧૯.૫૦ અને કે.એલ રાહુલની એવરેજ ૧૯.૦૦ છે. ભારત અને ઓસ્ટ્રેલિયાની ટીમો અત્યાર સુધી ૧૪૯ વખત સામસામે આવી ચુકી છે. આ દરમિયાન ભારતે ૫૬ જયારે ઓસ્ટ્રેલિયાએ ૮૯ મેચ જીતી છે. ૧૦ મેચોનું પરિણામ આવી શક્યું ન હતું. જો કે ભારતનો પોતાના ઘરમાં રેકોર્ડ સારો છે. ભારતે ઓસ્ટ્રેલિયા વિરુદ્ધ પોતાના ઘરમાં ૭૦ વનડે મેચ રમી છે, જેમાંથી ૩૨માં જીત જયારે ૩૩માં હારનો સામનો કરવો પડ્યો છે અને ૫ મેચોનું પરિણામ આવી શક્યું ન હતું. વનડે વર્લ્ડ કપમાં બંને ટીમો વચ્ચે ૧૨ વખત ટક્કર થઈ છે જેમાં ઓસ્ટ્રેલિયાને ૮ વખત જયારે ભારતને ૪ વખત જીત મળી છે.

### મુંબઈના મકાનમાં ફાયર સેફ્ટી સિસ્ટમ જ નહતી

# ગોરેગામમાં એક મકાનમાં આગથી સાતનાં મોત થયા

### ૬૧ ઘાયલ, કેટલાયની હાલત નાજૂક, આગમાં ૩૦થી વધુ બાઇક અને ચાર કાર તથા ગ્રાઉન્ડ ફ્લોરમાં દુકાનો સળગીને ખાખ

। મુંબઇ, તા.૭ ।

મુંબઈમા વધુ એક ફાયર ટ્રેજેડીમાં ગોરેગામમાં સ્લમ રિહેબિલિટેશન સ્કિમ હેઠળ બંધાયેલી બિલ્ડીંગમાં વહેલી ૫ રોઢે ત્રણ વાગ્યાના અરસામાં રહેવાસીઓ નિંદ્રાધીન હતા તે સમયે લાગેલી વિકરાળ આગમાં સાત જણ મૃત્યુ પામ્યા હતા. જયારે ૬૧ રહેવાસી ઘાયલ થયા હતા. તેમાંથી કેટલાયની હાલત નાજૂક હોવાનું જણાવાઈ રહ્યું છે. એસઆરએ બિલ્ડિંગમાં કોઈ ફાયર સેફ્ટી સિસ્ટમ જ નહીં હોવાથી આગ વધારે વિકરાળ બનતાં આટલી મોટી સંખ્યામાં મોત થયા હોવાનું સત્તાવાળાઓએ કબૂલ્યું હતું. રાતે આગ આગની બૂમરાણ વચ્ચે ઉંઘમાંથી ઉઠીને ટેરેસ પર જતા રહેલા કેટલાય રહેવાસીઓની બચાવ માટેની ચીચીયારીઓથી સમગ્ર વિસ્તારમાં ભયાવહ માહોલ સર્જાયો હતો. આગમાં ૩૦થી વધુ બાઈક અને ચાર કાર તથા ગ્રાઉન્ડ ફલોરમાં દુકાનો સળગીને ખાખ થઈ ગઈ હતી.

મોડી રાતે ત્રણ વાગે આગ લાગી હોવાથી તમામ લોકો ભર ઊંઘમાં હતાં. આથી કેટ-લાય લોકો જલ્દીથી ભાગી શક્યા ન હતા અને આગનો ધૂમાડો શ્વાસમાં જતા ગૂંગળાઈ જવાના કારણે મૃત્યુ પામ્યાહ તા. બિલ્ડીંગમાં ફાયર ફાઈટિંગ સિસ્ટમ જ નહોતી. જેના લીધે આગ વધુ વિકરાળ બની હતી અને લાંબા સમય સુધી ચાલી હતી. તેના કારણે પણ મોટી સખ્યામાં લોકોને અસર થઈ હતી. ફાયર કોલ મળ્યા બાદ ઘટના સ્થળે




પહોંચેલા અગ્નિશામક દળના જવાનોએ ટેરેસ અને જુદા જુદા માળા પરથી અંદાજે ૩૦ જણને બચાવી લીધા હતા. ફાયર બ્રિગેડે ચાર કલાકની ભારે જહેમત બાદ આગ પર કાબૂ મેળવ્યો હતો. ગોરેગામ (પશ્ચિમ) સ્થિત ઉન્નત નગરમાં આઝાદ મેદાન પાસે જય ભવાની નામની સ્લમ રિહેબિલિટેશન ઓથોરિટી (એસઆરએ)ની બિલ્ડીંગ છે. આ બિલ્ડીંગમાં આજે વહેલી પરોઢે ૩.૦૫ વાગ્યે આગ ફાટી નીકળી હતી. બિલ્ડિંગના ગ્રાઉન્ડ ફલોર પર જૂનાં કપડાંનો મોટો ખડકલો હતો. તેમાંથી આગ શરુ થઈ હોવાનું કહેવાય છે. એક અંદાજ મુજબ કદાચ શોર્ટ સર્કિટના કારણે આગ લાગી હતી. કપડાંનો ઢગલો સળગતાં હોળી જેવી જવાળાઓ ફેલાઈ હતી અગ્નિશામક દળ ઘટનાસ્થળે પહોંચી ને પહેલા જ ગ્રાઉન્ડ ફલોરથી આગ ઉપરના માળ પર ફેલાઈ ગઈ હતી. ગ્રાઉન્ડ ફલોરમાં જૂના કપડાનો જથ્થો, બાઈક અન્ય વાહન, દુકાનો સંપૂર્ણપણે બળીને ખાખ થઈ ગયા હતા. આગ બુઝાવવામાં ચાર કલાક જેટલો સમય લાગ્યો હતો. આ ઓપરેશનમાં આઠથી વધુ ફાયર એન્જિન અને અન્ય અગ્નિશામક સાધનોના ઉપયોગ કરવામાં આવ્યો હતો. મુંબઈ ફાયર બ્રિગેડના ચીફ ફાયર ઓફિસર રવિન્દ્ર અંબુલગેકરે જણાવ્યું હતું કે એસઆરએની આ જૂની બિલ્ડીંગમાં આગ બુઝાવવાની કોઈપણ પ્રકારની સાધન સામગ્રી કે વ્યવસ્થા નહોતી. આગમાં ઘાયલ થયેલા ૬૮ રહેવાસીઓને સારવાર માટે વિવિધ હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા. જ્યાં ડોકટરે સાત જણને મૃત જાહેર કર્યા હતા.

વડા પ્રધાન મોદીએ ઘટના અંગે શોક વ્યક્ત કરી મૃતકના વારસદારોને રૂા. બે લાખ અને ઘાયલને રૂા. ૫૦ હજાર નાં વળતરની જાહેરાત કરી હતી. મુખ્ય પ્રધાન એકનાથ શિંદેએ પ્રત્યેક મૃતકના કુટુંબીજનને રૂા. ૫ ંચ લાખની સહાયની જાહેરાત કરી હતી. આગમાં ઘાયલ થયેલા લોકોને સરકારી ખર્ચે સારવાર કરવામાં આવશે એમ તેમણે જણાવ્યું હતું. જ્યાં ડોકટરે સાત જણને મૃત જાહેર કર્યા હતા. વડા પ્રધાન મોદીએ ઘટના અંગે શોક વ્યક્ત કરી મૃતકના વારસદારોને રૂા. બે લાખ અને ઘાયલને રૂા. ૫૦ હજાર નાં વળતરની જાહેરાત કરી હતી. મુખ્ય પ્રધાન એકનાથ શિંદેએ પ્રત્યેક મૃતકના કુટુંબીજનને રૂા. પાંચ લાખની સહાયની જાહેરાત કરી હતી. આગમાં ઘાયલ થયેલા લોકોને સરકારી ખર્ચે સારવાર કરવામાં આવશે એમ તેમણે જણાવ્યું હતું.

# ઇસરોએ ગગનયાન માટે એસ્ટ્રોનટ્સ પણ પસંદ કર્યા

। નવી દિલ્હી, તા.૬ ।

ચંદ્રયાનની સફળતા પછી ઈસરો હવે ગગનયાનની તૈયારી કરી રહ્યું છે. ઈસરોએ તે માટે 'એસ્ટ્રોનટ્સ' પણ ચૂંટી કાઢ્યા છે. જો કે સ્પેસ એજન્સીએ આ અંગે કશું કહ્યું નથી પરંતુ ભારતીય વાયુસેનાના એક વિડિયો ઉપરથી આ અંગેનો સંકેત મળી રહ્યો છે. આઈએએફ દ્વારા તેની ૯૧મી જયંતિએ માઈક્રો બ્લોગિંગ પ્લેટફોર્મ "એક્સ" ઉપર (પૂર્વેના ટ્વિટર) ઉપર એક વિડિયો વહેતો મુક્યો છે. ૧૧ મિનિટ્સના આ વિડિયોમાં વાયુસેનાની સિદ્ધિઓ વર્ણવવામાં આવી છે. મહત્ત્વની વાત તે છે કે આ વિડિયોમાં વાયુસેનાના ૩ જવાનોની ઝલક પણ દર્શાવાઈ છે. કે જેમને 'ગગનયાન' માટે ચુંટી કઢાયા છે. આ ત્રણે જવાનો તે માટે તૈયારીઓ કરતા દેખાય છે. જો કે, સુરક્ષાની દ્રષ્ટિએ એસ્ટ્રોનટસના નામ કે અન્ય કોઈ ઓળખાણ જાહેર કરાયા નથી. ઈસરોએ જણાવ્યું છે કે, બેંગલુરૂ પાસેની એસ્ટ્રોનેટ્સ ટ્રેનિંગ ફેસિલીટીમાં તમામ સુવિધાઓ ઉપલબ્ધ છે. એસ્ટ્રોનોટ્સ માટેના મોડયુલમાં શૈક્ષણિક પાઠયક્રમ, ગગનયાન ઉડાણ પ્રણાલી, પેરાબોલિક ઉડાણોના માધ્યમથી સૂક્ષ્મ ગુરૂત્વાકર્ષણનો પરિચય, એરો મેડિકલ પ્રશિક્ષણ, વાપસી અને પુનર્વાસ પ્રશિક્ષણ (ટ્રેનિંગ), ઉડ્ડયન પ્રક્રિયાઓમાં આવડત મેળવવી, ચાલકદલ પ્રશિક્ષણ, તથા સિમ્યુલેટર પરની ટ્રેનિંગ સામેલ છે. તે ઉપરાંત હવાઈ ચિકિત્સા ટ્રેનિંગ, આવધિક ઉડયન અભ્યાસ અને યોગને પણ સામેલ કરવામાં આવેલ છે. સૌથી મહત્ત્વની વાત તો તે છે કે ઈસરો આ મિશનમાં માનવ સુરક્ષા ઉપર ભાર મૂકે છે. સ્પેસ એજન્સી વધુમાં જણાવે છે કે, આ સાથે કેટલીયે આધુનિક ટેક્નીક વિકસિત કરાઈ રહી છે. ગગનયાન મિશન ૨૦૨૪માં લોન્ચ થશે તેમ મનાય છે. તે સાથે માનવીને અંતરિક્ષ મોકલનાર ભારત ચોથો દેશ હશે. આ સૂચિમાં રશિયા અમેરિકા અને

## વિશેષ

### સાયન્સ સિટી ખાતે 'ગુજરાતમાં દરિયાઇ જૈવવિવિધતા સંરક્ષણ' થીમ પર સેમિનાર યોજાયો

# વન્યજીવ સપ્તાહની ઉજવણી અંતર્ગત આ કાર્યક્રમનું કરાયું આયોજન

# જૈવવિવિધતાના મહત્વ અને સંરક્ષણ અંગે વિદ્યાર્થીઓને માહિતગાર કરાયા

અમદાવાદ સ્થિત સાયન્સ સિટી ખાતે રાષ્ટ્રીય વન્યજીવન સપ્તાહની ઉજવણી કરવામાં આવી રહી છે ત્યારે આ ઉજવણીના ભાગરૂપે આજે એક વિશેષ સેમીનારનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સેમિનાર ''ગુજરાતમાં દરિયાઇ જૈવવિવિધતા સંરક્ષણ'' થીમ પર યોજાયો હતો.

આ સેમિનારમાં છઁઝ્રઝ્રહ્લના ડૉ. એ.પી. સિંહે જૈવવિવિધતાના મહત્વ અને સંરક્ષણ માટેના સરકારી પ્રયાસો વિશે ચર્ચા કરી હતી અને શ્રી એન. એસ. યાદવે સ્વદેશી કૃષિ વનીકરણ પ્રજાતિઓનું મહત્વ સમજાવ્યું હતું. વધુમાં બંને મહાનુભાવોએ આ વિષય પર વિદ્યાર્થીઓ સાથે સંવાદ સાધ્યો હતો. વધુમાં, આ સેમિનારમાં જૈવવિવિધતાના મહત્વ અને સંરક્ષણ વિશે વિદ્યાર્થીઓને માહિતગાર કરાયા હતા. આ ઉપરાંત વ્હેલ શાર્ક સંરક્ષણની સફળતાની વાર્તા અને સ્થાનિક માછીમારોની ભાગીદારી વિશે પણ વાત કરવામાં આવી હતી. આ તમામ માર્ગદર્શન વાઈલ્ડલાઈફ ટ્રસ્ટ ઓફ ઈન્ડિયાના મેનેજર ફારુખ બ્લોચે પૂરું પાડ્યું હતું. જ્યારે સસ્ટેનેબલ ઈકોલોજી ફાઉન્ડેશનના ડાયરેક્ટર ડો. ભાવિક પટેલે મેન્ગ્રોવના મહત્વ અને તેના પુનઃસ્થાપન વિશે માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.

અત્રે ઉલ્લેખનીય છે કે, ગુજરાત સાયન્સ






સિટીમાં તા. ૨ થી ૮ ઓક્ટોબર ૨૦૨૩ સુધી વન્ય જીવ સપ્તાહની ઉજવણી થઈ રહી છે જેમાં ખૂબ મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ ભાગ લઈ રહ્યા છે. ઉલ્લેખનીય છે કે, ગીર ફાઉન્ડેશન દ્વારા વન્યજીવ સપ્તાહ નિમિત્તે પ્રતિવર્ષ વન્યજીવ સંરક્ષણ અને લોકજાગૃતિ કેળવવા માટે વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે. આ વર્ષે ગીર ફાઉન્ડેશન દ્વારા વન્યજીવ સપ્તાહ નિમિત્તે ફોટોગ્રાફી કોમ્પિટિશનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કોમ્પિટિશનમાં પાંચ કેટેગરીમાં ૨૮૦થી વધુ ફોટો મળ્યાં હતાં. જેમાંથી પસંદ કરાયેલા ફોટોગ્રાફસ આ પ્રદર્શનમાં પ્રદર્શિત કરવામાં આવ્યાં છે. ઉપરાંત ગુજરાતના જાણીતા એવા ૩૦ જેટલા પ્રતિષ્ઠિત તસ્વીરકારો દ્વારા લેવાયેલા દુર્લભ-સુંદર ફોટોગ્રફસ પણ આ પ્રદર્શનમાં સામેલ કરાયા છે.

આ પ્રસંગે પીસીસીએફ- વાઈલ્ડ લાઈફ શ્રી નિત્યાનંદ શ્રીવાસ્તવ, એડીજી ઓફ પોલીસ શ્રી નરસિમ્હા કોમર, ગીર ફાઉન્ડેશનના નાયબ નિયામક શ્રી આર.પી.ગેલોત, શ્રી આર.બી.સોલંકી તેમજ તારક મહેતા ફેમ ટપુ - શ્રી ભવ્ય ગાંધી સહિત વન વિભાગના ઉચ્ચ અધિકારીઓ ઉપસ્થિતિ રહ્યાં હતાં. આ પ્રસંગે પીસીસીએફ- વાઈલ્ડ લાઈફ શ્રી નિત્યાનંદ શ્રીવાસ્તવ, એડીજી ઓફ પોલીસ શ્રી નરસિમ્હા કોમર, ગીર ફાઉન્ડેશનના નાયબ નિયામક શ્રી આર.પી.ગેલોત, શ્રી આર.બી.સોલંકી તેમજ તારક મહેતા ફેમ ટપુ - શ્રી ભવ્ય ગાંધી સહિત વન વિભાગના ઉચ્ચ અધિકારીઓ ઉપસ્થિતિ રહ્યાં હતાં.

## ન્યૂઝ બ્રિફ

### ભૂજના નારાણપર ગામના ખેડૂત સાથે કરોડો રુપિયાની છેતરપિંડી થઇ

। કચ્છ, તા.૭ ।

કચ્છ જિલ્લાના ભૂજના નારાણપર ગામના ખેડૂત સાથે કરોડો રુપિયાની છેતરપિંડી થઈ છે. ખેડૂતને તેની જમીનમાં મોબાઈલ ટાવર નાખવાની લાલચ આપીને કરોડો રુપિયા પ ડાવી લેવામાં આવ્યા છે.ત્યારે પોલીસે દિલ્હી અને ઓડિશાના ૬ લોકો સામે આ છેતરપિંડી કરવાનો ગુનો નોંધ્યો છે અને વધુ કાર્યવાહી હાથ ધરી છે. કચ્છ જિલ્લાના ભૂજના નારાણપર ગામના ખેડૂત સાથે કરોડો રુપિયાની છેતરપિંડી થઈ છે. ખેડૂતને તેની જમીનમાં મોબાઈલ ટાવર નાખવાની લાલચ આપીને કરોડો રુપિયા પડાવી લેવામાં આવ્યા છે.ત્યારે પોલીસે દિલ્હી અને ઓડિશાના ૬ લોકો સામે આ છેતરપિંડી કરવાનો ગુનો નોંધ્યો છે અને વધુ કાર્યવાહી હાથ ધરી છે. ભૂજના નારાણપર ગામના ખેડૂત દિલ્હી અને ઓડિશાના કેટલાક લોકોની વાતોમાં આવીને છેતરપિંડીના ભોગ બન્યા છે. આરોપીઓએ ખેડૂતને તેની જમીન પર મોબાઈલ ટાવર લગાવવાની ઓફર આપી હતી.જેના બદલામાં ખેડૂતને મોટી રકમ મળશે તેવી લાલચ આપવામાં આવી હતી. જો કે લાલચ આપીને આ શખ્શોએ ખેડૂત પાસેથી રૂ.૬.૪૭ કરોડ પડાવ્યા હતા.

### સુરતના માંગરોળના પીપોદરા ગામે ચોરીનો બનાવ નોંધાયો

। સુરત, તા.૭ ।

સુરતના માંગરોળના પીપોદરા ગામે ચોરીનો બનાવ નોંધાયો છે. ક્રિષ્ના એસ્ટેટ ફાર્મ હાઉસમાં ચોરીની ઘટના થઈ છે. ઓફિસના પાછળના ભાગે ગ્રીલ તોડીને તસ્કરો ઓફિસમાં ઘૂસ્યા હતા અને ચોરીની ઘટનાને અંજામ આપ્યો હતો. ફાર્મ હાઉસની ઓફિસમાથી લાખો રુપિયાની ચોરી થયાનુ માનવામાં આવી રહ્યુ છે. ઘટનાને પગલે સ્થાનિક પોલીસનો કાફલો સ્થળ પર પહોંચ્યો છે અને ચોરી અંગે પ્રાથમિક વિગતો એકઠી કરી છે. સુરતના માંગરોળના પીપોદરા ગામે ચોરીનો બનાવ નોંધાયો છે. ક્રિષ્ના એસ્ટેટ ફાર્મ હાઉસમાં ચોરીની ઘટના થઈ છે. ઓફિસના પાછળના ભાગે ગ્રીલ તોડીને તસ્કરો ઓફિસમાં ઘૂસ્યા હતા અને ચોરીની ઘટનાને અંજામ આપ્યો હતો. ફાર્મ હાઉસની ઓફિસમાથી લાખો રુપિયાની ચોરી થયાનુ માનવામાં આવી રહ્યુ છે. ઘટનાને પગલે સ્થાનિક પોલીસનો કાફલો સ્થળ પર પહોંચ્યો છે અને ચોરી અંગે પ્રાથમિક વિગતો એકઠી કરી છે. ફાર્મ હાઉસમાંથી મોટી ચોરી થઈ હોવાની આશંકાને પગલે સુરત પોલીસે તપાસનો ધમધમાટ શરુ કર્યો છે. એફએસએલની ટીમ અને ડોગ સ્ક્વોડની ટીમને પણ બોલાવાની તપાસ શરુ કરી છે. આ ઉપરાંત ફિંગરપ્રીન્ટની પણ તપાસ શરુ કરવામાં આવી છે.

## સુરતના ઉધનાની ઘટના

# જાહેરમાં યુવકે રીક્ષા ચાલકને બેલ્ટ વડે ફટકાર્યો

**ઓટો રીક્ષા તેની મોપેડને અડી ગઈ હતી, ઓટોરીક્ષા ચાલક અને આરોપી વચ્ચે બોલચાલ બાદ માથાકૂટ થઈ હતી**

। સુરત, તા.૭ ।

સુરતના ઉધના-ભાઠેના વિસ્તારમાં ઓટો-રિક્ષા ચાલકને વગર કોઈ કારણ જાહેરમાં ઢોર માર મારી ફટકારતા હોવાનો વિડીયો વાયરલ થયા બાદ ઉધના પોલીસે ગણતરીના કલાકોમાં જ આરોપીને ઝડપી શાન ઠેકાણે લાવી દીધી હતી. પૂછપરછ જાણવા મળ્યું હતું કે, આરોપી પોતાની સોસાયટીમાંથી મોપેડ લઈ નીકળી રહ્યો હતો તે વખતે નજીકમાંથી પસાર થતી ઓટો રીક્ષા તેની મોપેડને અડી ગઈ હતી. ઓટોરીક્ષા ચાલક અને આરોપી વચ્ચે બોલચાલ બાદ માથાકૂટ થઈ હતી. બાદમાં આરોપીએ ઓટો રીક્ષા ચાલકને ઢીકમુક્કી અને બેલ્ટ વડે જાહેરમાં ફટકાર્યો હતો. આરોપી દ્વારા કરવામાં આવેલી મારપ ીટનો સમગ્ર વીડિયો સીસીટીવીમાં કેદ થઈ ગયો હતો. જેના ફૂટેજ સોશિયલ મીડિયા પર પણ વાયરલ થઈ રહ્યા હતાં. આ મારનો ભોગ બનેલા રીક્ષા ચાલક દિપકચંદ્ર ભરતીએ ઉધના પોલીસ મથકમાં આ મામલે ફરિયાદ નોંધાવી હતી. ઓટોરીક્ષા ચાલક દીપકચંદ્ર ભરતીના શરીર પર ઈજાના ગંભીર નિશાનો પણ મળી આવ્યા હતાં. આ સાથે તેઓને સુરત સિવિલ હોસ્પિટલ ખાતે સારવાર લેવાની પણ ફરજ પ ડી હતી. બીજી તરફ ઉધના પોલીસ દ્વારા પણ ઓટોરીક્ષા ચાલકની ફરિયાદ લઈ તપાસ હાથ ધરવામાં આવી હતી. જ્યાં સ્થાનિક સીસીટીવી ફૂટેજ મળ્યા હતાં ત્યાંની ચોક્કસ માહિતીના



આધારે ભાઠેના વિસ્તારમાં આવેલી અમન સોસાયટીના મકાન નંબર ૧૧૯ માં રહેતા આમિર અબ્દુલ રહેમાન શેખને પોલીસે ઝડપી પાડ્યો હતો. પોલીસ પૂછપરછમાં તેણે જણાવ્યું હતું કે પોતે સોસાયટી બહાર પોતાની મોપેડ લઈ આવી રહ્યો હતો તે દરમિયાન સામેથી આવી રહેલી ઓટો રીક્ષા સાથે તેની મોપેડ અડી ગઈ હતી. જે સામાન્ય બાબતે તેણે ઓટોરિક્ષા ચાલક જોડે ગાળાગાળ અને માથાકૂટ કરી હતી. જે બાદ બંને વચ્ચે થયેલી માથાકૂટમાં પોતે ઢીકમુક્કી અને બેલ્ટ કાઢી માર માર્યો હોવાની કબૂલાત પોલીસ સમક્ષ કરી હતી. ઉધના પોલીસે પણ ગણતરીના કલાકોમાં જ આરોપીને જેલના સળિયા પાછળ ધકેલી શાન ઠેકાણે લાવી દીધી હતી. હાલ આ મામલે ઉધના પોલીસે આગળની કાર્યવાહી હાથ ધરી છે.

## સુરતની લવ જેહાદની ઘટના

# સુરતમાં સગીરા સાથે દુષ્કર્મ આચરી ધર્મ પરિવર્તન કરાવ્યું

**હિન્દુ યુવતીઓને ફસાવવા પૈસા મળતા હોવાની આરોપીની કબૂલાત**
**રિઝવાન ગફારે કરણ નામ ધારણ કરીને હિન્દુ યુવતીનું કરાવ્યું ધર્મપરિવર્તન**

। સુરત, તા.૭ ।

સુરતમાં લવ જેહાદને લઈ સૌથી મોટા સમાચાર સામે આવ્યા છે. સુરતના પાંડેસરા વિસ્તારમાં એક સગીરા સાથે દુષ્કર્મ આચરી જબરદસ્તીથી ધર્મ પરિવર્તન કરાયું હોવાનું ખૂલ્યું છે. આ અંગે પાંડેસરા પોલીસ સ્ટેશમાં ફરિયાદ નોંધાઈ છે. આરોપીએ પોતાનું નામ બદલી સગીરાને પોતાના પ્રેમજાળમાં ફસાવી હતી. આરોપી રિઝવાન ગફારે પોતાનું નામ કરણ રાખી સગીરા ફસાવી હતી. સગીરાને દિલ્હીમાં લઈ જઈ તેની સાથે દુષ્કર્મ આચર્યુ હતું. તેમજ દિલ્હીમાં જબરજસ્તી ધર્મ પરિવર્તન કરાવી માનસિક ત્રાસ આપતો હતો. ત્યારે સમગ્ર ભાંડો ખૂલ્યો છે. સુરતમાં લવ જેહાદનો ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે..જેમાં પૈસા લઈને વિધર્મીએ એક સગીરાને ફસાવી. જી હાં, આંચકો લાગે તેવી આ ઘટના બિલકુલ સાચી છે. પૈસાની લાલચમાં વિધર્મીએ એક નહીં અનેક હિંદુ યુવતીઓને ફસાવી. સુરતના પાંડેસરાની પીડિતાને તેના કહેવાતા પ્રેમીની કરતૂતની જાણ થતાં આખો મામલો પ્રકાશમાં આવ્યો.. આખી ઘટના વિગતે જોઈએ તો,



પોલીસની પકડમાં આવેલા રિઝવાન ગફાર નામના વિધર્મીએ પહેલા હિંદુ સગીરા સાથે મીઠી મીઠી વાતો કરી, તેને પ્રેમજાળમાં ફસાવી.. આ ષડયંત્રને અંજામ આપવા તેણે પોતાનું નામ કરણ રાખી દીધું. દીકરીને ભોળવીને તે દિલ્લી લઈ ગયો અને દુષ્કર્મ આચર્યું. ત્યાં સુધી કે સગીરાનું ધર્મ પરિવર્તન કરાવી દીધું. કિશોરી એ એક વર્ષ બાદ પુત્રી ને જન્મ આપતા વિધર્મી રિઝવાને પોત પ્રકાશ્યું...યુવતી સામે સમગ્ર હકીકત આવતા યુવતી હેબતાઈ ગઈ..વિધર્મી યુવક ના અન્ય હિન્દૂ યુવતી સાથે સબંધ હોવાનું સામે આવ્યું...યુવતીએ યુવકનો પ્રતિકાર કરતા યુવકે યુવતીને ધમકી આપી... વિધર્મીએ તો ત્યાં સુધી ખુલાસો કર્યો કે, હિંદુ છોકરીઓને ફસાવવાના તેને પૈસા મળતા હતા...એટલું જ નહીં આરોપીના મોબાઈલમાંથી ધર્મ પરિવર્તનને લગતું સાહિત્ય મળી આવ્યું છે. અને સુરતની જેમ જ મુંબઈમાં પણ આરોપીએ યુવતીને ફસાવી હતી. આ કિસ્સો આ વર્ષે જ રિલીઝ થયેલી ફિલ્મ કેરાલા સ્ટોરીની યાદ અપાવી રહ્યો છે. જ્યાં આવી જ રીતે ધર્મ પરિવર્તન કરાવાતું હતું. જરૂર છે આવા ઈસમો સામે પગલાં લેવાની અને તેમને સબક શિખવવાની. સુરતની લવ જેહાદની ઘટનામાં ચોંકાવનારો ખુલાસો થયો છે. હિન્દુ યુવતીઓને ફસાવવા માટે પૈસા મળતા હોવાની આરોપીએ કબૂલાત કરી. આરોપી રિઝવાન ગફારે કરણ નામ ધારણ કરીને હિન્દુ યુવતીનું ધર્મપરિવર્તન કરાવ્યુ.

## હડકાયા શ્વાને ૧૨ લોકોને ભર્યા બચકાં

# જામનગરના લાલપુરમાં રખડતા શ્વાનનો આતંક યથાવત જારી

**શ્વાને બાળકો અને યુવકોના મોઢા અને શરીરના અન્ય ભાગે બચકાં ભર્યા, એક યુવકને આંખ પર જ બચકું ભર્યુ**

। જામનગર, તા.૭ ।

જામનગરના લાલપુરમાં રખડતા શ્વાનનો આતંક સામે આવ્યો છે. એક જ રાતમાં એક ૧૨ લોકોને શ્વાને બચકાં ભરી લેતાં લોકોમાં ભયનો માહોલ છવાઈ ગયો છે. લાલપુરમાં હડકાયા શ્વાને ૧૨ લોકોને બચકાં ભરતાં લોહીલુહાણ હાલતમાં હોસ્પિ ટલમાં લઈ જવાયા હતા. જેમાં સૌથી વધુ બાળકોનો સામેલ છે. હડકાયા શ્વાને બાળકો અને યુવકોના મોઢા અને શરીરના અન્ય ભાગે બચકાં ભર્યા છે. એક યુવકને તો આંખ પર જ બચકું ભર્યુ છે.

રાજ્યમાં દિવસે દિવસે રખડતા શ્વાનનો અને રખડતા ઢોરનો આતંક વધતો ગયો છે તો રખડતા શ્વાનનો આતંક જામનગરમાં પણ જોવા મળ્યો છે. જામનગરના લાલપુરમાં રખડતા શ્વાનનો આતંક સામે આવ્યો છે. એક જ રાતમાં એક ૧૨ લોકોને શ્વાને બચકાં ભરી લેતાં લોકોમાં ભયનો માહોલ છવાઈ ગયો છે.

લાલપુરમાં હડકાયા શ્વાને ૧૨ લોકોને બચકાં ભરતાં લોહીલુહાણ હાલતમાં હોસ્પિટલમાં લઈ જવાયા હતા. જેમાં સૌથી વધુ બાળકોનો સામેલ છે.

હડકાયા શ્વાને બાળકો અને યુવકોના મોઢા અને શરીરના અન્ય ભાગે બચકાં ભર્યા છે. એક યુવકને તો આંખ પર જ બચકું ભર્યુ છે. આતંક મચાવનાર શ્વાનને પકડવા તંત્ર કામે



લાગ્યું છે. બીજી તરફ શહેરીજનોમાં ભય ફેલાયો છે. રાજ્યમાં દિવસે દિવસે રખડતા શ્વાનનો અને રખડતા ઢોરનો આતંક વધતો ગયો છે તો રખડતા શ્વાનનો આતંક જામનગરમાં પણ જોવા મળ્યો છે. જામનગરના લાલપુરમાં રખડતા શ્વાનનો આતંક સામે આવ્યો છે. એક જ રાતમાં એક ૧૨ લોકોને શ્વાને બચકાં ભરી લેતાં લોકોમાં ભયનો માહોલ છવાઈ ગયો છે. લાલપ ુરમાં હડકાયા શ્વાને ૧૨ લોકોને બચકાં ભરતાં લોહીલુહાણ હાલતમાં હોસ્પિ ટલમાં લઈ જવાયા હતા. જેમાં સૌથી વધુ બાળકોનો સામેલ છે. હડકાયા શ્વાને બાળકો અને યુવકોના મોઢા અને શરીરના અન્ય ભાગે બચકાં ભર્યા છે. એક યુવકને તો આંખ પર જ બચકું ભર્યુ છે. આતંક મચાવનાર શ્વાનને પ કડવા તંત્ર કામે લાગ્યું છે. બીજી તરફ શહેરીજનોમાં ભય ફેલાયો છે. રાજ્યમાં દિવસે દિવસે રખડતા શ્વાનનો અને રખડતા ઢોરનો આતંક વધતો ગયો છે તો રખડતા શ્વાનનો આતંક જામનગરમાં પણ જોવા મળ્યો છે. જામનગરના લાલપુરમાં રખડતા શ્વાનનો આતંક સામે આવ્યો છે. એક જ રાતમાં એક ૧૨ લોકોને શ્વાને બચકાં ભરી લેતાં લોકોમાં ભયનો માહોલ છવાઈ ગયો છે. લાલપ ુરમાં હડકાયા શ્વાને ૧૨ લોકોને બચકાં ભરતાં લોહીલુહાણ હાલતમાં હોસ્પિ ટલમાં લઈ જવાયા હતા. જેમાં સૌથી વધુ બાળકોનો સામેલ છે. હડકાયા શ્વાને બાળકો અને યુવકોના મોઢા અને શરીરના અન્ય ભાગે બચકાં ભર્યા છે. એક યુવકને તો આંખ પર જ બચકું ભર્યુ છે. આતંક મચાવનાર શ્વાનને પ કડવા તંત્ર કામે લાગ્યું છે. બીજી તરફ શહેરીજનોમાં ભય ફેલાયો છે. લાલપ ુરમાં હડકાયા શ્વાને ૧૨ લોકોને બચકાં ભરતાં લોહીલુહાણ હાલતમાં હોસ્પિ ટલમાં લઈ જવાયા હતા. જેમાં સૌથી વધુ બાળકોનો સામેલ છે. હડકાયા શ્વાને બાળકો અને યુવકોના મોઢા અને શરીરના અન્ય ભાગે બચકાં ભર્યા છે. એક યુવકને તો આંખ પર જ બચકું ભર્યુ છે. આતંક મચાવનાર શ્વાનને પ કડવા તંત્ર કામે લાગ્યું છે. બીજી તરફ શહેરીજનોમાં ભય ફેલાયો છે.

## જુનિયર ક્લાર્કની પરીક્ષાના ઉમેદવારો માટે નિર્ણય

# VMC જુનિયર ક્લાર્ક Exam: ફોર્મ રદ થયેલા ઉમેદવારોની ફી પરત કરાશે

। વડોદરા, તા.૭ ।

વડોદરા મહાનગરપાલિકાની જુનિયર ક્લાર્કની પરીક્ષાના ઉમેદવારો માટે નિર્ણય લેવામાં આવ્યો છે. જેમાં ઘણા ઉમેદવારોના ફોર્મ રદ થયા છે. આવા ઉમેદવારો માટે મોટા સમાચાર સામે આવ્યા છે. હવે રદ થયેલ ફોર્મ બદલ ઉમેદવારને ફીના રૂપિ યા પરત અપાવામાં આવશે. અલગ અલગ કારણોસર ૯૪૫૪ ઉમેદવારોના ફોર્મ રદ થયા છે. ત્યારે ૯૪૫૪ ઉમેદવારોના ફી પેટે રૂ.૨૨ લાખ કરતા વધુની રકમ પરત કરવામાં આવશે. રદ થયેલા ઉમેદવારોના ખાતામાં ૧૫ દિવસમાં રૂપિ યા જમા થશે. આ માટે ઉમેદવારોએ નાણા પરત મેળવવા બેંકની વિગત આપવાની રહેશે. તેમ સત્તાવાર રીતે સામે આવ્યું છે. નોંધનીય છે કે જુનિયર ક્લાર્કની પરીક્ષા માટે ૧ લાખ કરતા વધુ ઉમેદવારોએ ફોર્મ ભર્યા હતા.પાલિકાએ ઉમેદવારો માટે સંવેદનશીલ નિર્ણય કર્યો છે. જુનિયર ક્લાર્કની પરીક્ષા માટે ૧,૧૮,૭૪૬ ફોર્મ ભરાતા કોર્પોરેશનને ૨.૬૩ કરોડની આવક થઈ છે. જેમાં બાકીની રકમ ૧૫ દિવસમાં સીધા બેક ખાતામાં રૂપિયા પરત આપી દેવામાં આવશે. નોંધનીય છે કે જુનિયર ક્લાર્કની પરીક્ષા માટે ૧ લાખ કરતા વધુ ઉમેદવારોએ ફોર્મ ભર્યા હતા. પાલિકાએ ઉમેદવારો માટે સંવેદનશીલ નિર્ણય કર્યો છે. જુનિયર ક્લાર્કની પરીક્ષા માટે ૧,૧૮,૭૪૬ ફોર્મ ભરાતા કોર્પોરેશનને ૨.૬૩ કરોડની આવક થઈ છે. જેમાં બાકીની રકમ ૧૫ દિવસમાં સીધા બેક ખાતામાં રૂપિયા પરત આપી દેવામાં આવશે.







માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨